કિં. ₹૨૦/-
પાના નં-૧

ઓગસ્ટ-સપ્ટેમ્બર
૨૦૧૭

સળંગ અંક:૭૨
વર્ષ : ૧૨

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com


તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID


સરસ્વતી સન્માન સમારોહ - ભુજ


અંજાર સમાજ વાડી નવનિર્માણ
પાયા વિધિથી લોકાર્પણ ૩૬૫ દિવસ..!




પાંગરતી પ્રશિક્ષિત પ્રતિભા...૭ | જ્યોતિર્લિંગ- મલ્લિકાર્જુનસ્વામિ ...૩૪ | વધુ પડતા વજનની સમસ્યા ...૩૬

# with blessings of
# VIJAYBHAI JETHALAL SONI



CA JAYMEET SONI,
SON OF VIJAYBHAI JETHALAL SONI
HAS ACHIEVED A MILESTONE BY
ADDING
"CHARTERED ACCOUNTANT"
TO HIS NAME AS A PREFIX. WE BLESS
HIM TO HAVE HIS STEPS TOWARDS
GROWTH, PROSPERITY &
HUMANITY BY HIS DEDICATION,
SELF BELIEF AND JUDGEMENT
THEREBY MAKING THE ENTIRE
FAMILY PROUD

Congratulations:

- LATE JETHALAL JIVRAMBHAI SONI — DADA
- LILABEN JETHALAL SONi — DADI
- LATE VIJAYBHAI JETHALAL SONI — PAPA
- SMITABEN VIJAYBHAI SONI — MUMMY
- HENIL VIJAYBHAI SONI — BHAI

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૨ ● અંક : ૬

ઓગસ્ટ – સપ્ટેમ્બર '૧૭

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઇન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪ (રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫ (ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**

દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૯૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

આ અંકનો લીડ આર્ટીકલ "પાંગરતી પ્રશિક્ષિત પ્રતિભાઓ." આ લેખમાં, અમદાવાદ જ્ઞાતિ મંડળ પ્રમુખશ્રી જયમીન સોનીએ એક નવી 'પહેલ'ને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો છે. આ પહેલ છે, અત્ર તત્ર સર્વત્ર વસતા આપણા સમસ્ત જ્ઞાતિ પરિવારોમાં કેટલીક અને કેવીક યુવા પ્રતિભા પાંગરી રહી છે તેની વિગતોનું વ્યવસ્થિત સંકલન. આ સંકલનની પ્રથમ કડીમાં અમદાવાદ ઉપરાંત સાબરકાંઠા વિસ્તારમાં વસતા આપણા પરિવારોના શિક્ષિત અને વિવિધ વ્યવસાયોમાં પ્રગતિશીલ યુવાધનનો ટૂંકો પરિચય પ્રસ્તુત કર્યો છે. આ પરિચય સાથે એ યુવક - યુવતી વિષે વધુ વિગત જાણવા એનો સંપર્ક સુત્ર - મોબાઈલ નંબર પણ આપેલ છે. આ વિગતોનું સંકલન જ્ઞાતિ ગૌરવ બક્ષે તેવું ઉપરાંત અરસપરસ ઓળખ વૃધ્ધિનું પણ સબળ સાધન બનશે. આશા છે, આપણા સમાજના જ્ઞાતિ વડીલો અમદાવાદ જ્ઞાતિની આ પહેલને આવકારશે, એમના સમાજના પરિવારોને, એમના 'યુવાધન'ની વિગતો 'સેતુ'ને મોકલવા અનુરોધ કરશે. આ અંકમાં પ્રકાશિત યુવક યુવતીઓ વિષે વાત કરીએ તો કમ્પ્યુટર ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્સી અને સિવિલ / મિકેનિક એન્જિનિયરિંગ જેવા વિષયોમાં પણ આપણા યુવા વર્ગની રૂચિ ખાસ નજરે ચડે છે અને આ હકીકત સમાજની પ્રગતિશીલતાની દ્યોતક છે.

આપણા સમાજના સમસ્ત પરિવારોને 'સેતુ'નો નમ્ર અનુરોધ છે કે એમના પરિવારમાં જે કોઈ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત યુવક યુવતી હોય, તેમજ જે કોઈ આધુનિક પ્રકારના વ્યવસાયો સાથે સંકળાયેલ હોય તેવા યુવક - યુવતીઓનો પરિચય, પ્રકાશન હેતુ અવશ્ય મોકલે.

યુવા શક્તિની ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવે તો કેવા પ્રગતિશીલ પરિણામો મળી શકે છે તેનું એક ઉદાહરણ તાજેતરમાં અંજાર સમાજવાડી નવનિર્માણમાં જોવા મળ્યું. સમાજના યુવા નેતૃત્વે સમાજ વાડીનું પાયાવિધિથી લઈને લોકાર્પણ સાથેનું આ પડકારજનક કાર્ય માત્ર ૩૬૫ દિવસમાં પૂર્ણ કર્યું. 'જ્ઞાતિસેતુ' આ યુવા શક્તિને બિરદાવે છે.

સમસ્ત દેશમાં કાર્યરત આ યુવા શક્તિ સંકલિત થાય તો સમાજ ઉત્થાનમાં વધારે સારી ભૂમિકા ભજવી શકે તેમ છે. દેશભરના યુવા કાર્યકર્તાઓ પોતાના અનુભવ અને વિચારોનું પરસ્પર આદાન-પ્રદાન કરી શકે તે હેતુથી અમદાવાદ જ્ઞાતિ દ્વારા એક 'યુવા સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત આ અંકમાં આપેલ છે. સામાજીક યુવા પ્રવૃત્તિઓમાં આ સીમાચિહ્ન બની રહેશે તેવી આશા છે.

**– અતુલ સોની**

# હિંદુ ઇઝમ – (૧)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*હિંદુ ધર્મના પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન વાંચેલ શ્રી સ્વામિનારાયણ સંસ્થા બાપ્સ - બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા - દ્વારા બે વોલ્યુમમાં પ્રકાશિત ઉપર લખેલ ટાઈટલ ધરાવતી ગ્રંથ સમાન અંગ્રેજીમાં લખાયેલ બુકના પ્રકરણ-૧ થી ૪માં મેળવેલ માખણરૂપી સાર અહીં પીરસેલ છે.*

## પ્રકરણ-૧ : "સનાતન ધર્મ"

૧. પ્રાચીનકાળમાં સિંધુ નદીના પૂર્વ કિનારે વસવાટ કરનાર પર્શિયન લોકોને હિંદુ કહેવાતા.

૨. ગ્રીક લોકો સિંધુ નદીને 'ઇંડોસ' કહેતા અને ત્યારબાદ જ અંગ્રેજીમાં તે 'ઇંડસ' બની ગયું. અને તે પ્રદેશ 'ઇન્ડિયા' તેમજ તેના લોકો 'ઇન્ડિયન્સ' તરીકે ઓળખાવા લાગ્યા.

૩. હિંદુઓ મુળભૂત રીતે આર્ય તરીકે ઓળખાતા. તેઓનો ધર્મ આર્યધર્મ, માનવધર્મ, સનાતનધર્મ, વૈદિક ધર્મ અને આજે હિંદુ ધર્મ કહેવાય છે.

૪. સનાતન ધર્મ ભગવાન કહો કે દૈવી શક્તિ, તેમના દ્વારા ઋષિમુનિઓને જણાવવામાં આવ્યો. વેદોને શ્રુતિ કહેવાય છે. કારણકે તે પરમાત્મા દ્વારા ઋષિમુનિઓને મળેલ. તેઓએ વેદો તેમની સમાધિ અવસ્થામાં સાંભળેલ અને હૃદયથી યાદ રાખેલ. અને ત્યારબાદ તેઓએ તે મૌખિક રીતે તેમના વિદ્યાર્થીઓને આપેલ કે શીખવાડેલ.

૫. ઘણા હિંદુઓ માને છે કે દુનિયામાં વેદો સૌથી પુરાણા અને પવિત્ર ગ્રંથો છે, જે આજે પણ ઉચ્ચારવામાં આવે છે. આ વેદ શબ્દનું મૂળ સંસ્કૃતના "વિદ" માંથી આવે છે જેનો અર્થ થાય છે "જાણવું."

૬. સરસ્વતી નદી સિંધુ નદીની પૂર્વ તરફ આશરે ૩૦૦ કિ.મી.ના અંતરે વહેતી હતી. સિંધુ નદીને કિનારે જે સંસ્કૃતિ વિકાસ પામી તે સિંધુ (ઇંડ્સ) તરીકે અને સરસ્વતીના કિનારાની સંસ્કૃતિ તરીકે ઓળખાણી.

૭. "ઇંડ્સ" વેલીના વિકસિત શહેરો હરપ્પા અને મોહેન્જો-ડરોની સંસ્કૃતિની શોધ અનુક્રમે ઇ.સ. ૧૯૨૧ અને ૧૯૨૨માં થઈ. તેમના રસ્તાઓ પહોળા હતા, ગટર અને પાણીની વ્યવસ્થા તેમજ બે માળના મકાનો સ્વસ્તિકના ચિહ્નો ધરાવતા હતા અને મોટેભાગે યોગ મુદ્રામાં ભગવાન શિવ તેમજ અન્ય ભગવાનોના ચિત્રો અંકિત કરેલા હતા.

૮. મેક્ષમૂલરે ઇ.સ. ૧૮૯૦માં રજૂ કરેલ આર્યોના આક્રમણની થીયરી કહે છે કે વેદો ઇ.સ. પૂર્વે ૧૨૦૦ની સાલમાં અંકિત કરાયેલ હતા. ઇ.સ. ૧૯૪૪માં મોરટીમેર હરપ્પન સાઇટમાંથી મળેલ હાડપિંજરો પરથી આર્યોના આક્રમણ વિશે સાર તારવેલ. પરંતુ હજુ પણ ઘણા વિદ્વાનો આ આક્રમણની થીયરી વિરૂધ્ધ દલીલો કરે છે. આ થીયરીને આર્કિયોલોજીકલ - પુરાતત્ત્વના અને પવિત્ર હિંદુ ધર્મગ્રંથોના પુરાવાઓ છે. છતાં પણ, આ બાબતમાં બંને તરફી દલીલો જોરદાર રીતે ચાલી રહેલ છે.

## પ્રકરણ-૨ : હિંદુઓની મુળભૂત માન્યતાઓ (Core Beliefs of Hindus)

૧. અનેક માનતાઓમાંથી હિંદુ તરીકે ઓળખાતી દરેક વ્યક્તિ બે મુળભૂત બાબતોમાં માને છે. પ્રથમ તો તે અનેકરૂપે વિસ્તરતા પરમતત્ત્વ કે પરમાત્માના અસ્તિત્વને સ્વીકારે છે અને તેઓને તે વેદોના કર્તા માને છે.

૨. અન્ય મહત્ત્વના સિધ્ધાંતોમાં આવે છે અવતારવાદ, આત્મા, કર્મ, પુનર્જન્મ, મૂર્તિપૂજા, ગુરૂ-શિષ્ય પરંપરા, અહિંસા, ચાર પુરૂષાર્થો અને વર્ણાશ્રમ ધર્મ.

૩. અવતારવાદ એ સિધ્ધાંત છે કે ભગવાન મનુષ્ય કે અન્યરૂપે આવીને અનિષ્ટોનો નાશ કરે છે અને આત્માઓનો ઉધ્ધાર કરે છે.

૪. આત્મા દરેક જીવનું સત્ત્વ છે. તે જ સત્-ચિત્-આનંદ છે. અંગ્રેજીમાં તેને ઇટર્નલ (Eternal) કોન્સિયસનેસ (Consciousness) અને બ્લિસ (Bliss) કહે છે.

૫. કર્મ એટલે કોઈપણ શારીરિક, માનસિક કે ભાવનાત્મક કાર્ય. તે ઇશ્વર દ્વારા સંચાલિત છે, નહીં કે સ્વયંસંચાલિત સિસ્ટમ. ઇશ્વર કર્મના ફળની વહેંચણીની વ્યવસ્થા સંભાળે છે. પુનર્જન્મ કર્મના ફળનું સીધું જ પરિણામ છે.

૬. પુનર્જન્મ એટલે કે આત્મા તેના કર્મો અનુસાર વિવિધ યોનિઓમાં જીવન પ્રાપ્ત કરે છે. જેમાંથી મનુષ્ય તરીકેના જન્મને સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે.

૭. મૂર્તિપૂજાની પરંપરા તે માન્યતા પર આધારિત છે કે ભગવાનને દિવ્ય મનુષ્ય રૂપ કે અન્ય રૂપો છે. જેવી રીતે સર્જનો અનેક પ્રકારના હોય છે તેવી જ રીતે સર્જનકર્તાના પણ અનેક રૂપો છે. મૂર્તિપૂજા અભિલાષીને તેનું મન અને જ્ઞાનેન્દ્રિયોને પરમાત્મા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં સહાય કરે છે.

૮. ઇશ્વરનો સાક્ષાત્કાર પામેલ ગુરૂ શિષ્યને માર્ગદર્શન આપે છે અને માયાના બંધનોમાંથી છોડાવીને આ સંસાર તેમજ તેના પછીના જન્મમાં અર્થસભર જીવન વ્યતીત કરવા માટે તૈયાર કરે છે. ગુરૂ-શિષ્ય પરંપરા હિંદુ ધર્મનું એક વિશિષ્ટ પાસું છે.

૯. અહિંસા એટલે મન, વચન અને કર્મથી પણ હિંસા નહીં. હિંદુઓ માને છે કે દરેક જીવો ઇશ્વર નિર્મિત છે અને તેઓ જ તેમાં સર્વવ્યાપી છે.

૧૦. ચાર પુરૂષાર્થો એટલે કે મનુષ્ય જીવનના ચાર લક્ષ્યો. તે સમયના ઋષિમુનિઓએ બ્રહ્મચારીઓ, ગૃહસ્થીઓ તેમજ સંયમી, તપસ્વી, વિરક્ત કે યતિઓની જરૂરિયાતો સંપૂર્ણપણે

વિચારેલ હતી અને તે માટેનું વિગતવાર આયોજન તૈયાર કરેલ હતું. તેઓએ ગૃહસ્થીઓને ચાર પુરૂષાર્થો એટલે કે ચાર લક્ષ્યોમાં ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષની મનોકામના સેવવા માટે પ્રેરિત કરેલ તેમજ તપસ્વીઓને ધર્મ અને મોક્ષ પર તેમનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રોત્સાહિત કરેલ છે.

૧૧. વર્ણાશ્રમ ધર્મ એટલે કે હિંદુઓની તેમના (વર્ણ - Classes) વર્ગ તેમજ તેમની જીંદગીના ક્રમ (આશ્રમ - stages of life) પ્રમાણે તેમની ફરજો અને જવાબદારીઓની સમજ.

## પ્રકરણ ૩-૪ : હિંદુ શાસ્ત્રો - પવિત્ર ગ્રંથો (ભાગ-૧)

૧. હિંદુઓના પાયાના સિધ્ધાંતોના શાસ્ત્રો એટલે વેદો. તેઓ આને પરમાત્માના મુખેથી પ્રબુધ્ધ ઋષિમુનિઓને કહેવાયેલા દુનિયાના સૌથી પુરાણા અને પવિત્ર સિધ્ધાંતો માને છે. આ સિધ્ધાંતો શ્રુતિ શાસ્ત્રો તરીકે ઓળખાય છે. શ્રુતિ એટલે કે જે સાંભળવામાં આવેલ છે તે. આમાં વેદો (સંહિતાઓ), બ્રાહ્મણો, આરણ્યકાઓ અને ઉપનિષદોનો સમાવેશ થાય છે.

૨. વેદોમાંની ચાર સંહિતાઓ કે મંત્રોના સંગ્રહને સામાન્ય રીતે ચાર વેદો કહેવામાં આવે છે. જેમાં (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) સામવેદ અને (૪) અથર્વવેદ. ઋગ્વેદ સૌથી જુનો માનવામાં આવે છે. જેમાં કુદરતના દેવોને પ્રસન્ન કરવા માટેના શ્લોકો અને પ્રાર્થનાઓ છે.

૩. સંહિતાઓમાં ધાર્મિક વિધિ સંબંધી કે કર્મકાંડને લગતા સ્તોત્રો, ઋચાઓ કે દેવતાઓ વગેરેની છંદબધ્ધ સ્તુતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. બ્રાહ્મણોમાં યજ્ઞ વખતે બોલવાના મંત્રો આપેલ છે. આરણ્યકાઓ ધ્યાન ધરતી વખતે કરવામાં આવતા આધ્યાત્મિક ચિંતનને આવરે છે, જે બ્રાહ્મણોમાં લખેલ કર્મકાંડને લગતા મંત્રોથી ઉપનિષદોમાં આવતા દર્શનશાસ્ત્રને લગતા વિચારો તરફ ખસતા જણાય છે. આમ આરણ્યકાઓ વેદો અને ઉપનિષદો વચ્ચે કડીની ગરજ સારે છે. અંતમાં પરબ્રહ્મ, આત્મા, બ્રહ્માંડ તેમજ મોક્ષને લગતું જ્ઞાન ઉપનિષદોમાં છે.

૪. ઋગ્વેદમાંના કેટલાક વિચારો ઋતુઓ (કોસ્મિક ઓર્ડર), સત્ય કે નૈતિક (મોરલ ઓર્ડર), ઋણ કે ઉપકાર, ઉદ્ભવ કે રચનાને લગતા મંત્રો તેમજ પરમ આત્માને લગતી બાબતોની ચર્ચા કરે છે.

૫. અનુક્રમ તેમજ દાર્શનિક રીતે જોતાં વેદોનું અંતિમ ચરણ એટલે ઉપનિષદો. તેથી જ તેમને વેદાંત કહેવામાં આવે છે. કુલ આશરે બસ્સોથી પણ વધારે ઉપનિષદો છે, જેમાંની તેર તો સૌથી વધારે જૂની તેમજ પ્રચલિત છે. તેમાં પાયાનું જ્ઞાન તેમજ વૈદિક ફિલોસોફીનો સમાવેશ થાય છે.

## ભાગ-૨

૧. વેદો અને ઉપનિષદો પછી પ્રમાણભૂત શાસ્ત્રોમાં આવે છે. સ્મૃતિ શાસ્ત્રો જેમાં ધર્મશાસ્ત્રો, ઈતિહાસ, પુરાણો અને સુત્ર રચનાનો સમાવેશ થાય છે. સ્મૃતિ એટલે કે જે યાદ રાખવામાં આવેલ છે.

૨. ધર્મશાસ્ત્રો, મનુ, યજ્ઞવલ્કય, શંકા-લિખીતા, પરાશર, નારદ અને અન્યો દ્વારા અંકિત કરવામાં આવેલ છે. આમાં વ્યક્તિઓ, સમાજો અને રાજ્યો માટે વર્તનને લગતા નિયમો દર્શાવવામાં આવેલ છે. જેમાં ધાર્મિક, સામાજિક, રાજકીય અને કાયદાકીય બાબતોના નિયમો જણાવાયેલ છે. સ્મૃતિઓ મનુષ્ય રચિત છે અને તે બદલાતા સંદર્ભોમાં વૈદિક સિધ્ધાંતોના અર્થઘટન દ્વારા માનવ વ્યવહારોને દિશાસૂચન પૂરૂં પાડે છે. પરિણામ સ્વરૂપે તેના નિયમો વિકસિત થયેલ છે અને તેમના કેટલાક પાસાઓ બદલાયેલ છે. આ લચીલાપણાની ક્ષમતા સમય જતાં લોકોની જડ કરી જતી પરંપરાગત ખામીઓ કે નબળાઈઓ સામે ટકવા માટે જરૂરી છે.

૩. ઈતિહાસમાં બે મહાકાવ્યોનો સમાવેશ થાય છે — મહાભારત અને રામાયણ. વાલ્મિકી ઋષિએ રામાયણની મુળ પ્રત લખેલ. તે ભગવાન રામના જીવન અને કાર્યનું કાવ્યમય વર્ણન છે. રામાયણ એક આદર્શ પુરુષ, પરિવાર, સમાજ અને રાજ્યના લક્ષણો ચિત્રિત કરે છે.

૪. વેદવ્યાસે લખેલ મહાભારતને હિંદુઓ પાંચમો વેદ માને છે. આ મહાકાવ્ય સારા અને નરસા, ન્યાય અને અન્યાય તેમજ ધર્મ અને અધર્મ વચ્ચેના યુધ્ધને જીવંત સ્વરૂપે રજૂ કરે છે. અંતમાં ધર્મનો જય થાય છે.

૫. મહાભારતનો એક ભાગ ભગવદ્ ગીતા એ કુરુક્ષેત્રના રણ મેદાનમાં કૃષ્ણ દ્વારા અર્જુનને અપાયેલ પવિત્ર ઉપદેશ છથે. ભગવાન કૃષ્ણ અર્જુનને ક્ષત્રિય તરીકે પોતાની ફરજનું પાલન કરવા સમજાવે છે. એટલે કે સત્યનો બચાવ કરવા માટે લડવું અને દુષ્ટોને સજા કરવી. તેઓ અર્જુનને જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગનું પ્રદાન કરે છે. અંતે અર્જુન હતાશામાંથી બહાર આવે છે, લડે છે અને જીતે છે.

૬. અઢાર મહાપુરાણો અને ઉપપુરાણો વેદવ્યાસે લખેલ છે. તેમાં વાર્તાઓ દ્વારા દેવો અને રાજાઓની વંશાવળી આપવામાં આવેલ છે. ભગવાનના અવતારોના કીર્તિગાન કરતાં કાવ્યો અને શીખ, ઈશ્વરવાદ, તેમની ભક્તિ અને ફિલોસોફી, મૂર્તિપૂજા, નૈતિકતા, ઉત્સવો, પૂજન-અર્ચન અને ઉજવણીઓ વિશેની વાર્તાઓ કહેવામાં આવેલ છે. તે વિશ્વની રચના કે ઉત્પત્તિ, નૈતિક જીવન, માનવ વ્યવહારોના કાયદાઓ, યાત્રાઓ, હોમ-હવન વખતે આપવાના બલિદાન કે ત્યાગ વગેરેનો પણ સમાવેશ કરે છે. ગુપ્ત વંશ સુધીના ભારત (ઇસવીસન પહેલાના ૩૨૦થી ૬૦૦ વરસ)ના ઈતિહાસ માટે આ પુરાણો એક અગત્યના સાહિત્યિક આધાર પૂરા પાડે છે.

***BAPS દ્વારા પ્રકાશિત અંગ્રેજી પુસ્તક "હિન્દુઇઝમ : ભાગ-૧"ના પ્રકરણ-૧થી ૪ના ભાવસંક્ષેપ***

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ આયોજીત

અખિલ ભારતીય મારૂ કંસારા સોની

# યુવા સંવાદ

**૧૨ નવેમ્બર, ૨૦૧૭**
**નળ સરોવર - અમદાવાદ**

પ્રિય યુવા જ્ઞાતિજનો,

આપણા સમાજનાં યુવક મંડળો સ્થાનીક કક્ષાએ સમાજલક્ષી કાર્યક્રમોમાં સારૂં યોગદાન આપે છે. સમાજ દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો, જેવા કે સમુહ લગ્ન, ધાર્મિક પાટોત્સવ. શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેમનું યોગદાન વિશેષ હોય છે. આ ઉપરાંત યુવક મંડળોએ રમત સ્પર્ધાઓ તથા નવરાત્રિ મહોત્સવ જેવા ભવ્ય કાર્યક્રમોમાં સફળતા મેળવી છે. સમાજનો યુવા વર્ગ વિપુલ શક્તિ ધરાવે છે. આ યુવા શક્તિ સંગઠીત થઈને રાષ્ટ્રીય કક્ષાએ પણ સમાજ ઉત્થાનનાં કાર્યો સુંદર રીતે કરી શકે તેમ છે.

સમાજનાં આરોગ્ય, શિક્ષણ, તાલિમ, રોજગાર, સાહિત્ય અને કલા તેમજ ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા ડેટાબેઝ સહિત વિવિધ પ્રશ્નો પર દેશનાં યુવા-અગ્રણીઓ વચ્ચે પરસ્પર વિચારો અને અનુભવોનું આદાન-પ્રદાન થઈ શકે તે હેતુથી અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા આગામી ૧૨મી નવેમ્બર ૨૦૧૭, રવિવારનાં રોજ અમદાવાદ નજીક આવેલ નળ સરોવરનાં નૈસર્ગિક-રમણીય વાતાવરણમાં 'યુવા-સંવાદ' શિર્ષક નીચે એક બૌધિક (બેઠક)નું આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં વસતા આપણી જ્ઞાતિનાં કાર્યરત વિવિધ યુવક મંડળોનાં સભ્યો, યુવા મહિલા કાર્યકરો, યુવા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ મહાનુભાવોને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓએ તા. ૩૧ ઑક્ટોબર ૨૦૧૭ સુધી રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. આયોજન કરવામાં સરળતા રહે માટે આ જરૂરી છે.

જયમીન સોની
પ્રમુખ,
શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

વધુ વિગત તથા રજીસ્ટ્રેશન માટે સંપર્ક:

| | | |
|---|---|---|
| અતુલ સોની | અમદાવાદ | ૯૭૨૫૦ ૩૮૧૪૦ |
| રાહુલ ચનાણી | ભુજ | ૯૮૭૯૬ ૧૦૯૩૯ |
| પ્રફુલ્લ કંસારા | નખત્રાણા | ૯૮૭૯૧ ૨૨૨૬૫ |
| શૈલેષ સોની | અંજાર | ૯૮૨૫૦ ૯૩૮૭૨ |
| ડોલર સાકરીયા | મુબઈ | ૮૧૦૮૮ ૧૯૯૨૭ |
| કૌશિક કટ્ટા | રાયપુર | ૯૪૦૬૧ ૨૧૩૯૯ |
| દિનેશ સોની | તલોદ | ૯૬૦૧૭ ૧૭૫૫૫ |

email:gnyatisetu@gmail.com

તારીખ : ૧૨ નવેમ્બર ૨૦૧૭
સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦
સ્થળ : 'સરોવર હિલ્સ', શાહપુર ગામ પાસે,
વીરમગામ બગોદરા હાઈવે,
નળ સરોવર, જી. અમદાવાદ



# પાંગરતી પ્રશિક્ષિત પ્રતિભાઓ

જયમીન સોની - અમદાવાદ

*આપણા સમાજમાં કન્યા કેળવણીનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે. શહેરો ઉપરાંત નાના નાના ગામડાંની દીકરીઓ પણ એમને ગમતા ક્ષેત્રમાં અભ્યાસ કરી પ્રગતિના પંથે આગળ વધી રહી છે. ઉચ્ચ શિક્ષણના આ ઊંચા પ્રમાણની સાથે સાથે આ દીકરીઓ સ્વનિર્ભર થવા વ્યવસાયિક ક્ષેત્રોમાં અભ્યાસ કરે છે તેમજ એમાં પોતાની કારકિર્દી બનાવવા ઉત્સુક છે. દા.ત. અમદાવાદના શ્રી ગીરીશભાઈ, જેઓ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત છે તેમના સુપુત્રી કુ. દિતીબેન તેમના પિતાશ્રીના વ્યવસાયને મેનેજમેન્ટનો ટચ આપી, વ્યવસાય પ્રગતિમાં સહયોગ આપવા પ્રયત્નશીલ છે.*

*શ્રી દિનેશભાઈ સોની - તલોદનું સૂચન હતું કે સમસ્ત ભારતમાં વસતા આપણા સમાજના પરિવારોમાં યુવા શિક્ષણ પ્રમાણ કેટલું છે તેનું દસ્તાવેજીકરણ થવું જોઈએ. આપણા સમાજના યુવાનો તેમજ યુવતીઓ કેટલું ભણ્યા છે તેમજ વ્યવસાય ક્ષેત્રે કેવીક પ્રગતિ કરી છે તેની ટૂંક નોંધ "સેતુ"માં પ્રકાશિત થાય તો તેનાથી વાચકોને લાભ થશે. એમના આ પ્રસ્તાવને અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી જયમીનભાઈ સોનીએ સહર્ષ વધાવી લઈ, માહિતી સંપાદિત કરેલ છે.*

*અમદાવાદ - સાબરકાંઠા વિસ્તારમાં વસતા શિક્ષિત યુવા - યુવતી પરિચયની પ્રથમ કડી અત્રે પ્રસ્તુત છે.*

*— અતુલ સોની*

## અમદાવાદ — (૧) તથા (૨)



**કુ. દેવી બીજલાણી**



**કુ. સપના બીજલાણી**

અમદાવાદ નિવાસી શ્રી રાજીવકુમાર અને દીપાબેન બીજલાણીની સુપુત્રીઓ કુ. દેવી અને કુ. સપના બંને સુશિક્ષિત છે. કુ. દેવીનો જન્મ ૨૧ ફેબ્રુઆરી, ૧૯૮૫ના રોજ તેમજ કુ. સપનાનો જન્મ ૨૩ સપ્ટેમ્બર, ૧૯૮૮ના રોજ અમદાવાદ મધ્યે થયો. કુ. દેવીએ બી.કોમ. ઉપરાંત કોમ્પ્યુટર શિક્ષણ મેળવ્યું છે. કુ. સપનાએ એમ.કોમ. કર્યું છે. કુ. દેવી હાલ અમદાવાદ સ્થિત શો-રૂમમાં કેશિયર તરીકે કાર્યરત છે. (મોબાઈલ સંપર્ક : ૯૪૨૬૩ ૪૦૯૬૧)

## અમદાવાદ — (૩)



અમદાવાદ નિવાસી શ્રી ગીરીશભાઈ કાંતિલાલ અને શ્રીમતી શોભનાબેનના સુપુત્રી કુ. દિતીનો જન્મ ૪ જુન, ૧૯૯૪ના રોજ થયેલ છે. તેઓ ભારતની વિખ્યાત સેપ્ટ યુનિવર્સિટીમાંથી બી.ટેક. ઑનર્સનો કોર્સ કરી રહ્યા છે. એના અગાઉ તેઓ આ યુનિવર્સિટીમાંથી જ કન્સ્ટ્રક્શન ટેકનોલોજીમાં સ્નાતક થયા છે. તેમની નેમ પિતાશ્રીના કન્સ્ટ્રક્શન વ્યવસાયને વધારવા કન્સ્ટ્રક્શન ક્ષેત્રે એમ.બી.એ. કરવાની છે. હાલમાં તેઓ CEPT યુનિવર્સિટીમાં Teaching Assistant તરીકે જોડાયા છે. (મોબાઈલ સંપર્ક : ૯૮૨૪૦ ૬૩૯૭૦)

## અમદાવાદ — (૪)



**કુ. શ્રેયા**

શ્રી કેતનભાઈ પરમાર અને રાજેશ્રીબેનના સુપુત્રી કુ. શ્રેયા બી.કોમ. થયેલા છે અને હવે અમદાવાદમાં કોમર્સ ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએશન કરી રહ્યા છે. એમનો જન્મ ૭ સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ થયેલ છે. (મો. સંપર્ક : ૯૮૨૫૨ ૩૪૫૬૭)

## અમદાવાદ — (૫)



**કુ. અંજલી સોની**

કુ. અંજલી સોનીએ અમદાવાદની પ્રખ્યાત સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી B.Sc. (Electronics) કર્યા બાદ અમદાવાદ યુનિવર્સિટીમાંથી ફાઈનાન્સ વિષય સાથે Master of Business Administration (MBA) ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. અમદાવાદ સ્થિત શ્રી અતુલ સોની (બગ્ગા) તથા શ્રીમતી હંસા સોનીની સુપુત્રી અંજલીનો જન્મ તા. ૧૩-૧૦-૧૯૯૨ના રોજ થયેલ છે. હાલમાં તેઓ અમદાવાદ સ્થિત સોફ્ટવેર કંપનીમાં Functional Consultant તરીકે કાર્યરત છે. (મોબાઈલ સંપર્ક : ૯૭૨૫૦ ૩૮૧૪૦)

## અમદાવાદ – (૬)



કુ. જય કટ્ટા

શ્રી વિજયભાઈ માધવદાસ કટ્ટા તથા સુશીલાબેન વિજયભાઈ કટ્ટાના સુપુત્ર ચિ. જય કટ્ટા B.Com. નો અભ્યાસ પૂર્ણ કરી હાલ C.A. (Final) માં છે. તેઓનો જન્મ તા. ૧૧-૧૨-૧૯૯૧ના રોજ થયેલ છે. હાલમાં તેઓ સી.એ. ફર્મમાં જોબ કરે છે.
(મોબાઈલ સંપર્ક : ૮૮૬૬૬ ૭૩૯૪૬)

## અમદાવાદ – (૭)



કુ. જય કટ્ટા

અમદાવાદ નિવાસી રોહિતભાઈ તથા લીનાબેન કટ્ટાના સુપુત્ર જયનો જન્મ ૧૫ માર્ચ, ૧૯૯૬ના રોજ અમદાવાદમાં થયો. ચિ. જય ઈન્ડસ યુનિવર્સિટીમાં MCA (માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન)ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેમજ સોફ્ટવેર પ્રોગ્રામિંગ અને વેબસાઈટ ડિઝાઈનિંગમાં કાર્યરત છે.

## અમદાવાદ – (૮)



કુલદીપ ઘડીયાળી

શ્રી જયેશભાઈ કલ્યાણજી સોલંકી (ઘડીયાળી) તથા સંધ્યાબેન જયેશભાઈના સુપુત્ર ચિ. કુલદીપનો જન્મ તા. ૧૮-૪-૧૯૯૪ના રોજ અમદાવાદ મધ્યે થયો. કુલદીપે B.C.A. નો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીમાંથી કરીને હાલમાં ક્રિએટીવ ફોટોગ્રાફી તથા સિનેમેટોગ્રાફીનો અભ્યાસ કેનેડામાં કરે છે.


## અમદાવાદ – (૯)



ધારા બીજલાની

અમદાવાદ નિવાસી શ્રી પ્રશાંતભાઈ શાંતિલાલ બીજલાની અને શ્રીમતી મધુબેનના સુપુત્રી કુ. ધારાનો જન્મ ૨ ડિસેમ્બર, ૧૯૮૯ના રોજ થયેલ છે. તેઓએ માસ્ટર ઈન HRM નો અભ્યાસ ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક એમ.એસ. યુનિવર્સિટીથી કર્યો છે. હાલમાં તેઓ ચાંગોદર સ્થિત લીમીટેડ કંપનીમાં એક્ઝીક્યુટીવ HR નો હોદ્દો ધરાવે છે.
(મોબાઈલ સંપર્ક : ૯૪૦૯૨ ૫૨૫૧૨)

## અમદાવાદ – (૧૦)



અમન બીજલાની

અમદાવાદ નિવાસી શ્રી પ્રશાંતભાઈ શાંતિલાલ બીજલાની અને શ્રીમતી મધુબેનના સુપુત્ર ચિ. અમનનો જન્મ ૫ જુન, ૧૯૯૪ના રોજ થયેલ છે. તેઓ હાલમાં અમદાવાદની સેપ્ટ યુનિ.માં બી.પ્લાન (નગર રચનાશાસ્ત્ર)નો અભ્યાસ કરે છે.
(મોબાઈલ સંપર્ક : ૯૪૦૯૨ ૫૨૫૧૨)

## અમદાવાદ – (૧૧)



અપૂર્વ મારૂ

કચ્છ ગામ ખોંભડીના હાલે અમદાવાદ નિવાસી શ્રી અરવિંદભાઈ ગોવિંદભાઈ મારૂ (પરમાર) અને કલ્પનાબેનના સુપુત્ર ચિ. અપૂર્વનો જન્મ તા. ૨૪-૧-૧૯૯૧ના રોજ થયેલ છે. તેમણે B.E. (Civil) ગવર્નમેન્ટ એન્જી. કોલેજ - ભુજથી પૂર્ણ કરીને M.Tech. (સ્ટ્રક્ચરલ એન્ડ ડિઝાઈનિંગ)નો અભ્યાસ અમદાવાદ સ્થિત CEPT યુનિ.માંથી પૂર્ણ કર્યો. હાલમાં તેઓ સ્ટર્લિંગ એન્જી. કન્સલ્ટન્સી - મુંબઈ સાથે કાર્યરત છે. ટુંક સમયમાં સ્વતંત્ર વ્યવસાય કરવાની ઈચ્છા ધરાવે છે.

## અમદાવાદ – (૧૨)



જય સોલંકી

અમદાવાદ નિવાસી શ્રી અશ્વિનભાઈ કલ્યાણજી સોલંકી અને ચંદ્રિકાબેનના સુપુત્ર જયનો જન્મ તા. ૭-૮-૧૯૯૮ના રોજ થયેલ છે. તેઓ હાલમાં T.Y.B.Com. માં અભ્યાસ કરે છે.
(મોબાઈલ સંપર્ક : ૯૪૨૯૪ ૬૧૦૦૮)

*We cannot always build a future for our Youth, but we can always build our Youth for the future.*

***– Franklin D. Roosevelt***

## અમદાવાદ – (૧૩)



દીપ સોલંકી

અમદાવાદ નિવાસી શ્રી નવીનભાઈ કલ્યાણજી સોલંકી અને મીનાબેનના સુપુત્ર ચિ. દીપનો જન્મ તા. ૭-૧૦-૧૯૯૫ના રોજ થયેલ છે. તેમણે B.Com. પૂર્ણ કરેલ છે અને હાલમાં તેઓ અદાણીમાં PMC માં ઑડિટર તરીકે કાર્યરત છે. (મોબાઈલ સંપર્ક : ૯૮૨૪૫ ૪૭૯૭૨)

## તલોદ – (૧)



કુ. નેન્સી સોની

તલોદ નિવાસી શૈલેષભાઈ જેઠાલાલ અને સંગીતાબેન સોનીના સુપુત્રી કુ. નેન્સીનો જન્મ ૨૭ જુલાઈ, ૧૯૯૬ના રોજ તલોદ મુકામે થયો. કુ. નેન્સી એન્જીનિયરીંગ ગ્રેજ્યુએટ છે. હાલે તેઓ ગાંધીનગર મધ્યે એસ.પી. સોફ્ટેક કંપનીમાં ઈન્ટર્નશીપ કરી રહ્યા છે. (મોબાઈલ સંપર્ક : ૯૮૯૮૫ ૦૧૧૫૪)

## તલોદ – (૨)



કુ. ભક્તિ સોલંકી

તલોદ નિવાસી ધર્મેન્દ્રભાઈ અને પ્રતિભાબેન સોલંકીના સુપુત્રી કુ. ભક્તિનો જન્મ ૧૫ મે, ૧૯૯૭ના રોજ થયો. કુ. ભક્તિબેન બી.કોમ. થયેલા છે. ઉપરાંત તેઓએ બેંક ઓફ બરોડામાં ઈન્ટર્નશિપ કર્યું છે. (મોબાઈલ સંપર્ક : ૯૮૯૮૪ ૯૮૭૨૫)

## તલોદ – (૩)



કુ. મનાલી સોની

તલોદ નિવાસી શ્રી દિનેશભાઈ જેઠાલાલ અને દીપાબેન સોનીના સુપુત્રી કુ. મનાલીએ કોમ્પ્યુટર એન્જીનિયરીંગમાં ગ્રેજ્યુએશન કર્યું છે. તેઓ હાલે બિઝનેસ ડેવલપમેન્ટ ક્ષેત્રે કાર્યરત છે. (મોબાઈલ સંપર્ક : ૯૪૨૬૪ ૪૮૫૯૭)

## બાયડ – (૧)



દીપ સોની

બાયડ નિવાસી રાજેશભાઈ અને કલાબેન સોનીના સુપુત્ર ચિ. દીપનો જન્મ ૧૭ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ થયો. તેઓ નર્સિંગ ક્ષેત્રે ગ્રેજ્યુએટ (B.Sc.) થયા છે. (મોબાઈલ સંપર્ક : ૯૬૮૭૯ ૮૯૮૯૧)

## બાયડ – (૨)



કુ. માનસી સોની

કુ. માનસીએ અંગ્રેજી માધ્યમમાં M.Com. પૂર્ણ કર્યા બાદ હાલમાં તેઓ C.S.નો કોર્સ કરી રહ્યા છે. તેઓ બાયડ સ્થિત શ્રી રાજેશભાઈના સુપુત્રી છે. તેમનો જન્મ તા. ૧૯-૧૦-૧૯૯૩ના રોજ થયેલ છે. હાલમાં તેઓ સ્વસ્તિકા ઈન્ફોલાઈન કંપનીમાં જોબ કરી રહેલ છે.

## ખેડબ્રહ્મા



કુ. કિંજલ સોની

ખેડબ્રહ્મા નિવાસી શ્રી ગીરીશકુમાર અને શ્રીમતી લતાબેન સોનીના સુપુત્રી કુ. કિંજલનો જન્મ ૩૧ ઓક્ટોબર, ૧૯૯૬ના રોજ થયેલ છે. તેઓ સિવિલ એન્જીનિયર (B.E. - Civil) થયેલા છે. ટુંક સમયમાં કુ. કિંજલ તેમના સ્વહસ્તે ડિઝાઈન કરેલ ડ્રેસીસનું એક્ઝિબિશન યોજવાનું વિચારે છે. (મોબાઈલ સંપર્ક : ૯૪૨૭૦ ૮૩૬૫૫)

## ગાંધીનગર



કુ. કક્ષા સોની

ગાંધીનગર નિવાસી શ્રી મેહુલભાઈ અને મનીષાબેન સોનીના સુપુત્રી કુ. કક્ષા ‘ઝુઓલોજી’ (Zoology) વિષયમાં સ્નાતક કક્ષાનો અભ્યાસ કરી રહ્યા છે. (મોબાઈલ સંપર્ક : ૯૮૯૮૪ ૦૨૮૩૨)

## નલીયા (કચ્છ) – ૧



ચિ. હીરેન બારમેડા

કચ્છ નલીયાના વતની શ્રી હસમુખભાઈ બારમેડા અને શ્રીમતી ભાવનાબેનના સુપુત્ર ચિ. હીરેનનો જન્મ તા. ૩-૯-૧૯૯૪ના રોજ થયેલ છે. હાલમાં અમદાવાદ રહીને C.A. ના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરે છે. તેઓએ B.Com. પાસ કરેલ છે. (મોબાઈલ સંપર્ક : ૯૪૦૮૨ ૦૬૫૭૮)

## નલીયા (કચ્છ) – (૨)



ચિ. ભાવેન બારમેડા

કચ્છ નલીયાના વતની શ્રી હેમંતકુમાર બારમેડા અને શ્રીમતી મમતાબેનના સુપુત્ર ચિ. ભાવેનનો જન્મ તા. ૧૬-૨-૧૯૯૩ના રોજ થયેલ છે. તેઓએ અમદાવાદની એલ.ડી. એન્જી. કોલેજમાં B.E. (Civil) નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. હાલમાં તેઓ હાઈરાઈઝ કન્સલ્ટન્ટ - મોડાસામાં કાર્યરત છે. (મોબા. સંપર્ક : ૯૪૨૮૫ ૬૫૩૭૪)

# જ્ઞાતિ ગૌરવ

## ડૉ. વિવેક પી. ગુજરાતી (M.Sc., M.Phil., Ph.D.)



*"કદમ જો અસ્થિર હોય તો*
*રસ્તો પણ જડતો નથી*
*અડગ હોય જો મન તો*
*હિમાલય પણ નડતો નથી."*

આ ઉક્તિને સાર્થક કરી છે આપણી જ્ઞાતિના ફિઝિક્સ સાથે ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરનાર વિવેક ગુજરાતીએ. માતા-પિતાના સુસંસ્કારોનું ભાથું બાળપણથી જ પોતાના જીવનમાં ઉતારી, આભને આંબે તેવા સ્વપ્નોને પોતાની આંખમાં લઈ તેને સાકાર કરવા પ્રાથમિક શિક્ષણથી જ પોતાની તેજસ્વિતાથી પરિવારમાં પ્રિય થનાર ડૉ. વિવેકે ધોરણ-૧થી ૪નું પ્રાથમિક શિક્ષણ દહીંસરાની સરકારી પ્રાથમિક શાળામાં તથા ધોરણ-૫થી ૧૨ સુધીનું શિક્ષણ ભુજની વી.ડી. હાઈસ્કૂલમાં પૂર્ણ કર્યું. મુખ્ય વિષય ફિઝિક્સ સાથે તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ - આદિપુરથી કચ્છ યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમાંક સાથે B.Sc. પૂર્ણ કર્યું. T.Y.B.Sc. માં તેઓ કોલેજના જનરલ સેક્રેટરી પણ બન્યા. કચ્છ યુનિ. દ્વારા યોજાયેલ ક્વિઝ કોમ્પિટીશનમાં જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો. ગુજરાતમાં શિક્ષણનું કાશી ગણાતા વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિ.માંથી M.Sc. (Physics) નું શિક્ષણ પૂર્ણ કર્યું. M.Sc. ના દ્વિતીય વર્ષ દરમ્યાન જનરલ સેક્રેટરીનું પદ પણ શોભાવ્યું. ત્યારબાદ ત્યાંજ રહી યુનિ.ના પ્રો. મિલિંદ દેશપાંડેના માર્ગદર્શન હેઠળ M.Phil. ની પદવી પ્રાપ્ત કરી. ત્યારબાદ મુખ્ય વિષય ***"ગ્રોથ એન્ડ કેરેક્ટરાઈઝેશન ઑફ સેમિ ઓર્ગેનિક નોન લીનીયર ઓપ્ટીકલ ક્રિસ્ટલ"*** પર પોતાનું સંશોધન કાર્ય ડૉ. મિલિંદ દેશપાંડેના માર્ગદર્શન હેઠળ ચાર વર્ષમાં પૂર્ણ કરી Ph.D. ની પદવી પ્રાપ્ત કરી.

વલ્લભ વિદ્યાનગર ખાતેના તેમના ૭ વર્ષના અભ્યાસ સમય દરમ્યાન વિવિધ એન્જીનિયરીંગ અને B.Sc. કોલેજમાં આસિ. પ્રોફેસર તરીકે કાર્ય પણ કર્યું. હાલ તેઓ કેરાની એચ.જે.ડી. સાયન્સ કોલેજમાં ફિઝિક્સના આસિ. પ્રોફેસર તરીકે કાર્ય કરી રહ્યા છે. 'માનવ સેવા એ જ ઉત્તમ સેવા'માં માનનાર ડૉ. વિવેક ગુજરાતી અત્યાર સુધી ૧૧ વખત રક્તદાન કરી ચૂક્યા છે. ક્રિકેટ રમવાના શોખ સાથે ફિલ્મ જોવાના અને ગીતો ગાવાના પણ શોખીન છે. B.Sc. થી Ph.D. સુધીના સમય દરમ્યાન કોલેજના અનેક કાર્યક્રમોમાં એન્કરીંગ પણ કરી ચૂક્યા છે. નેશનલ અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ૧૫થી વધુ રીસર્ચ પેપર રજૂ કરનાર ડૉ. વિવેક ગુજરાતીના ૭ જેટલા રીસર્ચ પેપર જર્નલ્સમાં પ્રકાશિત થયા છે. જ્ઞાતિ દ્વારા યોજાયેલ 'ટેલેન્ટ સર્ચ પ્રોગ્રામ' (TSP)માં તેઓએ તૃતીય ક્રમાંક મેળવેલ.

આજના યુવાનોને સંદેશો આપતા તેઓ કહે છે કે સૌ પ્રથમ લક્ષ્ય નક્કી કરો. એ લક્ષ્ય પૂર્ણ કરવા ખૂબ મહેનત કરો અને ધૈર્ય રાખો. સાનુકૂળ પરિસ્થિતિને બદલે પરિસ્થિતિને સાનુકૂળ બનીને રહેતા શીખો. ■

***જીવનમાંથી જેને શુભ તત્ત્વો મેળવવા છે અને પરમ આનંદની ઝાંખી કરવી છે એવો અભ્યાસી પુરુષ દુશ્મનની સાથે પણ સદા પ્રેમથી વર્તે છે. એ કદી જેમ તેમ બોલી નાખતો નથી. એના શબ્દો તોળાઈને આવે છે અને સામી વ્યક્તિને જરા પણ નુકસાન ન થાય એવી એ મૃદુ ભાષા વાપરે છે.***

## દાંડીના તાલે નાચતો - નચાવતો નખત્રાણાનો ડ્રમર બોય : ઉમંગ

*પ્રિન્સી એન. કટ્ટા - નખત્રાણા*



'દુનિયામાં સૌથી શ્રેષ્ઠ બાબત એ છે કે, પોતાનામાં મસ્ત રહેવું.' – માઇકલ મોન્ટેઇનનું આ વાક્ય અનાયાસે જ યાદ આવી ગયું જ્યારે મેં ઉમંગને પહેલી વખત એક પ્રસંગમાં ડ્રમ વગાડતા જોયો. તો મિત્રો, આજે મારે વાત કરવી છે એક નાનકડા ડ્રમર બોયની. જે ફક્ત નખત્રાણાનું જ નહીં, પણ કચ્છનું અને આપણા સમાજના ગૌરવ સમાન છે.

નખત્રાણાના રમેશભાઇ ચૌહાણનો જયેષ્ઠ પુત્ર ઉમંગ છેલ્લા સાતેક વર્ષથી ડ્રમ વગાડે છે અને ચારેક વર્ષથી મોટા મોટા કાર્યક્રમોમાં પોતાની અદાકારીથી દાંડીના તાલે ધૂમ મચાવે છે. ઉમંગ ખૂબ જ ઉત્સાહી અને ઉદ્યમી છોકરો છે. કોઈપણ જાતની તાલીમ લીધા વગર તેણે જાતે જ ડ્રમ વગાડવાનું શરૂ કર્યું અને અખૂટ ઇચ્છા તેમજ સાહસના પરિણામે ગણતરીના દિવસોમાં જ કાર્યક્રમોના સ્ટેજ અને લોકોના હૃદય પર કબજો કરી લીધો. આમ કરતાં દિવસે ને દિવસે તેની ધગશ તથા સંગીત માટે કંઈ પણ કરી છુટવાની ભાવના વધવા લાગી. જેના પરિણામ સ્વરૂપે કચ્છની નંબર વન નવરાત્રી "ડ્રીમ્સ"માં ડ્રમ વગાડવાનો અવસર સાંપડ્યો. તે સિવાય ગાંધીધામની પ્રખ્યાત "ઓસ્લો" નવરાત્રીમાં પણ આસિફ સોરઠિયા જેવા દિગ્ગજ કલાકારો સાથે ડ્રમ વગાડી ચૂક્યો છે.

F.Y.B.Com. સુધીનો અભ્યાસ કરેલ ડ્રમર બોય ઉમંગ ક્રિકેટ અને વોલીબોલ જેવી રમતોનો પણ ખૂબ શોખીન છે. કેટલીયે વખત ક્રિકેટ ટુર્નામેન્ટોમાં રમવા જતો ઉમંગ ખૂબ સારો પ્લેયર પણ છે. તે સિવાય બાઇક રેસીંગમાં પણ સારી એવી દિલચસ્પી છે.

સ્વમાનભેર જીવવામાં તથા જાત મહેનતે કમાવવામાં માનનારો ઉમંગ હાલમાં સ્ક્રીન પ્રિન્ટીંગ અને ગ્રાફિક્સની એક પ્રેસમાં જોબ કરે છે તથા તેના પિતા સ્વીટ એન્ડ નમકીન શોપ તેમજ કેટરર્સનો વ્યવસાય ધરાવે છે. કામ, વ્યવસાય તથા પારિવારીક ફરજો વચ્ચે પણ તે સંગીત માટે પૂરો સમય ફાળવે છે. સંગીત સાથે સમાધઆન કરવું પસંદ ન હોય તેમ ખૂબ જ અઘરા કહી શકાય તેવા 'ફાયર ડ્રમીંગ' તથા 'વોટર ડ્રમીંગ'ના સ્ટંટ્સની વધુને વધુ પ્રેક્ટિસ દરરોજ કરે છે.

તેના ફાયર ડ્રમીંગનો શો તથા અન્ય કાર્યક્રમોના વિડીયોઝ YouTube પર પણ ઉપલબ્ધ છે. ૧૯ વર્ષના ઉમંગને દુબઇ તેમજ અન્ય દેશોમાં આગામી કાર્યક્રમો માટે ડ્રમ વગાડવા આમંત્રણ મળ્યું છે. આમ, ડ્રમર બોય તરીકે વિદેશમાં તે કચ્છનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યો છે. આટલી નાની ઉંમરે આવી સિધ્ધિઓ ઓછી લાગતી હોય તેમ ઉમંગ ભારતના સૌથી મોટા 'કોક' સ્ટુડિયોમાં ડ્રમ વગાડવાનું સ્વપ્ન સેવે છે અને રાત-દિવસ પૂરા ખંતથી તેના માટે મહેનત પણ કરે છે.

અને અંતે મારી કલમને વિરામ આપતા પહેલાં ઇશ્વરના ચરણોમાં પ્રાર્થના કરું કે, ઉમંગ વધુને વધુ પ્રગતિ કરે અને સફળતાના શિખરો સર કરતો રહે તેમજ તેના દરેક સ્વપ્ન પૂર્ણ થાય તેવી લીલીછમ લાખો શુભેચ્છાઓ....

## કુ. જીનલ સોલંકીનું જાહેર અભિવાદન



તાજેતરમાં ૨૭મી માર્ચ, ૨૦૧૭ વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે વિઝ્યુઅલ આર્ટસ - માંડવી દ્વારા રંગભૂમિ દિનની ઉજવણીનો દાયકો ઉજવવામાં આવ્યો. પ્રા. ડૉ. આર.વી. બસિયા દિગ્દર્શિત બે નાટકોનું મંચન ઉપરાંત દાયકાની સફરમાં સાતત્યપૂર્ણ કામગીરી કરનાર વિઝ્યુઅલ કલાકારોનું વિઝ્યુઅલ આર્ટસ - માંડવી તરફથી વિશેષ અભિવાદન કરવામાં આવેલ હતું. જેમાં હાલ રાજકોટની જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજમાં આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવતી માંડવીની જીનલ સોલંકીનું પણ અભિવાદન કરવામાં આવેલ.

કુ. જીનલને ખૂબ ખૂબ અભિનંદન.

# અંજાર સમાજવાડી : 'પાયાવિધિથી લોકાર્પણ' – માત્ર ૩૬૫ દિવસમાં

*અંજાર જ્ઞાતિના યુવા નેતૃત્વે સમાજવાડી નવનિર્માણ કાર્ય માત્ર એક વર્ષના ટુંકા ગાળામાં પરિપૂર્ણ કરી યુવા સંગઠન શક્તિનું આદર્શ ઉદાહરણ પૂરું પાડેલ છે. તા. ૪-૯-૨૦૧૭ના રોજ સમાજવાડી લોકાર્પણ કાર્યક્રમની શાનદાર ઉજવણી થઈ. આ અંગે 'કચ્છમિત્ર'માં પ્રકાશિત અહેવાલ અત્રે પ્રસ્તુત છે.*

*– અતુલ સોની*

## અંજાર સમાજવાડી નવનિર્માણ પરિપૂર્ણ

સમાજવાડી મનુષ્યના જીવનમાં સારા વિચારોનું ઉદ્‌ભવસ્થાન છે અને તેના થકી જ સારા સમાજનું ઘડતર તેમજ સારા સંસ્કારોનું સિંચન થતું હોવાની લાગણી અગ્રણીઓએ વ્યક્ત કરી હતી.

અંજાર ખાતે મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા અંદાજીત એક કરોડના ખર્ચે તૈયાર થયેલી નૂતન સમાજવાડીના ઉદ્‌ઘાટા અને જ્ઞાતિ પ્રમુખ ફોરમભાઈ સોનીએ ઉપર્યુક્ત જણાવી ટીમવર્કથી કરાતા કાર્યોને હંમેશાં જ્વલંત સફળતા મળે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આ સમાજવાડીના નિર્માણને દર્શાવ્યું હતું. આ કાર્યોમાંથી પ્રેરણા લઈ સમાજના યુવાનોને વધુને વધુ શિક્ષિત થઈ સમાજ ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થવા જણાવ્યું હતું.

સમારોહમાં ઉપસ્થિત સંસદીય સચિવ અને ધારાસભ્ય વાસણભાઈ આહીરે જણાવ્યું કે, સમગ્ર કચ્છમાં આ સમાજની અદ્યતન સમાજવાડીના નિર્માણથી સમાજને તેમજ શહેરીજનોને વધુ સારી સુવિધા મળશે. આ કાર્ય માટે દિલેર દાતાઓને બિરદાવી સમાજના કાર્યોમાં સહયોગી થવાની ખાતરી આપી હતી. જાણીતા ઉદ્યોગપતિ કચ્છ આહીર મંડળના તેમજ ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ બાબુભાઈ હુંબલે જ્ઞાનની આ સદીમાં સમાજમાં શિક્ષણ, સંગઠનનો વ્યાપ વધારવા અને મહિલાઓને સામાજીક પ્રવૃત્તિઓમાં વધુ સ્થાન આપવાની હિમાયત કરી હતી.





આ અવસરે ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ જગદીશભાઈ ચૌહાણે જણાવ્યું કે, જે સમાજ સમયની સાથે કદમ મિલાવે છે તે હંમેશાં સફળ થતું હોય છે. મહામંડળના ઉપપ્રમુખ અમૃતલાલ સોલંકીએ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા યુવા કાર્યકરોને મહત્ત્વની ભૂમિકા ભજવવા પર ભાર મૂક્યો હતો. જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ના તંત્રી અતુલભાઈ બગ્ગાએ જણાવ્યું કે, જ્ઞાતિની સમાજવાડીથી જ સારા, મજબૂત સમાજનું નિર્માણ થાય છે, જેના થકી જ સમાજના ઉત્કર્ષ કાર્યો સફળ થતા હોય છે.

પ્રારંભે જ્ઞાતિના ગોરબાપા વિદ્વાન કનકચંદ્ર છગનલાલ વ્યાસના તેમજ ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું.

આ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે સુધરાઈના અધ્યક્ષા પુષ્પાબેન ટાંક, આડાના ચેરમેન નીરવ ભારદિયા, જીલ્લા ભાજપના ઉ.પ્ર. ગોવિંદ કોઠારી, પૂર્વ નગરપતિ - ચેરમેન ભરત શાહ, શાસક પક્ષના નેતા ડેની શાહ, પૂર્વ નગરપતિ વસંત કોડરાણી, સંજય દાવડા, સુરેશ ટાંક, હેમલતાબેન પોમલ, પ્રકાશ કોડરાણી, લોહાણા મહાજન પ્રમુખ હસમુખ કોડરાણી, ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ - અંજારના પ્રમુખ બલરામ જેઠવા, નખત્રાણા સોની સમાજના પ્રમુખ ભરત બગ્ગા, રમેશ બીજલાણી, માંડવી સમાજના પ્રમુખ તેમજ પ્રેમજી સોલંકીએ ઉપસ્થિત રહી સમાજના યુવા કાર્યકરોની કામગીરીને બિરદાવી હતી.



આ સમાજવાડીના નિર્માણના મુખ્ય દાતા મોહનભાઈ સોલંકી, હરિલાલભાઈ વીસા પરમાર, પ્રેમજીભાઈ મૈચા, નાનજીભાઈ પરમાર, હેમરાજભાઈ બુધ્ધભટ્ટી, ઈંદીરાબેન ભગવાનદાસ બુધ્ધભટ્ટી, નરોત્તમભાઈ બારમેડા, ચત્રભુજભાઈ ગોહિલ, કાનજીભાઈ હેડાઉ, શામજીભાઈ મૈચા, રમણિકભાઈ પોમલ, કાંતિભાઈ મૈચા, પરસોત્તમભાઈ ધારશીભાઈ પરિવારજનોનું સન્માન કરાયું હતું.

વાસ્તુપૂજન હવનમાં ફોરમ પોમલ, કિરણ હેડાઉ, અનિલ બગ્ગા, કિરણ સોલંકી, કેવલ પોમલ, પ્રકાશ બારમેડા, ભરત ગોહિલ, શશીકાંત બારમેડા, વિશાલ મૈચા, જગદીશ છત્રાળા, પ્રકાશ કંસારા, ભાવેન બુધ્ધભટ્ટીએ ભાગ લીધો હતો. સમાજવાડીની બાજુમાં આવેલી ગેરેજની જમીન મફતમાં સમાજને અર્પણ કરવા બદલ જ્ઞાતિજનોનું સન્માન કરાયું હતું. ભોજન સમારંભના દાતા સુરેશભાઈનું પાઘડી પહેરાવી સન્માન કરાયું હતું. સમાજવાડી નિર્માણકાર્યમાં કાર્ય કરનાર બાંધકામ સમિતિના સદસ્યોનું પણ સમાજના અગ્રણીઓ દ્વારા સન્માન કરી માત્ર એક વર્ષમાં જ કાર્ય પૂરું કરવાની કામગીરી બિરદાવી હતી.

આ પ્રસંગે સમાજના અગ્રણીઓ છગનલાલ હેડાઉ, વેલજીભાઈ હેડાઉ, હેમલતાબેન પોમલ, હીરાલાલભાઈ બગ્ગા, 'કચ્છમિત્ર'ના મેનેજર સમાજ અગ્રણી શૈલેષભાઈ કંસારા, હેમેન્દ્રભાઈ કંસારા, રાજેન્દ્ર કંસારા, રોહિણીબેન, નવીનભાઈ બારમેડા, મોહનભાઈ સોની, શાંતિલાલભાઈ સોની, શિવલાલ સોની, રશ્મિનભાઈ બારમેડા, રાજેશભાઈ કંસારા, ચંદુભાઈ ચનાણી, સુરેશભાઈ વીશાપરમાર, ઈશ્વરભાઈ બારમેડા વિ. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આયોજનને સફળ બનાવવા માટે સમાજના કારોબારી સમિતિના સદસ્યો, યુવક મંડળના પ્રમુખ શૈલેષભાઈ પોમલ, મહિલા મંડળના પ્રમુખ પિંકીબેન કટ્ટા તેમજ સદસ્યોએ જહેમત ઉઠાવી હતી. સંચાલન અનિલભાઈ બગ્ગા તેમજ ભરતભાઈ બુધ્ધભટ્ટીએ, આભારવિધિ કિરણભાઈ સોનીએ કર્યા હતા.

***સૌજન્ય : "કચ્છમિત્ર"***

## સફળતાના સૂત્રધારો

### સમાજવાડી ઉદ્‌ઘાટા

**શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલ**
પ્રમુખશ્રી, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર

### સમાજવાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ શ્રી મોહનલાલ રાઘવજીભાઈ સોલંકી પરિવાર
★ શ્રી હરિલાલ લખમશીભાઈ વીસાપરમાર પરિવાર
★ શ્રી પ્રેમજીભાઈ ગાંગજીભાઈ મૈચા પરિવાર
★ શ્રી નાનાલાલ પરસોત્તમભાઈ પરમાર પરિવાર
★ શ્રી હેમરાજભાઈ જેરામભાઉ બુધ્ધભટ્ટી પરિવાર
★ શ્રી ઈંદીરાબેન ભગવાનદાસ બુધ્ધભટ્ટી પરિવાર
★ સ્વ. શ્રી નરોત્તમભાઈ પરસોત્તમભાઈ બારમેડા પરિવાર
★ સ્વ. શ્રી ચત્રભુજભાઈ ભાણજીભાઈ ગોહિલ પરિવાર
★ સ્વ. શ્રી કાનજીભાઈ ગોવિંદજીભાઈ હેડાઉ પરિવાર
★ સ્વ. શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈચા પરિવાર
★ સ્વ. શ્રી રમણિકલાલ નાનાલાલ પોમલ પરિવાર
★ સ્વ. શ્રી કાંતિલાલ ધનજીભાઈ મૈચા પરિવાર

### મહાપ્રસાદ (સ્વરૂચિ ભોજન)ના મુખ્ય દાતાશ્રી

સ્વ. શ્રી રમણિકલાલ નાનાલાલ પોમલ પરિવાર
હસ્તે સુપુત્ર શ્રી સુરેશભાઈ રમણિકલાલ પોમલ - અંજાર

### વાસ્તુ પૂજન હવનના યજમાનશ્રીઓ

- શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલ - અંજાર
- શ્રી કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ - અંજાર
- શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા - અંજાર
- શ્રી કિરણભાઈ મોહનલાલ સોલંકી - અંજાર
- શ્રી કેવલ કિશોરભાઈ પોમલ - અંજાર
- શ્રી પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા - અંજાર
- શ્રી ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહિલ - અંજાર
- શ્રી શશીકાંતભાઈ મનસુખલાલ બારમેડા- અંજાર
- શ્રી વિશાલભાઈ કાંતિભાઈ મૈચા - અંજાર

### વાસ્તુ હોમ-હવનના મુખ્ય આચાર્યશ્રી

જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ - અંજાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર સમાજવાડી બાંધકામ સમિતિ

- ★ શ્રી પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા - કન્વીનર
- ★ શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલ - સભ્ય
- ★ શ્રી કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ - સભ્ય
- ★ શ્રી ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહિલ - સભ્ય
- ★ શ્રી શશીકાંતભાઈ મનસુખલાલ બારમેડા- સભ્ય

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર કારોબારી સમિતિ

- ★ શ્રી ફોરમભાઈ સુરેશભાઈ સોની - પ્રમુખ
- ★ શ્રી કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ - ઉપપ્રમુખશ્રી
- ★ શ્રી પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા - ઉપપ્રમુખશ્રી
- ★ શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા - મંત્રીશ્રી
- ★ શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી - સહમંત્રીશ્રી
- ★ શ્રી કિરણભાઈ મોહનલાલ સોલંકી - ખજાનચીશ્રી
- ★ શ્રી જગદીશભાઈ હરિલાલ છત્રાળા - સહ ખજાનચીશ્રી
- ★ શ્રી ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહિલ - કા.સભ્યશ્રી
- ★ શ્રી શશીકાંતભાઈ મનસુખલાલ બારમેડા - કા.સભ્યશ્રી
- ★ શ્રી શિવલાલ શામજીભાઈ મૈચા - કા.સભ્યશ્રી
- ★ શ્રી ઈશ્વરલાલ વેલજીભાઈ બારમેડા - કા.સભ્યશ્રી
- ★ શ્રી સુરેશભાઈ પરસોત્તમભાઈ વીસાપરમાર- કા.સભ્યશ્રી
- ★ શ્રી શૈલેષભાઈ વેલજીભાઈ પોમલ - કા.સભ્યશ્રી
- ★ શ્રી શાંતિલાલ હંસરાજભાઈ બુધ્ધભટ્ટી - કા.સભ્યશ્રી
- ★ શ્રી મનનભાઈ જેન્તીલાલ પોમલ - કા.સભ્યશ્રી
- ★ શ્રી કિશોરભાઈ કલ્યાણજીભાઈ બુધ્ધભટ્ટી - કા.સભ્યશ્રી

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર યુવક મંડળ

- ★ શ્રી શૈલેષ વેલજીભાઈ પોમલ - પ્રમુખશ્રી
- ★ શ્રી જીતુ વિનોદભાઈ બીજલાણી - ઉપપ્રમુખશ્રી
- ★ શ્રી અમિત વિનોદભાઈ બારમેડા - મંત્રીશ્રી
- ★ શ્રી ભાવેશ સુરેશભાઈ સાકરિયા - સહમંત્રીશ્રી
- ★ શ્રી કેવલ કિશોરભાઈ પોમલ - ખજાનચીશ્રી
- ★ શ્રી વિવેક કિરણભાઈ સોલંકી - સહખજાનચીશ્રી

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર મહિલા મંડળ

- ★ શ્રીમતી પિંકીબેન નિખિલભાઈ કટ્ટા - પ્રમુખશ્રી
- ★ શ્રીમતી કાશીબેન રમેશભાઈ પોમલ - ઉપપ્રમુખશ્રી
- ★ શ્રીમતી અંજનાબેન નરેશભાઈ પોમલ - મંત્રીશ્રી
- ★ શ્રીમતી રીમાબેન શૈલેષભાઈ પોમલ - સહમંત્રીશ્રી
- ★ શ્રીમતી તરૂણાબેન નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી- ખજાનચીશ્રી
- ★ શ્રીમતી જ્યોતિબેન રમેશભાઈ બારમેડા- સહ ખજાનચીશ્રી

## "સ્મૃતિ ચિહ્ન" – અનોખી પહેલ

તાજેતરમાં તા. ૪-૯-૨૦૧૭ના રોજ અંજારની મારૂ કંસારા સોની સમાજવાડીનું ઉદ્‌ઘાટન થયું. ઘણો સમય પસાર થયા પછી ખૂબ જ સરસ અને અદ્‌ભુત ભવન બન્યું. જ્ઞાતિના કાર્યકર્તા અને જ્ઞાતિજનોની મહેનત રંગ લાવી. જ્ઞાતિભાવના અને જ્ઞાતિ પ્રેમનું ઉત્તમ ઉદાહરણ સમાજવાડી બની. આટલા મોટા, સરસ ભવનની કલ્પના પણ ન હતી. અંજારની સમાજવાડી અન્ય સમાજ માટે પ્રેરણાદાયક બનશે.

સમાજનું કોઈપણ કાર્ય કરવું હોય તો સાથ અને આર્થિક સહકાર વિના શક્ય નથી. સમાજમાં નાનામાં નાના જ્ઞાતિજને પોતાની પરિસ્થિતિ પ્રમાણે આર્થિક સહયોગ આપ્યો. સમાજમાં કોઈ નાનો કે મોટો નથી તેનું ઉદાહરણ "સ્મૃતિ ચિહ્ન" છે. રૂા. ૧૧૦૦/- કે રૂા. ૨,૫૧,૦૦૦/-નું યોગદાન આપનારને આ ચિહ્ન આપવામાં આવ્યું. સમગ્ર સમાજની વચ્ચે, આમંત્રિત મહાનુભાવોના હસ્તે સર્વેને અકસમાન ગણી સન્માન થયું. સમાજની વચ્ચે 'સ્મૃતિ ચિહ્ન' મળવું, સન્માન થવું એ જ્ઞાતિજન માટે ગૌરવની વાત છે. આવો અવસર ભાગ્યશાળીને મળે છે.

"સ્મૃતિ ચિહ્ન" આશરે ૧૫૦ જ્ઞાતિજનોને મળ્યું. આ સન્માન પૈસાનું નથી, જ્ઞાતિજનોની સમાજ ભાવના અને એકતાનું સન્માન છે. જ્યારે સમાજ ઐક્ય ભાવના હતી ત્યારે સૌ સમાજવાડીમાં સંગઠિત થયા. એક છત્રછાયા હેઠળ ઉદ્‌ઘાટન પ્રસંગ માણ્યો. સમાજવાડીનું નિર્માણ સમાજની પ્રગતિ છે. ત્યાં સમાજના સારામાં સારા કાર્યો થશે, સમાજનો વિકાસ થશે.

"સ્મૃતિ ચિહ્ન" જ્ઞાતિજનોને આપવામાં આવ્યું. કદાચ આ પહેલી પહેલ હશે જ્યાં એક સાથે બધાને એક સમાન "સ્મૃતિ ચિહ્ન" મળ્યું. આ "સ્મૃતિ ચિહ્ન" દરેક જ્ઞાતિજનોના હૃદયમાં કાયમી સ્મૃતિ બની રહેશે. ઘરમાં "સ્મૃતિ ચિહ્ન" આવવાથી સમાજ પ્રત્યે અપાર લાગણી થાય છે, સ્વ જ્ઞાતિનું ગૌરવ થાય છે. અહીં સૌ એકસમાન છે.

"સ્મૃતિ ચિહ્ન"નો જે કાર્યકર્તાને વિચાર આવ્યો હશે, તેને મારા અભિનંદન. "સ્મૃતિ ચિહ્ન" અગાઉથી વિચાર હતો. અમુક જ્ઞાતિજનોએ ઉદ્‌ઘાટનના દિવસે ફાળો લખાવ્યો. તેમને સન્માનનો અવસર ન મળ્યો. આવું લખવાનું એટલા માટે કે આપને સમાજમાં જે કાંઈ યોગદાન આપવું હોય તે અગાઉથી આપી દેવું જેથી કાર્યકર્તા અગાઉથી તૈયારી કરી શકે. હું ફાળો લખવા માટે બેઠો હતો ત્યારે ઘણા જ્ઞાતિજનોએ તે જ દિવસે ફાળો નોંધાવ્યો, જે સ્વીકાર્ય છે. પણ તમારા યોગદાનનું અમને સન્માન કરવું છે. તેથી અગાઉથી તૈયાર રહેવું.

અંજારની સમાજવાડીના ઉદ્‌ઘાટનના દિવસે ખૂબ જ સારા પ્રમાણમાં લોકો આવ્યા, સહકાર આપ્યો. ખાસ કરીને ભાજપના આગેવાનો આવ્યા. જ્યારે જ્યારે સમાજમાં સારા કાર્યો થાય છે, ત્યારે લખવાની ઇચ્છા થાય છે. મારા લેખમાં કોઈને ખોટું લાગે તો ક્ષમા કરશો. આપને આ લેખ કેવો લાગ્યો છે તે આપના અભિપ્રાય આપશો તો મને લખવાની પ્રેરણા મળશે. લેખકને માત્ર પ્રશંસા નહીં, ઉત્સાહ આપવાની જરૂર હોય છે.

ટુંકમાં, સમાજના દરેક કાર્યમાં સહકાર આપો. સમાજનો વિકાસ એટલે આપણો વિકાસ. જે સમાજ જાગૃત હશે, સંગઠિત હશે અને દરેકમાં સમાજ ભાવના હશે, તે સમાજને કોઈ તાકાત તોડી નહીં શકે, સમાજનો વિકાસ રોકી નહીં શકે.

***મહેશ તુલસીદાસ છત્રાળા***
***મો. ૯૯૨૫૩ ૧૭૬૦૮***

# શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢ

## કાર્યાલય ઉદ્‌ઘાટન



જુનાગઢ શહેરની મધ્યમાં એમ.જી. રોડ પર શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢનું કાર્યાલય અભિષેક કોમ્પ્લેક્સમાં ઉદ્‌ઘાટન થયું. વરિષ્ઠ ભૂતપૂર્વ પ્રમુખ શ્રી કરશનભાઈ બુધ્ધ, ડૉ. ડી. એન. બારમેડા, પ્રમુખ શ્રી પરેશભાઈ કે. બુધ્ધભટ્ટી, શ્રી વિજયભાઈ વી. પરમારના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યાલયનું દીપ પ્રાગટ્ય હર્ષિતાબેન પરમાર, રંજનબેન સોલંકી, કીર્તિબેન પરમાર, દમયંતીબેન સોલંકી, ડૉ. ભૂમિબેન બુધ્ધભટ્ટીના હસ્તે કરવામાં આવ્યું. તેમજ ઈશ્વર સ્મરણ - પ્રાર્થના કરવામાં આવી.

આ કાર્યાલય ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્યનું સંચાલન શ્રી મહેશ છત્રાળા, રાજેશ એમ. બુધ્ધભટ્ટી, ભૂપેન્દ્ર પરમાર અને પ્રકાશ પરમારે કરેલ. કાર્યાલયના ઉદ્‌ઘાટનમાં જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં આવેલ. તેમાં મુખ્યત્વે ડૉ. શૈલેષભાઈ બારમેડા, વ્રજેશભાઈ હેડાઉ, વ્રજદાસ છત્રાળા, વૃંદાવનભાઈ બુધ્ધ, રાધેભાઈ સોલંકી, ભાવેશભાઈ બુધ્ધ, રવિ પરમાર, તુષાર છત્રાળા, કૃષ્ણકાંત બુધ્ધ, મિરલ પરમાર વગેરે ઉપસ્થિત રહેલા. ડૉ. ડી. એન. બારમેડા તરફથી કાર્યાલય માટે મોટો લોખંડનો કબાટ આપેલ છે તેમજ આવેલ જ્ઞાતિજનોનું રાધેભાઈ ડી. સોલંકી દ્વારા ઠંડા શરબતથી સ્વાગત કરવામાં આવેલ.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - નખત્રાણા



મહિલા મંડળના પ્રમુખ શ્રી જયશ્રીબેન બગ્ગાના નેજા હેઠળ, મહિલા મંડળ દ્વારા એક દિવસીય પ્રવાસ યોજવામાં આવેલ. જેમાં રાપર તાલુકામાં આવેલ રવેચી ધામ, મોમાયમોરા, વ્રજવાણી, અઠલ ધામ, મોગલધામ યાત્રા પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૩ મહિલાઓ પ્રવાસમાં જોડાયેલ હતા. સવારે ૬.૩૦ વાગે એક લક્ઝરી બસ અને તુફાન ગાડી દ્વારા પ્રસ્થાન થયું અને રાત્રે ૨ વાગે પ્રવાસ પૂર્ણ કરી પરત આવેલ. આ પ્રવાસમાં અન્ય હોદ્દેદારો ભાવનાબેન કટ્ટા, કોકિલાબેન કટ્ટા, રંજનબેન સાકરિયા, શોભનાબેન કોટડિયા, વનીતાબેન કટ્ટા અને હેતલબેન પોમલે પ્રવાસને સફળ બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવેલ તથા અન્ય કારોબારી સભ્યોએ સાથ સહકાર આપેલ.

# ભુજ ખાતે સરસ્વતી સન્માન સમારોહનું ભવ્ય આયોજન

**શાંતિલાલ સોની - મંત્રી**

ભુજ ખાતે તા. ૩-૯-૨૦૧૭ના રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન સમારંભમાં વક્તાઓ અને ઉપસ્થિત મહાનુભાવોએ એવો સૂર વ્યક્ત કર્યો હતો કે શિક્ષણનો સંબંધ કેવળ વ્યક્તિ સાથે જ નથી, સમાજ સાથે પણ છે. એટલે જ આજે દરેક સમાજ શિક્ષણ પ્રત્યે જવાબદારીપૂર્વક ફરજ નિભાવે છે.

ટાઉનહોલ ખાતે જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કહ્યું કે, સમાજ હવે શિક્ષણ દ્વારા ઘડતરને પ્રાધાન્ય આપે છે, જેથી સશક્ત માનવ ફસલનું નિર્માણ કરી શકાય. આ પ્રસંગે, પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અખિલ ભારતીય મહામંડળના કોષાધ્યક્ષ ચંદ્રકાંતભાઈ ચનાણીએ મહામંડળના આગામી કાર્યક્રમોની વિગતો આપી સમાજ દ્વારા શિક્ષકો સહિત શિક્ષણ જગત સાથે જોડાયેલા આગેવાનોની મહેનત અંગે પ્રકાશ પાડ્યો હતો. જ્યારે ગુજરાત કક્ષાએ ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી રાજેશ કંસારાએ શિક્ષણ દ્વારા સાંસ્કૃતિક સંરચનાનું સુંદર કાર્ય થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું.



સમાજને કે.જી. થી પી.જી. સુધી તેમજ તબીબી, ઈજનેર, સંગીત, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે સમાજનું નામ રોશન કરતા કુલ ૧૮૯ સરસ્વતી સાધકોનું સમાજના મહાનુભાવોના હસ્તે ઈનામ, પ્રમાણપત્ર, મેડલથી નવાજવામાં આવ્યા હતા. દાતાઓનું શાલ ઓઢાડી ઉષ્માભર્યું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર ડૉ. દેવ પોમલ, ડૉ. હેન્સી સાકરીયા, ડૉ. પાર્થ પોમલ, ડૉ. વિવેક ગુજરાતી, સુહાસી બુધ્ધભટ્ટી (દોરડા ખેંચ), કૃણાલ કટ્ટા (ક્રિકેટ), સાગર પોમલ (પાવર લીફ્ટીંગ), ચૌલાબેન મયેચા (સંગીત), પરેશ ગુજરાતી (શ્રેષ્ઠ શિક્ષક)નું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સમાજના મંત્રી શાંતિલાલ સોનીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે અખિલ ભારતીય મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકી, યુવક મંડળના પ્રમુખ શ્રી રાહુલભાઈ ચનાણી, અગ્રણી જ્ઞાતિજન શ્રી હિતેશભાઈ પ્રભુદાસ ખેતશી ગુજરાતી, યોગેશભાઈ છત્રાળા, બારમેડા મુકેશભાઈ લખમશી - માધાપર, ચંદ્રકાંત ઓધવજી બારમેડા, હર્ષદભાઈ બુધ્ધભટ્ટી, ભાઈલાલ વેલજી પોમલ, રામદાસ શિવજી પોમલ, પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ શ્રી ધનજીભાઈ બુધ્ધભટ્ટી કોઠારાવાલા, પશ્ચિમ કચ્છ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી લખમશીભાઈ કોટડિયા, ડૉ. કલ્પનાબેન સાકરિયા, શારદાબેન પોમલ, શ્રીમતી હંસાબેન કિશોરભાઈ પોમલ, શાંતાબેન દયારામભાઈ ચૌહાણ, તારાબેન બગ્ગા તથા ભુજ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના સમસ્ત કંસારા સમાજના પ્રમુખ શ્રી બટુકભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મંચસ્થ હતા.

શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ચેતન બારમેડા અને સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી મહેશ બારમેડાના માર્ગદર્શન તળે શૈક્ષણિક સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન થયું હતું. સમાજના વિવિધ ક્ષેત્રમાંથી ૧૪ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા મુળજીભાઈ કટ્ટા, અશોકભાઈ બુધ્ધભટ્ટી, રાજેશ બુધ્ધભટ્ટી, મહેશ ગુજરાતી, પરેશભાઈ ગુજરાતી, જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી સુનીલભાઈ કંસારા વગેરે જોડાયા હતા. આ પ્રસંગે મહિલા મંડળ દ્વારા રોહિણીબેને અહેવાલ પ્રસ્તુત કરી વિશિષ્ટ પ્રદાન કરનાર બહેનોનું સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં ભુજ નગરપાલિકાના કાઉન્સિલર બે બહેનો લતાબેન સોલંકી અને ચૌલાબેન મયેચા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતન બારમેડાએ કર્યું હતું. ■

*ભીડ વચ્ચેનો ખાલીપો તને નહીં સમજાય*
*મહોરા પરનો રાજીપો તને નહીં સમજાય*
*રહેવા દે આ શમણાઓને સમજવાની ભાંજગડ 'યાદ'*
*ઉંબરે દોરાતો સાથિયો તને નહીં સમજાય.*

*– જીનલ સોલંકી 'યાદ'*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

સુધા એ. બુધ્ધભટ્ટી

## દશાબ્દી મહોત્સવ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા આયોજિત દશાબ્દી મહોત્સવમાં ત્રિ-દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ૪૩ વર્ષ જૂની મહિલા પ્રવૃત્તિઓમાં 'મહિલા મંડળ' શિર્ષક હેઠળ અવિરત ૧૦ વર્ષ પ્રોજેક્ટ હાથ ધરી ૧૧મા વર્ષમાં મંગળ પ્રવેશની ઉજવણીરૂપ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમના કન્વીનર સુધા એ. બુધ્ધભટ્ટીના જણાવ્યા પ્રમાણે તા. ૭-૭-૨૦૦૭ના રોજ સ્થાપિત થયેલ આ ટીમે તા. ૭-૭-૨૦૧૭ના રોજ જી.કે. જનરલ હોસ્પિટલ મધ્યે સમાજના ૨૫ ભાઈ-બહેનોને બ્લડ ડોનેટ કર્યું હતું. જેમાં સમાજના અગ્રણીઓ, મહિલા મંડળ કારોબારી સમિતિ તેમજ બ્લડ બેંકના સ્ટાફનો સહયોગ સાંપડ્યો હતો.






તા. ૮-૭-૧૭ના રોજ લાયન્સ હોલ મધ્યે ધાર્મિક પ્રસંગો જેમાં સત્ય નારાયણ કથા, લાલાજી શણગાર હરીફાઈ અને ધાર્મિક પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવેલ. જેમાં જયશ્રીબેન એ. છત્રાળા, નર્મદાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટી, સ્વ. વેલુબેન હરિરામ સોલંકીનો આર્થિક સહયોગ સાંપડ્યો હતો. લાલાજી શણગાર હરીફાઈના નિર્ણાયકો જ્ઞાતિના ગોર શ્રી દિનેશભાઈ વ્યાસ તેમજ ગોવર્ધનનાથજી હવેલીના મુખિયાજી હર્ષદભાઈ દવે રહ્યા હતા. જેમને સમિતિ સભ્યો દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

ત્યારબાદ ધાર્મિક પ્રશ્નોત્તરી દ્વારા એક અનોખું ધાર્મિક વાતાવરણ ખડું થયું હતું. લાલા શણગાર હરીફાઈમાં પ્રથમ ઉર્વિબેન પી. ચનાણી અને દ્વિતીય માયાબેન કે. કંસારા વિજેતા થયેલ. જ્યારે અન્ય ત્રણ બહેનો હર્ષાબેન ડી. છત્રાળા, કંચનબેન જે. બારમેડા તેમજ કૃપાલી ભવ્યભાઈ પોમલ પ્રોત્સાહન ઈનામને પાત્ર થયા હતા.

તા. ૯-૭-૧૭ રવિવારના રોજ લોહાણા વાડી (છઠ્ઠ ફળિયા) મધ્યે સાંજે ૪.૩૦થી ૯.૦૦ કલાક દરમ્યાન યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ દિતી દીપેશભાઈ ગુજરાતીએ સ્વાગત ડાન્સ દ્વારા મહેમાનોને આવકાર્યા હતા. ત્યારબાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણ, જ્ઞાતિના પૂર્વપ્રમુખ અને હાલ સમાજના સક્રિય માર્ગદર્શક શ્રી અમૃતલાલભાઈ સોલંકી, મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકી તેમજ અન્ય હોદ્દેદારોએ મહિલા મંડળને શુભકામના વ્યક્ત કરેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ દશાબ્દી મહોત્સવની ઉજવણી માટે મહિલા મંડળ કારોબારી સમિતિની સમગ્ર ટીમને જવાબદાર ગણી હતી.

ત્યારબાદ આર્થિક સહયોગ આપનાર દાતાઓનું પતિ-પત્ની સાથે શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. દરેક પુરૂષની સફળતા પાછળ સ્ત્રી પણ જવાબદાર હોય છે એ ઉદ્દેશથી આ કાર્ય કરવામાં આવેલ. જેમાં સમાજના પ્રમુખ જગદીશભાઈ ડી. ચૌહાણ - પુષ્પાબેન જે. ચૌહાણ, ચંદ્રકાંતભાઈ જે. ચનાણી - ઈલાબેન સી. ચનાણી તેમજ અમૃતલાલભાઈ જે. સોલંકી - મંજુલાબેન એ. સોલંકીનું વિશેષ સન્માન કરવામાં આવેલ.

ત્યારબાદ પૂર્વ મહિલાઓની પ્રવૃત્તિઓના સ્મરણોનું દસ્તાવેજ કન્વીનર સુધા એ. બુધ્ધભટ્ટી દ્વારા રજૂ કરવામાં આવેલ. તેમજ જે તે સમયના મંડળના પ્રતિનિધિઓનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દીપ મહિલા મંડળ, દર્પણ મહિલા મંડળ, યુવક મંડળ, મહિલા પાંખ જેવી સંસ્થાઓ મુખ્ય રહી હતી.

મનોરંજન કાર્યક્રમમાં કપલ રેમ્પ વૉક, એમ.કે.એસ. કોન્ટેસ્ટ તેમજ ડાન્સ હરીફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના નિર્ણાયક શ્રી જતીનભાઈ યાદવ, પાર્થભાઈ શાહ તેમજ ખુશાલી ડી. બુધ્ધભટ્ટીએ સેવા આપેલ. કપલ રેમ્પ વૉકમાં વિવેક પી. ગુજરાતી - હેતલ વી. ગુજરાતી વીનર તેમજ દીપ

પી. સોલંકી - ઉર્વિ બી. ચૌહાણ રનર અપ થયા હતા. જ્યારે એમ.કે.એસ. કોન્ટેસ્ટમાં નીરાલી એલ. પોમલ વીનર તેમજ રૂપ એન. ચનાણી રનર-અપ થયા હતા. ડાન્સ કોમ્પિટીશનમાં રૂપ એન. ચનાણી વીનર જ્યારે મૈત્રી એ. પોમલ રનર-અપ થયા હતા. વિજેતાઓને જ્ઞાતિ હોદ્દેદારો તેમજ મહિલા મંડળ કારોબારી સમિતિના સભ્યો દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમની સાથોસાથ કચ્છ લેવલે "મારા સપનાનું મહિલા મંડળ" શિર્ષક હેઠળ નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં કચ્છના વિવિધ ઘટકોમાંથી ૨૨ એન્ટ્રી આવેલ. જેમાં પ્રથમ સોની ભક્તિ રસીકલાલ (દેશલપર ગુંતલી), દ્વિતીય - કટ્ટા પ્રિન્સી નીતેશભાઈ (નખત્રાણા) અને તૃતીય બારમેડા વરૂણ કાંતિલાલ વિજેતા જાહેર થયેલ. જેમને કારોબારી સમિતિના સભ્યોના હસ્તે ઈનામો આપવામાં આવેલ. નિબંધના નિર્ણાયક જયશ્રીબેન બી. પરમારે સેવા આપેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધા એ. બુધ્ધભટ્ટી તેમજ રૂપ એન. ચનાણીએ કરેલ. તેમજ આભારવિધિ ખુશાલીબેન એસ. બુધ્ધભટ્ટીએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર મહિલા મંડળ કારોબારી સમિતિનો સહયોગ સાંપડ્યો હતો.

## રક્તદાન – મહાદાન

મેડિકલ સેવાને ધ્યાનમાં લઈ તા. ૭-૭-૨૦૧૭ શુક્રવારના રોજ સવારે ૭.૦૦થી ૧૨.૩૦ કલાકે જી.કે. જનરલ હોસ્પિટલ મધ્યે બ્લડ ડોનેશનનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ. જેમાં સમાજના ૨૧ ભાઈ-બહેનોએ સેવાકીય પ્રવૃત્તિ પૂરી પાડી હતી. તા. ૭-૭-૨૦૧૭ના રોજ "શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ"ના શિર્ષક હેઠળ આરંભાયેલ મહિલા મંડળની આ ટીમે અવિરત કાર્ય સાથે ૧૦ વર્ષ પૂર્ણ કરી ૧૧મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો હતો.

આ મેડિકલ કેમ્પ શ્રી કાંતિભાઈ બારમેડા (સોનીભાઈ)ની મદદથી યોજી શકાયો. એમણે જી.કે. જનરલ હોસ્પિટલના બ્લડ બેંકના હોદ્દેદારો સાથે આ કાર્યક્રમની ગોઠવણી કરી આપતાં, આ કાર્યક્રમ સફળતાથી પાર પાડવામાં આવેલ. જે બદલ મહિલા મંડળ વતીથી પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. મહિલા મંડળે અગાઉ પણ "હેલ્ધી બેબી કોમ્પિટીશન"નું વર્ષોવર્ષ આયોજન કરતા, પંચાયતની આરોગ્યશાખા દ્વારા આવા કાર્યક્રમમાં શ્રી કાંતિભાઈ બારમેડા (સોનીભાઈ) તેમજ તેમના પુત્રવધૂ જેષ્ઠાબેન બારમેડા દ્વારા સેવા પૂરી પાડવામાં આવેલ છે. જે બદલ મહિલા મંડળ તેમનું હંમેશાં ઋણી રહેશે.

## ધાર્મિક પ્રસંગ

ધાર્મિક પ્રસંગને ધ્યાનમાં લઈ તા. ૮-૭-૨૦૧૭ શનીવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે લાયન્સ હોલ મધ્યે સત્ય નારાયણની કથા - લાલાજી શણગાર હરીફાઈ તેમજ ધાર્મિક પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવેલ. જેમાં કથાના દાતા જયશ્રીબેન અનિલભાઈ છત્રાળાના હસ્તે પૂજા બાદ જ્ઞાતિના ગોર શ્રી મધુસુદનભાઈ વ્યાસના મુખેથી કથાનું વાંચન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.

ત્યારબાદ ૫.૩૦ વાગ્યાથી મહિલા મંડળના આયોજનથી લાલાજી શણગાર હરીફાઈનું પણ વિશેષ આયોજન કરવામાં આવેલ. જેણે આ પ્રવૃત્તિને ચાર ચાંદ લગાવ્યા હતા. સમાજની અંદાજીત ૨૫ બહેનો પોતાના લાલાજીને વિશેષ શણગારી, તેને નવો ઑપ આપ્યો હતો અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. બહેનો ઉમંગભેર લાલાજીના શણગારને નિહાળી તેમાં ઓતપ્રોત થતી હતી.

લાલાજી શણગાર હરીફાઈના દાતા નર્મદાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટીએ લાલાજીના શણગારને પ્રાધાન્ય આપી આવી હરીફાઈ સમયાંતરે થતી રહે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. આ હરીફાઈમાં પ્રથમ વિજેતા ઉર્વિબેન વત્સલભાઈ ચનાણી, દ્વિતીય વિજેતા માયાબેન કિરણભાઈ છત્રાળા તેમજ હર્ષાબેન દિનેશભાઈ છત્રાળા અને કંચનબેન જટાશંકર બારમેડા પ્રોત્સાહન ઈનામને પાત્ર થયા હતા. પ્રથમ - દ્વિતીય વિજેતાને કારોબારી સમિતિની બહેનો દ્વારા વિશેષ ટ્રોફી તેમજ દાતા વતી જીજ્ઞાબેન નેહલભાઈ બુધ્ધભટ્ટીના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

ઉપરોક્ત હરીફાઈના નિર્ણાયકો સમાજના ગોર શ્રી દિનેશભાઈ વ્યાસ તેમજ ગોવર્ધનનાથજી હવેલીના મુખિયાજી હર્ષદભાઈ દવેએ વિશેષ સેવા આપેલ. જેમને સમિતિ સભ્યો દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

નિર્ણાયકો પોતાનો નિર્ણય જાહેર કરે ત્યાં સુધી ધાર્મિકતાને લગતી પ્રશ્નોત્તરીનું આયોજન તેના દાતા લતાબેન આઈ. સોલંકી દ્વારા કરવામાં આવેલ. જેમાં ધર્મને અનુરૂપ સરળ પ્રશ્નો જયેષ્ઠાબેન એ. બારમેડા દ્વારા પૂછવામાં આવેલ. જેને ખૂબ જ હર્ષોલ્લાસ સાથે બહેનોએ જવાબ આપ્યા હતા. દાતા તરફથી જવાબ આપનાર દરેક બહેનોને લાલાજીની માળા પ્રતીકરૂપ આપવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમોને ચાર ચાંદ લગાવવા દ્વારા સભ્ય શ્રીમતી નીમાબેન બી. આચાર્યે પણ આમંત્રણને માન આપી વિશેષ હાજરી સાથે મહિલા મંડળની આ પ્રવૃત્તિને ખૂબ જ નવાજી

હતી. જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ડી. ચૌહાણ, શ્રી નીતિનભાઈ હેડાઉ, હેમલેખાના તંત્રી અને જ્ઞાતિના મંત્રી શ્રી શાંતિલાલભાઈ સોની, નવીનભાઈ સોની, યુવક મંડળ મંત્રી શ્રી જીગરભાઈ એમ. બુધ્ધભટ્ટી, અનિલભાઈ કે. છત્રાળા, અશોકભાઈ જે. બુધ્ધભટ્ટી ઉપસ્થિત રહી શુભકામના આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર સુધા એ. બુધ્ધભટ્ટીએ સંભાળ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળ કારોબારી સમિતિના દરેક સભ્યોએ સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમના અંતે સૌ હાજર રહેનાર જ્ઞાતિજનોને આઈસ્ક્રીમ તેમજ કથા-પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ. જેની વ્યવસ્થા મહિલા મંડળના સભ્યોએ સંભાળી હતી.

## મહિલા મંડળોના સ્મરણોનો દસ્તાવેજ

- **મહિલા મંડળ**

સૌપ્રથમ ૧૯૭૪ની સાલમાં પ્રેમકુંવરબેન પોમલના નેજા હેઠળ તે સમયની બહેનો સાથે મળી અને સમાજમાં માતાજીને લગતું એટલે કે નવરાત્રી નિમિત્તે ગરબા ગાવા અને વ્યવસ્થિત ગરબા કરવાનું નક્કી કરી પીપળા ફળીયા સ્થિત વંડીમાં ગરબા કરી બહેનોને મળવાનું નક્કી કર્યું અને આ રીતે મહિલાઓને એકઠા થવાની એક તક મળી. અને આ રીતે એક વ્યવસ્થિત મહિલા મંડળ નહીં પણ તેનો મુખ્ય પાયો ૧૯૭૪માં સ્થપાયો જે આજે ખૂબ જ વિશાળ પાયામાં વિસ્તૃત થઈ રહ્યું છે.

- **દીપ મહિલા મંડળ**

આપણે જાણીએ છીએ કે જ્યારે ચાર ચોકડી સાથે મળે એટલે કે બહેનો જ્યાં સાથે મળે ત્યારે તેની વાતમાં કંઈક તો તથ્ય હોય જ છે. ભલે તે સારૂં હોય કે નરસું, પરંતુ કંઈક તો હોય જ... તે રીતે ફક્ત ગરબા જ કરવા એવું નહીં પરંતુ હવે આપણે કંઈક વિશેષ પ્રવૃત્તિઓ પણ પ્રદાન કરીએ એવી ભાવનાથી પ્રેરાઇ અને ચારમાંતી ચાલીસ બહેનો એકઠી થઈ અને "દીપ મહિલા મંડળ" નામ આપી ૧૯૭૯માં તેમની સ્થાપના થઇ. જેમાં પ્રમુખ માટે યોગ્ય ગણી તેમની નિમણુંક કરવામાં આવી અને તેની સાથે ૪ હોદ્દેદારો જેમાં ઉપપ્રમુખ લતાબેન સોલંકી, મંત્રી ઇંદીરાબેન એ. સોલંકી અને ખજાનચી માટે સ્વ. રક્ષાબેન પી. બુધ્ધભટ્ટીની તેમજ અન્ય ૮ બહેનોની કારોબારી સાથે "દીપ મહિલા મંડળ" નામ આપવામાં આવ્યું.

જ્યારે જે તે મહિલા મંડળ સ્થપાય ત્યારે તેમનો મુખ્ય ઉદ્દેશ હેતુ પણ હોય છે. આ મંડળનો મુખ્ય ઉદ્દેશ સીલાઈ કામ શીખવાડી સમાજની બહેનોને રોજગારી મેળવવાની તક આપવી. જે કાર્યને પાર પાડવા જયાબેન એમ. બુધ્ધભટ્ટી (જેમના સુપુત્ર જીગર એમ. બુધ્ધભટ્ટી આજે યુવક મંડળમાં મંત્રીપદ સાથે પોતાની સેવા આપી રહ્યા છે) એ બીડું ઝડપ્યું. ચારથી પાંચ વર્ષ સતત સીલાઈકામની સેવાની સાથોસાથ આ બહેન તેમની દેરાણી સ્વ. રક્ષાબેન પી. બુધ્ધભટ્ટીના સહયોગથી મનોરંજન કાર્યને પણ અનેરો ઓપ મળ્યો. આજે થતાં ગરબા-ડાન્સ જેવા મનોરંજન કાર્યક્રમોમાં મુખ્ય સેવા આપનાર અથવા મુખ્ય પથદર્શક સ્વ. રક્ષાબેન પી. બુધ્ધભટ્ટી કે જેઓ ગરબા હોય કે ડાન્સ કોઈપણ મનોરંજન પ્રવૃત્તિ માટે સમાજની બહેનોને પોતાના ઘેર આમંત્રણ આપી, તેઓ એક સારી સેવા પ્રવૃત્તિ કરી છે.

હવે મનોરંજન કાર્યક્રમની સાથોસાથ સમાજની અન્ય બહેનોને પણ પોતાની સેવા આપવાનું કહેતા વિવિધ પ્રવૃત્તિઓને પણ એક વેગ મળ્યો. જે આજે ખૂબ વિસ્તૃત પામ્યું છે. નિટીંગ એટલે કે ઊનના ક્લાસ જેમાં લતાબેન આઈ. સોલંકીએ ઉમંગભેર સેવા આપેલ. તદ્દુપરાંત મહેંદી હરીફાઈ, હેર સ્ટાઇલ વર્ગ, ગૃહ ઉદ્યોગને લગતા વર્ગ જેમાં સાબુ, શેમ્પુ, ક્રીમ, બામ જેવી આઈટમો શીખવાડી, સમાજની બહેનોને કરકસર કરવાનું જ્ઞાન આપ્યું અને આ રીતે દીપ મહિલા મંડળે અંદાજે ૬થી ૭ વર્ષ કાર્ય કર્યું અને હા, તે સમયગાળા દરમ્યાન શતપંથ સમાજવાડી જે હવેલી તરીકે પ્રખ્યાત વાડીમાં શ્રી શામજીભાઈ છત્રાળા દ્વારા મહિલાઓને તેમની પ્રવૃત્તિઓ માટે એક રૂમ પણ બનાવી આપવામાં આવ્યો અને સમાજના દાતાઓ દ્વારા ચાર સીલાઈ મશીન તેમજ એક નીટીંગ (ઊનની આઈટમ બનાવવાનું) મશીન પણ મહિલા મંડળને અર્પણ કરવામાં આવ્યા. પરંતુ સમય, સંજોગ અને પરિસ્થિતિને ધ્યાનમાં લેતા દીપ મહિલા મંડળની પ્રવૃત્તિઓમાં ઘટાડો થતો ગયો અને દાતાઓ દ્વારા મળેલ સીલાઈ મશીન પણ જરૂરિયાતમંદવાળાને આપ્યા અને આખરે આ મંડળ પર એક પૂર્ણવિરામ લાગી ગયું અને મહિલા મંડળ નામ પર પણ બ્રેક લાગી ગયું.

- **દર્પણ મહિલા મંડળ**

ત્યારબાદ સમયાંતરે વળી નવી બહેનો એકઠી થઈ અને ફરીથી મહિલા મંડળને ધબકતું કરવા વિચારવા લાગી અને એ રીતે ફરીથી "દર્પણ મહિલા મંડળ"નો ૧૯૮૭ દરમ્યાન ઉદય થયો. જેમાં મુખ્ય પ્રતિનિધિ પ્રેમીલાબેન સોની જેમણે શૈક્ષણિક ભાવનાથી પ્રેરાઈ વર્ષો પહેલા બાળકો માટે સ્કૂલની સ્થાપના કરી જે હાલ પણ એટલી જ કાર્યરત છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી સ્થપાયેલા આ મંડળમાં સતત ચાર વર્ષ સુધી એસ.એસ.સી. અને એચ.એસ.સી.ના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ આ બહેન દ્વારા આપવામાં આવ્યું. આજે જ્યારે આપણે

હજારો રૂપિયા આપીને બાળકોને ક્લાસીસોમાં મોકલીએ છીએ ત્યારે આ મંડળે નિઃશુલ્ક શૈક્ષણિક સેવા આપેલ, જે એક ગૌરવની વાત છે. ટ્યુશનની સાથોસાથ આ મંડળમાં જોડાયેલ ભારતીબેન જી. બુધ્ધભટ્ટી અને રીટાબેન એચ. બીજલાણી દ્વારા સમાજનું એકાઉન્ટ કાર્ય તેમજ ઓડિટનું કાર્ય પણ આ બહેનો જે તે સમયમાં સંભાળતી હતી. ઉપરોક્ત પ્રવૃત્તિઓ ઉપરાંત મનોરંજન કાર્યો અને હરીફાઈ પણ યોજવામાં આવતી. જેમાં પ્રીતિબેન એમ. બુધ્ધભટ્ટી (પ્રીતિ શાહ) અને સ્વ. વેજન્તી એમ. બારમેડાનો સહયોગ વિશેષ રહેલ. ફરી સમય જતાં આ મંડળની બહેનો ધીરે ધીરે પોતાના સંસારમાં સ્થાપિત થવા લાગી અને ૧૯૮૬માં સ્થપાયેલ દર્પણ મહિલા મંડળ પર ૧૯૯૦માં બ્રેક લાગી ગયું.

- **યુવક મંડળ મહિલા પાંખ**

સમયાંતરે ફરી મહિલા મંડળને ઉજાગર કરવાનું બીડું યુવક મંડળે ઝડપ્યું. ૧૯૯૪માં શ્રી સુનીલભાઈ એમ. પોમલ અને ચંદ્રકાંતભાઈ સી. ચનાણીના નેતૃત્વ હેઠળ સ્થપાયેલ યુવક મંડળમાં બહેનોને સામેલ કરી મહિલા પ્રવૃત્તિઓને ઉજાગર કરવા આ બંને ભાઈઓએ ચાર બહેનો સુધા એ. બુધ્ધભટ્ટી (મુખ્ય પ્રતિનિધિ), નયના વી. બુધ્ધભટ્ટી, રીટા ટી. પોમલ, જયશ્રી જે. બુધ્ધભટ્ટીને સામેલ કરવામાં આવી અને યુવક મંડળ - મહિલા પાંખ નામ આપવામાં આવ્યું.

હાલ મહિલા મંડળ જે દશાબ્દી મહોત્સવ ઉજવી રહી છે તેનો મુખ્ય પાયો મહિલા પાંખ જ છે કારણકે આ પાંખમાં સમય સંજોગોને ધ્યાનમાં રાખી વિધવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવેલ અને જે તે સમયે થયેલ રોજગારલક્ષી વર્ગો, મનોરંજન કાર્યક્રમો અને હરીફાઈઓને આજે પણ આપણી જ્ઞાતિના સર્વે યાદ કરે છે. જેમાં "એક મિનિટ", "અંતાક્ષરી કાર્યક્રમ" તેમજ અન્ય મનોરંજન કાર્યક્રમ જે યુવક મંડળના નેજા હેઠળ કરવામાં આવેલ જેમાં જ્ઞાતિના બહોળી સંખ્યામાં ભાઈ-બહેનોએ ભાગ લીધેલ અને આવા કાર્યક્રમોમાં નિકિતા એચ. બુધ્ધભટ્ટી અને પીંકી એચ. બુધ્ધભટ્ટી આ બંને બહેનોએ પણ મહિલા પાંખમાં પોતાની સક્રિયતા દર્શાવી હતી. મનોરંજનની સાથોસાથ જે તે સમયે રોજગારલક્ષી કોર્સ બાકી ન હતા કે જે આ મહિલા મંડળમાં ના થયા હોય. કંસારા બજાર સ્થિત યુવક મંડળ હોલમાં યુવક મંડળના સહયોગથી યોજાતા આ કોર્સની ટૂંકમાં માહિતી આપીએ તો –

૧. નિટીંગ ક્લાસ
(ઊનમાંથી બનાવાતી આઈટમ) : રોહિણીબેન બુધ્ધબટ્ટી
૨. વેસ્ટમાંથી બેસ્ટ : રોહિણીબેન બુધ્ધબટ્ટી
૩. ઈંગ્લીશ ગ્રામર : લતાબેન આઈ. સોલંકી
૪. મોતીના ઘરેણા બનાવવા : નયના વી. બુધ્ધભટ્ટી
૫. પરફ્યુમ મેકિંગ : નીતાબેન એન. છત્રાળા
૬. સુતળી વર્ક : ગીતાબેન એસ. હેડાઉ
૭. જરદોશી વર્ક : પ્રીતિ એસ. સોલંકી
૮. રીબન વર્ક : રેનુ એચ. બુધ્ધભટ્ટી
૯. ગ્લાસ પેઈન્ટિંગ વર્ક : ચાની એચ. બુધ્ધભટ્ટી
૧૦. મહેંદી ક્લાસ (અરેબિયન મહેંદી)
૧૧. હેર સ્ટાઈલ
૧૨. કોમ્પ્યુટર ક્લાસ : સુધા એ. બુધ્ધભટ્ટી
૧૩. ટેટીંગ ક્લાસ : સુધા એ. બુધ્ધભટ્ટી
૧૪. કૂકિંગ ક્લાસ : સુધા એ. બુધ્ધભટ્ટી

જેમાં સ્વીટથી માંડી મેક્સિકન ડિસીઝ સુધીની એટલે કે મીઠાઈ, પંજાબી ડિશ, ચાઈનીઝ આઈટમ, બેકરી આઈટમ તેમજ મેક્સિકનની આઈટમો પણ શીખવાડવામાં આવેલ.

ઉપરોક્ત દરેક ક્લાસ આપણા સમાજની બહેનો દ્વારા કરાવવામાં આવેલ. ઉપરાંત અન્ય સમાજના નિષ્ણાત બહેનો દ્વારા પણ વિવિધ ક્લાસીસોનું આયોજન કરવામાં આવેલ. જેમાં જ્ઞાતિની અન્ય બહેનોનો પણ સહયોગ સાંપડ્યો હતો અને એ અનુભવોથી ઘડાઈને જે મહિલા મંડળ કાર્યરત છે તેમનું પરિણામ મહિલા પાંખ જ છે. કહેવાય છે ને એકધારી ચાલતી વ્યવસ્થિત પ્રવૃત્તિઓ કદાચ ઈશ્વરને પણ મંજૂર નહીં હોય અને ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧માં આવેલ ભૂકંપને કારણે યુવક મંડળ હોલ ધ્વસ્ત થતાં મહિલા પાંખની પ્રવૃત્તિઓમાં પણ ઓટ આવવા લાગી અને ધીરે ધીરે યુવક મંડળ મહિલા પાંખને પણ કુદરતની નજર લાગી. આમ ૨૦૦૧થી ૨૦૦૬ સુધી ફરી મહિલા મંડળનું નામ ભૂંસાઈ ગયું એટલે કે મહિલા પાંખની પ્રવૃત્તિઓ પર પૂર્ણવિરામ લાગી ગયું.

પરંતુ આ તો સમાજની બહેનો છે, જે ફરીથી કાર્યશીલ થવા એકઠી થઈ અને ૨૦૦૬માં ફરીથી મહિલા મંડળ બનાવવાની વિચારણાની સાથોસાથ પ્રવૃત્તિની ગાડીએ વેગ પકડ્યો અને અંતે ૨૦૦૭માં લતાબેન આઈ. સોલંકીના પ્રમુખપદે ૭-૭-૨૦૦૭ના વિધિવત મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી. જે ૭-૭-૨૦૧૭ના રોજ સતત દસ વર્ષ કાર્ય કરી ૧૧માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતાં "શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ" ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહે અને આ ટાઈટલના નેજા હેઠળ સતત પ્રવૃત્તિઓ થતી રહે તેવી શુભકામના સાથે આપણે સૌ જ્ઞાતિજનો પ્રાર્થના કરતા રહીએ.

આ મંડળમાં દસ વર્ષમાં કરેલ વિવિધ પ્રવૃત્તિઓમાં સૌપ્રથમ તો નવરાત્રી દરમ્યાન પ્રતિવર્ષ ચનાણી પાર્ટી પ્લોટ મધ્યે નવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવે છે. જેમાં જ્ઞાતિની સમસ્ત બહેનો એકઠી થઈ માતાજીની આરાધના સાથે ગરબા રાસ પણ રમે છે. તદુપરાંત ડિઝાસ્ટર મેનેજમેન્ટ રોહિણીબેન બુધ્ધભટ્ટીના નિદર્શન હેઠળ કરવામાં આવેલ. જે સમાજ માટે અવર્ણનીય રહ્યું હતું. પ્રતિવર્ષ ઉજવાતા અન્ય કાર્યોમાં સમર કેમ્પ, બાળકો માટે વિવિધ ગેઈમ્સો, બહેનો માટે પણ વિવિધ ગેઈમ્સ, વાનગી હરીફાઈ, યોગા ક્લાસ, એરોબિક્સ, મેડિકલ પ્રવૃત્તિમાં 'માં' કાર્ડ બનાવી આપવામાં પણ આ મંડળ સતત પ્રવૃત્ત રહેલ. જેમાં લતાબેન સોલંકીના નિદર્શન હેઠળ મહેશભાઈ કંસારાનો વિશેષ સહયોગ રહ્યો હતો. ઉપરાંત બદલાતા સમયની સાથે સાથે શીતલ એ. બુધ્ધભટ્ટી દ્વારા વિવિધ જાતની રંગોળી, કુશન કવર, ટેટીંગ ક્લાસનું પણ આયોજન કરવામાં આવેલ. જીજ્ઞાબેન સોલંકીના નિદર્શન હેઠળ "હેલ્ધી કોલ્ડડ્રિંક્સ" પણ શીખવાડવામાં આવેલ. 'હેલ્ધી બેબી' તેમજ અન્ય ઘણા રચનાત્મક કાર્યો પણ આ મંડળમાં સમયાંતરે થતા રહે છે. જેમાં કારોબારીની દરેક બહેનોનો સહયોગ વિશેષ રહે છે.

## ૨૦૧૫થી ૨૦૧૭ સુધીની મહિલા મંડળની કારોબારી

### શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

દશાબ્દી મહોત્સવ કારોબારી સમિતિના સભ્યો જેમના સહયોગથી આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ.

૧. રોહિણીબેન ભરતભાઈ બુધ્ધભટ્ટી - પ્રમુખશ્રી
૨. સુધા અમૃતલાલ બુધ્ધભટ્ટી - ઉપપ્રમુખશ્રી
૩. લતાબેન ઈંદુલાલ સોલંકી - મંત્રીશ્રી
૪. ખુશાલી સંજયભાઈ બુધ્ધભટ્ટી - સહમંત્રી
૫. અરૂણાબેન નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી - ખજાનચી
૬. જયશ્રી જેંતીલાલ બુધ્ધભટ્ટી - સહ ખજાનચી
૭. શીતલ અરૂણભાઈ બુધ્ધભટ્ટી - સભ્ય
૮. જયશ્રી અનિલભાઈ છત્રાળા - સભ્ય
૯. ઈંદીરા યોગેશભાઈ સોલંકી - સભ્ય
૧૦. ભાવનાબેન અનિલભાઈ ચનાણી - સભ્ય
૧૧. નીલાબેન મોહનલાલ પોમલ - સભ્ય
૧૨. ભાવનાબેન વિજયભાઈ બુધ્ધભટ્ટી - સભ્ય
૧૩. પુષ્પાબેન જગદીશભાઈ ચૌહાણ - સભ્ય
૧૪. પ્રીતિ દિલીપભાઈ બગ્ગા - સભ્ય
૧૫. માલતી નરેશભાઈ ગુજરાતી - સભ્ય
૧૬. રીટા દીપકભાઈ બુધ્ધભટ્ટી - સભ્ય

## મુંબઈ મહિલા મંડળ નૂતન કારોબારી રચના



**શોભનાબેન બારમેડા**
**પ્રમુખ**



**કામીનીબેન બીજલાણી**
**ઉપપ્રમુખ**




**ભારતીબેન સોની**
**મંત્રી**



**વીણાબેન બગ્ગા**
**સહમંત્રી**



**કવિતા સોની**
**સાંસ્કૃતિક કાર્યકર્તા**



**નિશા સોની**
**સાંસ્કૃતિક કાર્યકર્તા**



**કાજલ સોની**
**ખજાનચી**



**સંગીતા બુધ્ધભટ્ટી**
**સહ ખજાનચી**

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

અતુલ સોની

## અમદાવાદ કારોબારીની કપલ મિટીંગ





સમાજના અગ્રણીઓના પારિવારિક સંબંધો વિકસે અને સામાજીક કાર્યોમાં મહિલાઓની ભાગીદારી વધે એ હેતુથી અમદાવાદ સમાજ દ્વારા એક વિશિષ્ટ પરંપરા ચાલુ કરવામાં આવેલ છે. સમાજ કારોબારીના સભ્યો વારાફરથી પોતાના નિવાસ સ્થાને કપલ મિટીંગનું આયોજન કરે છે.

ગત તા. ૧૮-૬-૨૦૧૭ના રોજ સમાજના અગ્રણી અને મેઇડ-એઇડ યોજનાના કન્વીનર શ્રી ગીરીશભાઈ કાંતિલાલ બારમેડાના નિવાસ સ્થાને સમાજ અગ્રણીઓ અને આમંત્રિત મહેમાનો સજોડે મળી સમાજના વિકાસ માટે સહચિંતન કરવામાં આવેલ. જ્ઞાતિ પ્રમુખ શ્રી જયમીનભાઈ સોની, ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ઘડિયાળી, માનદ્ મંત્રી શ્રી અતુલ સોની, ખજાનચી શ્રી પ્રશાંત બીજલાની, શ્રી સુનીલ બીજલાની કારોબારી સભ્ય નીલેશભાઈ સોનીએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધેલ. આ પ્રસંગે અલ્પા જયમીનભાઈ, સંધ્યાબેન જયેશભાઈ, હંસાબેન અતુલભાઈ, મધુબેન પ્રશાંતભાઈ, સીમાબેન સુનીલભાઈની વિશેષ ઉપસ્થિતિ રહેલ. સમૂહ ભોજનનું સુંદર આયોજન શોભનાબેન ગીરીશભાઈ દ્વારા કરવામાં આવેલ. જેમાં દીપા, દિતી, પ્રણાલી, રાજ, કશિશ, અંજલી વગેરેએ ઉત્સાહપૂર્વક સહયોગ આપેલ. આ દિવસે 'ફાધર્સ ડે' હોવાથી કેક કાપી ઉજવણી કરવામાં આવેલ. મિટીંગમાં સમાજના દર્દીઓને મદદરૂપ થતી 'Med Aid' યોજનાના અમલના વિવિધ પાસાઓ પર ચર્ચા વિચારણા કરી તેનો વ્યાપ વધારવા કાર્ય કરવાનું નક્કી કરવામાં આવેલ.

## અમદાવાદ જ્ઞાતિ મહિલા મંડળ

- અલ્પાબેન જયમીનભાઈ સોની - પ્રમુખ
- શોભનાબેન ગીરીશભાઈ સોની - ઉપપ્રમુખ
- હંસાબેન અતુલકુમાર સોની - માનદ્ મંત્રી
- મધુબેન પ્રશાંતભાઈ બીજલાની - સહમંત્રી
- પૂર્વીબેન દીપેશભાઈ સોની - ખજાનચી
- ગીતાબેન રાજેન્દ્રભાઈ સોની - કારોબારી સભ્ય
- મનીષાબેન નીલેશભાઈ સોની - કારોબારી સભ્ય
- સોનલબેન આશિષભાઈ સોની - કારોબારી સભ્ય
- નીતાબેન હરેશભાઈ સોની - કારોબારી સભ્ય
- પ્રિયંકાબેન આશિષભાઈ સોની - કારોબારી સભ્ય
- આરતીબેન રવિભાઈ પરમાર - કારોબારી સભ્ય

## અમદાવાદ જ્ઞાતિ યુવક મંડળ

- હર્ષદભાઈ રમેશભાઈ સોની - પ્રમુખ
- વ્રજેશ મનુભાઇ કોટડિયા - ઉપપ્રમુખ
- આશિષ કનુભાઈ સોની - માનદ્ મંત્રી
- નીતિન શામજીભાઈ સોની - ખજાનચી
- ધવલ રાજેન્દ્રભાઈ સોની - સહ ખજાનચી
- મનન ગીરીશભાઈ સોની - કારોબારી સભ્ય
- ધવલ યોગેશભાઈ સોની - કારોબારી સભ્ય
- શાલીન જયમીનભાઈ સોની - કારોબારી સભ્ય
- આશિષ હસુભાઈ સોની - કારોબારી સભ્ય
- રવિ જશવંતભાઈ પરમાર - કારોબારી સભ્ય

# અંજાર મહિલા મંડળ દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન

અંજના એન. પોમલ

અંજાર જ્ઞાતિના મહિલા મંડળ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રથમ બે સોમવારના શિવ મહિમ્ન સ્તોત્ર તથા ભજન સત્સંગ રાખવામાં આવ્યા હતા. સુદ એકાદશીના કાલીકા માતાજી મંદિર મધ્યે ભજન સત્સંગ તથા લાલાજીની વિવિધ લીલાઓ (કૃષ્ણલીલા) સ્પર્ધા રાખવામાં આવી હતી તથા વદ એકાદશીના શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર મધ્યે રૂદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું.



લાલાજીની વિવિધ લીલાઓની સ્પર્ધામાં જ્ઞાતિની ૧૯ બહેનોએ ભાગ લીધો હતો. તેઓ દરેક સ્પર્ધક બહેનોએ લાલાજીની વિવિધ લીલાઓના પોતાની આગવી સુઝ દ્વારા કલાત્મક રીતે શણગારી ઉપસ્થિત બહેનોને લીલાઓના દર્શન કરાવ્યા હતા. જેમાં લાલાની વિવિધ લીલાઓ પૈકી કાન્હાના રાધા સાથેના અલૌકિક વન વિવાહ, ગોવર્ધન ધારણ લીલા, મોડર્ન લાલો, મા જશોદા મૈયા કાન્હાના તોફાનથી અને ગોપીઓની ફરિયાદથી તંગ આવી તેને ખાંડણિયે બાંધે છે, દ્રૌપદી ચીરહરણ, કાન્હાને ઓધવજી મથુરા લઈ જાય છે તે ઉપરાંત નૌકાવિહાર, વનવિહાર, મટકી ફોડ લીલા, રાસલીલા વગેરેના ભાવથી બહેનોએ લાલાની વિવિધ લીલાઓ શણગારી હતી. જેમાં નેહલબેન ગોહીલ તથા મીતાબેન આશરે નિર્ણાયક તરીકેની સેવા આપી હતી. જેમાં પ્રથમ વિજેતા કુંતલબેન બુધ્ધભટ્ટી, દ્વિતીય વિજેતા દક્ષાબેન બુધ્ધભટ્ટી તથા તૃતીય વિજેતા તરૂણાબેન બુધ્ધભટ્ટી રહ્યા હતા. બંને નિર્ણાયક બહેનોએ જણાવેલ કે દરેક સ્પર્ધક ખૂબ જ મહેનત અને ભાવથી લાલાની લીલાઓ પ્રદર્શિત કરી છે. દરેક સ્પર્ધકોને અભિનંદન આપેલ અને આટલી બહોળી સંખ્યામાં ઉપસ્થિત બહેનોને અને આ ધાર્મિક કાર્યક્રમના આયોજનને બિરદાવેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે દર સાલ મંડળ દ્વારા લાલાના હિંડોળા દર્શન, હિંડોળા સ્પર્ધા, લાલાની પિકનીક જેવા ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવે જ છે. બહેનોને તેનો ખ્યાલ હોય જ છે. પણ તેની જાણ અગાઉ કરવામાં આવે છે. પણ આ વર્ષે ભારે વરસાદની આગાહીના કારણે કાર્યક્રમ રાખવાનું અગાઉ નક્કી ના હતું પણ વરસાદના વિરામ બાદ તા. ૩૧-૭ના પ્રોગ્રામનું ફાઈનલ કરવામાં આવ્યું અને તા. ૩-૮ના કાર્યક્રમ રાખવામાં આવેલ. ૨-૩ દિવસના સમયગાળામાં પણ બહેનોએ ઉત્સાહથી મહેનત કરી ખૂબ જ સુંદર લીલાઓ શણગારી. તે માટે દરેક સ્પર્ધક બહેનો અભિનંદનને પાત્ર કહી શકાય.

મહિલા મંડળના આવા ધાર્મિક પ્રોગ્રામની ફળશ્રુતિ સમાન એ કહી શકાય કે બહેનોમાં લાલા પ્રત્યે સેવાનો ભાવ જાગૃત થાય છે. એક-બે બહેનોએ જણાવેલ કે તેઓના ઘરે લાલાની સેવા હતી નહીં પણ આ પ્રોગ્રામ દ્વારા તેમને સેવાનો ભાવ જાગ્યો અને પોતાના ઘરે સેવાના લાભ માટે લાલાજીના સ્વરૂપને પધરાવેલ.

## પૂર પીડિતોની સહાયતા માટે સેવા યજ્ઞ

આપણા સૌનું પ્રિય એવું વૉટ્સએપ પણ ક્યારેક તેના અતિરેકથી ત્રાસી પણ જઈએ છીએ. પણ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ તો કામનું પણ છે. તેનું ઉદાહરણ વાંચો.



અંજાર જ્ઞાતિના મહિલા મંડળના સભ્ય જ્યોતિબેન હરીશભાઈ બારમેડા તેઓની યોગ્ય સુઝ અને સમજ દ્વારા જ્ઞાતિજનોને સેવાયજ્ઞ કરવાનો લાભ મળ્યો. તાજેતરમાં બનાસકાંઠામાં આવેલ પૂરથી લોકો બેહાલ થયા છે, ત્યારે આપણે તેમને પ્રાથમિક જરૂરિયાત સમાન તેઓને મદદરૂપ થવા ફુડ પેકેટ પહોંચાડવા જોઈએ તેવી જ્યોતિબેનને સ્ફુરણા થઈ. અને તે મેસેજ અંજાર જ્ઞાતિની મહિલા મંડળના હોદ્દેદારોને જાણ કરી અને જ્ઞાતિની બહેનોનું વોટ્સએપ ગ્રુપ દ્વારા બહેનોને જાણ કરવામાં આવી અને દરેક બહેનોએ પોતાનો વિચાર વૉટ્સએપ દ્વારા વ્યક્ત કરવા લાગ્યા અને ઓનલાઈન મિટીંગ કરી ફુડપેકેટ બનાવવા માટેનું ફાઈનલ કરવામાં આવ્યું અને આ કાર્યમાં ભાઈઓએ પણ સહકાર આપ્યો હતો. તા. ૨૭-૭ના જરૂરી સામગ્રી લઈ જ્ઞાતિના ૩૫-૪૦ ભાઈઓ અને બહેનોએ મળી ફુડપેકેટ તૈયાર કર્યા. જેમાં કડક પૂરી અને ચેવડાના ૫૦૦ જેટલા ફુડ પેકેટ તૈયાર કર્યા અને તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પૂરગ્રસ્ત સુધી પહોંચાડવામાં આવ્યા.

સારા કામની શરૂઆત કોઈપણ વ્યક્તિ કરી શકે છે. જેમાં સહુનો સાથ સહકાર તન-મન અને ધનથી મળી જ રહે છે. અહીં પણ સહુનો સાથ સહકાર મળી રહ્યો હતો તે પણ કેવી વિકટ પરિસ્થિતિમાં! એ દિવસે ફુડ પેકેટ તૈયાર કરવામાં આવેલ ત્યારે અહીંનું વાતાવરણ પણ સારૂં ન હતું. વરસાદ ચાલુ હતો અને ભારે વરસાદની આગાહી હતી. તેવી પરિસ્થિતિમાં પણ જ્ઞાતિના ભાઈઓ અને બહેનો આ સેવા યજ્ઞમાં જોડાયા હતા. મહિલા મંડળના સભ્ય જ્યોતિબેનની સુઝ અને જવાબદારી દ્વારા સહુને સેવાયજ્ઞ કરવાનો લાભ મળ્યો.

# શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જુનાગઢ

રંજનબેન એન. પોમલ

## સમસ્ત મારૂ કંસારા મહિલા સંમેલન

ગરવા ગીરનારની ગોદમાં નરસિંહ મહેતાની કર્મભૂમિમાં ગીરીકંદરા એવા જુનાગઢમાં "શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જુનાગઢ" આયોજીત "શ્રી મારૂ કંસારા મહિલા સંમેલન" મહિલા દિન નિમિત્તે તા. ૯-૩-૨૦૧૭ના રોજ મળેલ. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપેલ. આ સંમેલનનું ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્ય ગુજરાત સમસ્ત કંસારા સમાજ મહિલા મંડળના પ્રમુખ શ્રી જશુબેન કંસારા, મંત્રી શ્રી ઉર્મિલાબેન કંસારા, જુનાગઢ આગેવાન ક્રિષ્નાબેન ડી. બારમેડા, પ્રમુખશ્રી રંજનબેન પોમલ, અંજનાબેનનાં હસ્તે કરવામાં આવ્યું.



શ્રી મારૂ કંસારા મહિલા સંમેલનનું સંચાલન કાર્ય પૂર્ણાબેન હેડાવ અને હર્ષિદાબેન પરમારે સંભાળેલ. શરૂઆત હર્ષિદાબેન પરમારે પ્રાર્થના ગીત ગાઈને કરેલ. આવેલ મહિલા આગેવાનોનો પરિચય ક્રિષ્નાબેન બારમેડાએ કરાવેલ તેમજ પુષ્પગુચ્છ દ્વારા પારૂલબેન બુધ્ધ, વૃષાલીબેન બુધ્ધ, સોનલબેન છત્રાળા, મીનાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ.



જુનાગઢ મહિલા મંડળના પાયાના પથ્થર ગો.વા. કવિતાબેન સી. પરમારનું યુવાનવયે દુઃખદ દેહવિલય થતાં તેમના દિવ્ય આત્માને શાંતિ અર્થે બે મિનિટનું મૌન સાથે ઈશ્વરનું સ્મરણ કરેલ. ત્યારબાદ આ મહિલા સંમેલનની પૂર્વભૂમિકા તથા વિગતવાર માહિતી ક્રિષ્નાબેન બારમેડાએ રજૂ કરેલ. સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત રાજસ્થાની ઘુમ્મર રાસથી કરવામાં આવેલ. આ રાસનૃત્યથી લાગતું હતું કે આપણે રાજસ્થાન ચાલ્યા ગયા હોઈએ તેવો અહેસાસ થતો હતો. આમાં ભાગ લેનાર વૃષાલીબેન બુધ્ધ, માનસીબેન સોલંકી, અર્ચનાબેન બુધ્ધ, મનીષાબેન બુધ્ધ, ઉન્નતિબેન બુધ્ધ, અમિતાબેન બુધ્ધ – આ બહેનોએ સુંદર રીતે રજૂ કરેલ. મહિલા મંડળનાં પ્રમુખશ્રી રંજનબેન પોમલે સ્ત્રી સશક્તિકરણ વિશે જણાવેલ.

દીકરી શું છે? તે મા-બાપને કેટલી ઉપયોગી થાય તે બાબતનું મોનો એક્ટીંગ નાટક રજૂ કરતા બૈજુલ પરમાર, રાધિકા બારમેડા, ઉતસ્વી સોલંકીએ સરસ ચહેરાના હાવભાવ, એક્ટીંગ દ્વારા રજૂ કરેલ. આ નાટકમાં દીકરા-દીકરીના ભેદભાવ સમાજમાં ન હોવા જોઈએ તેવી રજૂઆત હતી. આ નાટક સ્ક્રીપ્ટ સમજ શ્રી કીર્તિબેન પરમારે આપેલ. આજના યુગમાં સ્ત્રી ભ્રૂણ હત્યાનાં બનાવો અટકાવવા બાબતે મહિલા મંડળના ઉપપ્રમુખ વૃષાલીબેન બુધ્ધે છણાવટથી માહિતી આપેલ.

આનલબેન સોલંકીએ સ્ત્રીનાં જીવન ચરિત્ર, સ્ત્રીનાં લગ્ન થયા પછી શું શું તકલીફો પડે, તેનું જીવન તેના માટે નહીં પરંતુ કુટુંબ બાળકો, પતિ, સમાજ માટે સર્વસ્વ હોય, ગો.વા. રતિકાંતાબેન હેડાઉ, જે નાની ઉંમરે વિધવા થયેલ, તેમના સંઘર્ષની વાતો કરતાં કરતાં સૌના આંખમાં આંસુ આવી ગયા. આમ, આનલબેન સોલંકીનાં સ્ત્રી વિશેની લાગણી કાર્યો વિશે અનેક ઉદાહરણો આપ્યા, જે દિલમાં વસી ગયા. તેઓની રજુઆત, છણાવટ આકર્ષક હતી. ત્યારબાદ સોનલબેન છત્રાળાએ આજના યુગમાં દરેક ક્ષેત્રમાં નારીએ કરેલા કાર્યો રાજકીય ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, ગીત-સંગીત વૈજ્ઞાનિક દરેક ક્ષેત્રે જુનાગઢથી ભારત સુધીના શ્રેષ્ઠ નારીઓના કયા કર્મોથી નામના મળેલ તે વિગતો જુનાગઢના હેમાબેન આચાર્ય, લોકગીત ગાયીકા દિવાળીબેન ભીલ, ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી ઈંદીરા ગાંધી, લતા મંગેશકર વગેરેએ જે જે કાર્ય કર્યા તેની વિગતવાર માહિતી આપીને કહ્યું કે મહિલા શું શું નથી કરી શકતી? મહિલાઓ ચાંદ ઉપર પહોંચી છે. મહિલાઓએ આત્મબળ મજબૂત કરીને આગળ વધવું જોઈએ. આમ સોનલબેન છત્રાળાએ સુંદર રજુઆત કરેલ.

આ મહિલા સંમેલનમાં સવિશેષ ફાળો જેમકે કુટુંબ - સામાજીક, આર્થિક ક્ષેત્રે, વ્યવસાયીક ક્ષેત્રે, યોગદાન આપેલ બહેનોનું - મહિલાઓનું સન્માન ક્રિષ્નાબેન ડી. બારમેડા તરફથી (૧) ઉષાબેન બુધ્ધભટ્ટી, (૨) રેખાબેન બુધ્ધ, (૩) પ્રફુલ્લાબેન

બુધ્ધબટ્ટી, (૪) મીનાબેન હેડાઉ, (૫) ભાવનાબેન પોમલ, (૬) નયનાબેન બુધ્ધબટ્ટી, (૭) પૂર્ણાબેન હેડાઉ – આમ સાત બહેનો - મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમની સાથોસાથ શિયાળા - ઉનાળાનું મિશ્રણ હોઈ નયનાબેન બુધ્ધભટ્ટી, છાયાબેન બુધ્ધબટ્ટી તરફથી ઠંડાઈ કરવા શરબત પીવડાવેલ. ગુજરાત કંસારા સમાજનાં પ્રમુખ જશુમતીબેન કંસારા, મંત્રી શ્રી ઉર્મિલાબેન કંસારાનું ક્રિષ્નાબેન બારમેડા, વૃષાલીબેન બુધ્ધ તેમજ મહિલા મંડળનાં પ્રમુખ રંજનબેન પોમલનું સન્માન કરવામાં આવ્યું.

શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢનાં આગેવાનોને નિમંત્રણ આપવામાં આવેલ. તેમાં પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધબટ્ટી, ડૉ. ડી. એન. બારમેડા, ડૉ. શૈલેષભાઈ બારમેડા, ડૉ. અભિષેક બારમેડા, કરશનભાઈ બુધ્ધ, મહેશભાઈ છત્રાળા, રાધેભાઈ સોલંકી, રવિ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. તેમજ પ્રથમ મહિલા સંમેલન બોલાવવાનું કામ ક્રિષ્નાબેન બારમેડાએ કરેલ તેથી યુવક મંડળે ક્રિષ્નાબેન બારમેડાનું શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અર્પણ કરેલ. સરીતાબેન બુધ્ધ, રંજનબેન સોલંકીએ જશુબેન કંસારાને ઉષાબેન બુધ્ધબટ્ટી, ઉર્મિલાબેનનું ઇંદુબેન હેડાવ તેમજ રંજનબેન પોમલનું સોનલબેન છત્રાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ મહિલા સંમેલન બોલાવવા અંગે યુવક મંડળના શ્રી રાધેભાઈ સોલંકીએ ક્રિષ્નાબેન બારમેડા - મહિલા મંડળનો ખૂબ ખૂબ આભાર માનેલ.

શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જુનાગઢ તરફથી આ સંમેલનના મુખ્ય આયોજક ક્રિષ્નાબેન બારમેડાએ ભેટ અર્પણ રંજનબેન પોમલ, વૃષાલીબેન, પારૂલબેન બુધ્ધે કરેલ.

આ કાર્યક્રમનું નિરીક્ષણ કર્યા બાદ પ્રમુખ શ્રી જશુબેન કંસારાએ ગુજરાત કંસારા સમાજે આવા સંમેલનો દરેક શહેરોમાં બોલાવવા જોઈએ તેમજ મહિલાઓને જાગૃતિ લાવવા ભાર મૂકેલ. તેમજ મંત્રીશ્રી ઉર્મિલાબેને મહિલાઓને કેવી રીતે જીવનમાં આગળ વધવું તે બાબતે જણાવેલ.

આ મહિલા સંમેલનને સફળ બનાવવા પ્રમુખ રંજનબેન પોમલ, ક્રિષ્નાબેન બારમેડા, પારૂલબેન બુધ્ધ, રંજનબેન સોલંકી, વૃષાલીબેન, મીનાબેન સોલંકી, અર્ચનાબેન બુધ્ધ, નયનાબેન બુધ્ધે સંકલન કરીને ઘટ્યા પ્રયાસો કરીને મહિલા સંમેલનને સફળ બનાવેલ.

છેલ્લે આભારવિધિ શીલાબેન બારમેડાએ મહેમાનો તથા સૌનો આભાર વ્યક્ત કરીને કરેલ તેમજ આવા સંમેલન બોલાવવા જણાવેલ.

અલ્પાહારની જવાબદારી યુવક મંડળ - જુનાગઢના શ્રી પરેશભાઈ બુધ્ધબટ્ટી, ડૉ. અભિષેક બારમેડા, મહેશ છત્રાળા, રવિ પરમાર, રાધેભાઈ સોલંકી, મંથન બારમેડાએ સંભાળેલ.

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

### રાયપુર ખાતે શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું આયોજન

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુરમાં સત્સંગ મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન તા. ૨૯-૧૦-૨૦૧૭થી તા. ૫-૧૧-૨૦૧૭ સુધી કરવામાં આવેલ છે. શ્રીમદ્ ભાગવત કથાની પોથીની દર રકમ રૂા. ૨૫,૦૦૦/- રાખેલ છે. પોથી આપવાની ઈચ્છા ધરાવનાર યજમાનોને તા. ૩૦-૯-૨૦૧૭ સુધી નામ નોંધાવી દેવા વિનંતી.

કથાનું આયોજન સંપૂર્ણ ભારતમાં વસતા શ્રી મારૂ કંસારા સોની સમાજના પરિવારો માટે રાખવામાં આવેલ છે.

મુખ્ય યજમાન રાશિ : રૂા. ૧,૦૦,૦૦૦/-

પ્રતિદિન પ્રસાદ ભોજન માટે રૂા. ૩૧,૦૦૦/-ની રાશિ નિશ્ચિત કરવામાં આવેલ છે.

પ્રસાદ વ્યવસ્થા અથવા મુખ્ય યજમાન બનવા માંગતા હોય એવા ઈચ્છુક યજમાને નીચે જણાવેલ ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી.

***(૧) પુષ્પાબેન : ૯૮૨૬૬ ૧૨૨૨૦, (૨) પૂર્ણિમાબેન : ૯૦૯૮૪ ૦૪૧૫૫, (૩) મીતાબેન : ૯૦૪૮૧ ૬૮૧૮૧***

***નોંધ : બહારગામથી આવનાર યજમાને રહેવાની વ્યવસ્થા સ્વયં કરવાની રહેશે. રાત્રી ભોજનની વ્યવસ્થા મંડળ તરફથી રાખવામાં આવશે.***


# શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની યુવક મંડળ

શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોનીના યુવક મંડળની નવરચના માટેની જનરલ મિટીંગ તા. ૭-૮-૨૦૧૭ને રવિવારના રોજ નખત્રાણા સોની સમાજવાડી મધ્યે મળી હતી. જેમાં પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ શ્રી ધનજીભાઈ બુધ્ધભટ્ટી, મહામંત્રી શ્રી હીરાલાલભાઈ બગ્ગા તથા હોદ્દેદારો અને કારોબારીના સભ્યોની ઉપસ્થિતિમાં પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળના હોદ્દેદારો અને કારોબારીની રચના કરવામાં આવી. જેમાં અગાઉથી યુવક મંડળના પ્રમુખ તરીકે પ્રફુલભાઈ એસ. કંસારા, મહામંત્રી તરીકે મેબ્રીનભાઈ આર. બગ્ગા તથા ખજાનચી તરીકે હર્ષિલ જે. સોનીની વરણી કરવામાં આવી હતી. આ મિટીંગમાં યુવક મંડળના નવનિયુક્ત સર્વે હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી હતી જે ઉપસ્થિત જ્ઞાતિના આગેવાનો તથા નવનિયુક્ત સર્વે હોદ્દેદારો અને સભ્યોએ આવકારી હતી.

આ મિટીંગમાં પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી હેમેન્દ્રભાઈ કંસારા, પૂર્વ પ્રમુખ શ્રી લખમશીભાઈ કોટડિયા, ખજાનચી શ્રી જયેશભાઈ કટ્ટા, સહ ખજાનચી શ્રી બ્રેગીનભાઈ આર. સોની, સહમંત્રી રમેશભાઈ કંસારા, ગંગારામભાઈ કટ્ટા, શંકરભાઈ બુધ્ધભટ્ટી, રમણિકભાઈ સાકરીયા વગેરે મંચસ્થ રહ્યા હતા. પ્રારંભમાં સ્વાગત પ્રવચન યુવક મંડળના મહામંત્રી મેબ્રીન આર. બગ્ગાએ કર્યું હતું. જ્યારે પ્રાસંગિક પ્રવચન યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઈ કંસારાએ કર્યું હતું તેમજ આગામી સમયમાં યુવક મંડળ દ્વારા કરવાના વિવિધ કાર્યક્રમો તથા સામાજીક કાર્યો માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. શિક્ષણ તથા મેડિકલને લગતા પ્રોગ્રામો માટે કાર્યક્રમ નક્કી કરવામાં આવશે.

આ મિટીંગમાં પશ્ચિમ કચ્છના ત્રણે તાલુકાના સદસ્યો હાજર રહ્યા હતા. જેમાં નખત્રાણા, કોઠારા, નલીયા, દયાપર, વર્મા નગર, રવાપર, નેત્રા તેમજ વિથોણના યુવકો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ધીરજભાઈ બારમેડા, રાજેશભાઈ હેડાઉ, અશ્વિન સોની, પ્રફુલ બારમેડા, નરેશભાઈ સોની, સેફ્ટીન કટ્ટા, પૂજન કટ્ટા, દીપક કટ્ટા, શ્રેયસ કંસારા, હર્ષિલ સોલંકી, કમલેશ કટ્ટા, યશ કટ્ટા, મલય સોની, કિશોર સોની, હિતેશ સોની વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન વરૂણ સોની અને આભાર દર્શન દીપક જી. કટ્ટાએ કર્યું હતું.



**પ્રફુલ ગુજરાતી**
**નખત્રાણા**
**પ્રમુખશ્રી**




**મેબ્રીન બગ્ગા**
**નખત્રાણા**
**મહામંત્રીશ્રી**



**દીપક જી. કટ્ટા**
**નખત્રાણા**
**ઉપપ્રમુખશ્રી**



**ધીરજ બારમેડા**
**નખત્રાણા**
**ઉપપ્રમુખશ્રી**




**પ્રફુલ પરમાર**
**મોથાળા**
**ઉપપ્રમુખશ્રી**



**પ્રફુલ બારમેડા**
**દયાપર**
**ઉપપ્રમુખશ્રી**



**અશ્વિન કોટડિયા**
**વર્માનગર**
**ઉપપ્રમુખશ્રી**



**દિનેશ બારમેડા**
**નેત્રા**
**ઉપપ્રમુખશ્રી**



**રાજેશ હેડાઉ**
**નખત્રાણા**
**મંત્રીશ્રી**



**નીલેશ કટ્ટા**
**વિરાણી (મોટી)**
**મંત્રીશ્રી**



**વિપુલ બારમેડા**
**રવાપર**
**મંત્રીશ્રી**



**રાજેશ સકરીયા**
**નલીયા**
**મંત્રીશ્રી**



**રવિન બારમેડા**
**નલીયા**
**મંત્રીશ્રી**

# શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

નીતિનભાઈ પોમલ તથા કિરણબેન બારમેડા

## શ્રાવણ અમાવસ્યા જ્ઞાતિમેળો

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા તા. ૨૦-૮-૨૦૧૭ને રવિવારના શ્રી કૌશિકભાઈ કિશોરભાઈ કટ્ટાની અધ્યક્ષતામાં જ્ઞાતિ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાયપુરમાં દર વર્ષે થતો શ્રાવણ અમાસનો જ્ઞાતિ મેળાવડો જેમાં સવારથી રાત સુધી સાંસ્કૃતિક કાર્યક્રમો, રચનાત્મક કાર્યો, સેવા કાર્યોની સાથે શૈક્ષણિક પુરસ્કાર જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ દિવસે સમાજના દરેક સદસ્ય પોતાના કામકાજ, દુકાનો બંધ રાખીને સમાજમાં પોતાની ઉપસ્થિતિ દર્શાવે છે. આ દિવસની દરેક જ્ઞાતિજનો પ્રતીક્ષા કરતા હોય છે. એકમેકને મળવાના આ ઉત્સવમાં ભાગ લઈને બહેનો પોતાની રચનાત્મકતા પ્રદર્શિત કરે છે.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્જવલનની સાથે અધ્યક્ષ શ્રી કૌશિકભાઈ કટ્ટાના સંબોધન દ્વારા કરવામાં આવી. યુવા મંડળ અધ્યક્ષ શ્રી નિકુંજભાઈ પોમલ અને મહિલામંડળ અધ્યક્ષ શ્રીમતી કિરણબેન દીપકકુમાર બારમેડા દ્વારા આજના કાર્યક્રમોની સંક્ષિપ્ત માહિતી સાથે ભાષણને વિરામ આપ્યું.




સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત રૂપે કુ. પૂર્વી મનીષભાઈ બારમેડા દ્વારા ગણેશ વંદના નૃત્યની પ્રસ્તુતિ અપાઈ. એ પછી નાના નાના ભૂલકાઓ (૦ થી ૫ વર્ષ)નું ફેન્સી ડ્રેસ. જેનો વિષય પર્યાવરણ રાખવામાં આવ્યો હતો. જેમાં દરેક ઉત્સાહિત મમ્મીઓએ પોતાનાં બાળકોને પર્યાવરણ સંબંધિત લોકોમાં જાગરૂકતા ફેલાવવાનો ભરપૂર પ્રયાસ કરતા પાણી બચાવો, ઝાડ ઉગાડો, પોલીથીનનો વપરાશ બંધ કરો, પર્યાવરણને પ્રાથમિકતા આપવા જેવા અનેક મેસેજ આપતા બાળકોને અવનવા ડ્રેસઅપમાં તૈયાર કર્યા હતા. ખૂબ જ સરસ કાર્યક્રમને લોકોએ ભરપૂર તાળીઓથી વધાવ્યો હતો.

એ પછી ૬ વર્ષથી ઉપરની આયુવાળા બાળકો માટે સોલો પરફોર્મન્સનો કાર્યક્રમ હતો. જેમાં ફિલ્મી ગીતો પર પરફોર્મ કરીને આજના નવા ગીતોની ધૂન પર બાળકોએ નૃત્ય કરીને સમાજને નવી પેઢીની રચનાત્મકતાના દર્શન કરાવ્યા. સાથે જ ત્રણ ગ્રુપ ડાન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રુપ નૃત્ય સમય અને મહેનતનું પ્રમાણ હોય છે. જેમાં વિદ્યાર્થીઓ સ્કુલના સમય, ટ્યુશનમાંથી બચત કરીને પણ સમાજ માટે એક નૃત્યની રચના કરી સમાજને પોતાની ઉપસ્થિતિ દર્શાવે છે. આવા જ ત્રણ ગ્રુપ તૈયાર કરવામાં આવ્યા હતા.

**કલરફૂલ ગ્રુપ** – જેમાં ૫ છોકરીઓ દ્વારા ફ્યુઝન ડાન્સ કરવામાં આવ્યું હતું. બીજું ગ્રુપ **તાંડવ નૃત્ય**નું હતું જેમાં શિવ - તાંડવ દ્વારા શિવજીના અનેક રૂપોનું દર્શન કરાવ્યું અને **બી-૩ ગ્રુપ** જેમાં ૫ છોકરા અને ૫ છોકરીઓ દ્વારા નૃત્ય કરવામાં આવ્યું હતું. જે નવી રચનાત્મકતા લઈને ગીતોની સાથે સાફસફાઈ, યોગા જેવા મેસેજ આપતા નૃત્યોના અંદાજો સાથે કરવામાં આવ્યું હતું. શિવ-તાંડવ નૃત્યની પ્રસ્તુતિને જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું. તાળીઓથી વધાવીને નૃત્યને ફરીથી કરાવવાની લગાતાર માંગ કરી. સમય પાબંદી હોવા છતાં શિવ-તાંડવ ગ્રુપને ફરીથી પ્રસ્તુતિ આપવી પડી. લોકોએ નૃત્યને મંત્રમુગ્ધ થઈ નિહાળ્યું. સાથે જ પુરસ્કારોનો વરસાદ પણ કર્યો.

મંચ કાર્યક્રમોની સાથે જ બહેનો માટે રેસીપી કોન્ટેસ્ટ પણ યોજવામાં આવી હતી. જેમાં બહેનોએ ઘરેથી બ્રેડની વાનગી બનાવીને લાવવાની હતી. રેસીપી કોન્ટેસ્ટમાં એકથી એક ચડિયાતી વાનગીઓ બનાવીને સમાજ પ્રત્યે બહેનોએ લગાવ અને ઉત્સાહ - ઉર્જાના ભરપૂર દર્શન કરાવ્યા.

વાનગી બનાવીને લાવવાનું કામ ખરેખર ખૂબ જ મહેનત માંગી લે છે. ઘેરથી ચોક્કસ વાનગી બનાવીને એને કેટલાક સમય સુધી તાજગીને જાળવી રાખવું ખૂબ જ મુશ્કેલ કામ છે. આજકાલ સુવિધાઓને લીધે આ શક્ય બન્યું છે. રેસીપી કોન્ટેસ્ટનું સંચાલન અધ્યક્ષ શ્રીમતી કિરણબેન બારમેડાએ કમિટી મેમ્બર્સ શ્રીમતી શોભનાબેન બારમેડા, યોગીતાબેન બારમેડા, વંદનાબેન બારમેડા અને હર્ષાબેન બારમેડાના સહયોગથી કર્યું હતું. જેમાં રેસીપીને સ્વાદ + સજાવટની રચનાત્મકતાની સાથે જજમેન્ટ આપવામાં આવ્યું હતું. નિર્ણાયક જોડી મહિલા મંડળના પ્રથમ અધ્યક્ષ શ્રીમતી ઈન્દુબેન હિંમતભાઈ બારમેડા અને પૂર્વ અધ્યક્ષ શ્રીમતી નીતાબેન નીલેશભાઈ બુધ્ધબટ્ટીએ જજમેન્ટ આપ્યું હતું. રેસીપી કોન્ટેસ્ટમાં

***પ્રથમ પુરસ્કાર*** : શ્રીમતી ભાવનાબેન કૌશિકભાઈ કટ્ટા (બ્રેડ રોલ વીથ ચીઝ ટ્વીસ્ટ), ***દ્વિતીય પુરસ્કાર*** : શ્રીમતી બિંદ્રાબેન જતીનભાઈ બુધ્ધભટ્ટી (બ્રેડના દહીંવડા)ને આપવામાં આવ્યું હતું.

વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રાયપુર સમાજના એક ગ્રુપ ભજન મંડળી દ્વારા એક ગરબા નૃત્યની વિશેષ પ્રસ્તુતિ આપી હતી. એ માટે મહિલા મંડળ અધ્યક્ષે ખાસ ભજન મંડળીને ગરબા ગ્રુપની પ્રસ્તુતિ માટે આમંત્રિત કર્યા હતા. જેમનો ઉદ્દેશ્ય ભાગવત સપ્તાહ કાર્યક્રમો માટે ભજન મંડળીને ઉત્સાહ વર્ધન કરવાનું સાથે જ સમાજને એમના ઉત્સાહ - ઉર્જાના દર્શન કરાવવાનું હતું. જેથી સમાજ તરફથી એમના કાર્યક્રમ ભાગવત સપ્તાહ માટે તન-મન-ધનનો સહયોગ પ્રાપ્ત થઈ શકે. ભજન મંડળી દ્વારા કળશ યાત્રા માટે પીળી સાડીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

બપોરે ભોજન ઉપરાંત મહિલા મંડળ તરફથી કપલ ગેમ ડ્રોઈંગ અને હેર સ્ટાઈલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કપલ ગેમનું સંચાલન શ્રીમતી પાયલબેન પોમલની સાથે વિદ્યાબેન બારમેડા અને ગામિની બારમેડાએ કર્યું હતું. આમ તો કપલ ગેમ રમવા માટે જ્ઞાતિના કપલો ક્યારેય સામેથી નથી આવતા પણ આ વખતે એકવાર ગેમ જોયા બાદ ઘણા કપલોએ સામેથી ગેમ રમવા માટે ઉત્સાહ દેખાડ્યો. ગેમ ખૂબ જ સિમ્પલ અને રમવા અને જોવામાં મજા પડે એવી ૧ મિનિટ ગેમ હતી. જેમાં પ્રથમ રાઉન્ડમાં કમરે ચુનરી બાંધવાની હતી અને બીજા રાઉન્ડમાં બોલને કેચ કરવાના હતા.

**કપલ ગેમ**ના *વિનર કપલ* : શ્રીમતી ડોલીબેન અને શ્રી નિકુંજભાઈ પોમલ, ***રનર-અપ કપલ*** : શ્રીમતી અલ્પાબેન અને શ્રી ગૌતમભાઈ પરમાર રહ્યા.

**હેર સ્ટાઇલ પ્રતિયોગીતા**નું સંચાલન ઉર્વશીબેન બારમેડાના નેતૃત્વમાં કરાયું હતું. પ્રતિયોગીતામાં જજમેન્ટ શ્રીમતી મંજુલાબેન પોમલ અને શ્રીમતી ભાવનાબેન કટ્ટા દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં ***પ્રથમ :*** કુ. ખુશી કમલેશભાઈ બીજલાણી, ***દ્વિતીય :*** કુ. દીક્ષા વિનોદભાઈ પોમલે સ્થાન પ્રાપ્ત કર્યું.

**ડ્રોઇંગ સ્પર્ધા**ના સંચાલનનું કાર્ય અધ્યક્ષ શ્રીમતી કિરણબેન બારમેડાએ સ્વયં લીધું હતું. જેમાં ૩ કેટેગરી : (એ) જેમાં નર્સરીથી પ્લે ગ્રુપ-૨ સુધીના બાળકોને તૈયાર ડ્રોઈંગમાં કલર કરવાનું હતું. જ્યારે (બી) અને (સી) ગ્રુપના બાળકોને ડ્રોઈંગ જાતે બનાવવાનું હતું. જેનો વિષય પર્યાવરણ રાખવામાં આવ્યો હતો. જેમાં જજમેન્ટ શ્રીમતી શોભનાબેન પોમલ અને કુ. દીક્ષા પોમલે આપ્યું હતું.

*વિજેતાઓ :*

★ ***એ ગ્રુપ : પ્રથમ :*** અર્નવ સોની, દ્વિતીય : રીયાન સોની.

★ ***બી ગ્રુપ : પ્રથમ :*** દિશા બારમેડા, ***દ્વિતીય :*** રીમિત ટાંક.

★ ***સી ગ્રુપ : પ્રથમ :*** હિમાંશુ કટ્ટા, ***દ્વિતીય :*** પલક બારમેડા.

કાર્યક્રમના અંતમાં તંબોલા ગેમ રમાડવામાં આવી હતી. સાથે મહાતંબોલા લકી કૂપન ડ્રો પણ રાખવામાં આવ્યું હતું. જેનો પુરસ્કાર કુ. માનસી દીપકકુમાર બારમેડાને પ્રાપ્ત થયો. સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોના પુરસ્કારનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શૈક્ષણિક પુરસ્કારોના કાર્યક્રમ અંતર્ગત સમાજના દરેક વિદ્યાર્થી પ્રિ-નર્સરીથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને સર્ટીફિકેટની સાથે પુરસ્કાર આપવામાં આવે છે. વડીલોના આશિર્વાદની સાથે પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રેરણા મળે એ હેતુથી આ કાર્યક્રમ દર વર્ષે યોજવામાં આવે છે. સાથે જ એક માસ્ટર ડિગ્રીનો વિશેષ પુરસ્કાર પણ આપવામાં આવે છે.

આ વર્ષે આ પ્રસંગ સોનેરી ખુશીનો હતો. અધ્યક્ષશ્રીની ઈચ્છાનુસાર આ વર્ષે આપણા સમાજના વરિષ્ઠ વડીલ, સ્વતંત્રતા સેનાની અને અધ્યાપિકા રહી ચૂકેલા ગં.સ્વ.મણિબેન મથુરાદાસ કોટડિયા દ્વારા ચિ. સુમિલ જયસુખભાઈ પોમલને માસ્ટર ડિગ્રી પુરસ્કાર અને પ્રમાણપત્ર પ્રદાન કર્યું ત્યારે પૂરો હોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠ્યો. મણિબેનને આવકાર સહિત સ્ટેજ પર લાવવામાં આવ્યા હતા. એમણે સુમિલને પુરસ્કારની સાથે ખૂબ ખૂબ આશિર્વાદ આપ્યા હતા. આ અનેરો અવસર રાયપુર સમાજ માટે અને સુમિલના પરિવાર માટે પણ યાદગાર અને ગર્વનો વિષય હતો.

રાયપુર સમાજમાં મણિબેનનાં પરિચયની જરૂરત નહોતી. નાની ઉંમરથી એકલા રહેતા મણિબેને ઘણી જ વિકટ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. આત્મનિર્ભરતા અને આત્મસમ્માન પરિસ્થિતિઓની સામે લડવાનો જેમનું હથિયાર રહ્યું છે. દેશની વિકટતામાં ગાંધીજીની સાથે સ્વતંત્રતા સંગ્રામમાં પણ પોતાનાં જીવન અને સમયનો અમૂલ્ય ફાળો આપ્યો છે. સાથે જ પરિવાર માટે એકલે હાથે આર્થિક અને સામાજીક મુશ્કેલીઓનો સામનો કર્યો છે. આજે ૯૦ વર્ષે પણ શારીરિક મજબુતી સાથે અડગ રહેનાર મણિબેનને ખરેખર સલામ કરવી પડે. એક સ્ત્રીની શક્તિઓ અને સહનશીલતાની કોઈ તુલના ન થઈ શકે. એટલે જ એને આપણે નવ-સ્વરૂપાના રૂપે ઓળખીએ છીએ. મણિબેન એમનું જીવતું જાગતું પ્રમાણ છે.

મણિબેને પોતાના જીવનકાળમાં લગભગ ૨૫ વર્ષ શિક્ષણ પ્રદાન કર્યું. જેમાં ગુજરાતી શિક્ષણ સંઘમાં આપણા સમાજનાં ઘણા વિદ્યાર્થીઓએ પણ મણિબેનથી શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. આપણા સમાજના વિદ્યાર્થીઓ માટે પણ આ ગૌરવની વાત છે. આજે સમાજે એનું ઋણ ચૂકવ્યું હતું. મણિબેને સમાજથી ક્યારેય કંઈ માંગ્યું નથી. વરિષ્ઠ વડીલ તરીકે સમાજે હંમેશાં એમના માન-સન્માનનું પૂરું ધ્યાન રાખ્યું.

આજે આ અદ્વિતીય વ્યક્તિત્વને સમાજે ગૌરવ અને સન્માનની લાગણી વ્યક્ત કરી હતી અને સર્વે જ્ઞાતિજનોએ આ યાદગાર પ્રસંગને સસ્નેહ વધાવ્યો હતો.

એ માટે સર્વે જ્ઞાતિજનો, રાયપુર સમાજનાં સર્વે કમિટી મેમ્બર્સનો ખૂબ ખૂબ આભાર. સફળ સંચાલન અને વિવિધ કાર્યક્રમના નેતૃત્વ કરનાર દરેક મેમ્બર્સને અધ્યક્ષશ્રીના હાર્દિક અભિનંદન. ■

**આપણા પરિવારો**

# સાકરીયા અટકનાં લોકો કચ્છમાં ક્યારે આવ્યા?

સંપાદકો : તુલસીદાસ કંસારા, કુ. એકતા કટ્ટા

*મુંબઈથી શ્રી બાબુભાઈ એન. સોનીએ મોકલાવેલ તેમના પરિવાર તેમજ સાકરીયા નુખનો દસમી પેઢીએ પહોંચતા ઈતિહાસની આછી રૂપરેખા દર્શાવતી વિગતો અહીં પ્રસ્તુત છે. તેમના દ્વારા લખાયેલ આ લેખમાં ઘણા સાકરીયા ભાઈઓ અને જ્ઞાતિ ભાઈઓને રસ પડશે અને પોતાના સંબંધોના તાણાવાણાની પહેચાન થશે. તેમના જણાવ્યા પ્રમાણે મારવાડના બ્રાહ્મણિયા સોનીઓએ કરેલ સંશોધન અને જોધપુરથી પ્રસિધ્ધ થતાં "સુવર્ણપ્રભા" નામના માસિક તેમજ અન્ય પુસ્તકોના આધારે તેમણે મેળવેલ વિગતો અને તેમની પાસેના મારવાડ રાજ્યના ખતપત્રની નોંધ પ્રમાણે આપણો સમાજ મૂળ બ્રાહ્મણ સોની તરીકે ત્યાં ઓળખાતો હતો.*

*– સંપાદક*

મારી પાસે મારવાડ રાજ્યનો ખતપત્ર છે અને તેમાં નોંધ છે કે આપણે બ્રાહ્મણ સોની છીએ વગેરે વગેરે. મારી પાસે જે સાહિત્ય છે તે મોકલાવું છું તેનો અભ્યાસ કરજો.

ઉપરની પૂર્વભૂમિકા પછી કહેવાનું કે સાકરીયા નુખના ભાઈઓ કચ્છમાં ક્યારે આવ્યા. સંવત ૧૬૦૫માં માગશર માસમાં રાવશ્રી ખેંગારજી પહેલાએ ભુજમાં વિધિવત રાજગાદીની સ્થાપના કરી. પરંતુ રાજ કોના ઉપર કરવું? ખેતીવાડી અને પશુપાલન સિવાય કોઈ ધંધા રોજગાર હતા નહીં. કચ્છમાં તે વખતે બહુ વસ્તી ન હતી. ખેંગારજી બાવાના સલાહકાર હમીરજી હતા. તેમણે વિચારીને કહ્યું કે મારવાડ, ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી અન્ય કોમના લોકોને બોલાવીએ અને તેમને આકર્ષક સગવડો આપીએ તો લોકો અહીં આવશે, ધંધા ઉદ્યોગ શરૂ થશે. આ વાત રાવશ્રી ખેંગારજીને બરાબર લાગી અને તે પ્રમાણે પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા.

કચ્છી પ્રજાનો અભ્યાસ કરીએ તો જાણવા મળે છે કે મૂળ કચ્છનો વતની કોઈ નથી, બધા બહારથી આવેલ છે અને તેમાં પણ ખાસ કરીને મારવાડથી અનેક જાતિના લોકો આવ્યા. તેમ આપણી જ્ઞાતિના ભાઈઓ પણ આવ્યા. આપણી સોની જ્ઞાતિમાં સાકરીયા અટકના તેમજ બારમેડા અને બીજા બે ત્રણ અટકના લોકો સૌપ્રથમ આવ્યા. અને તેઓ સૌપ્રથમ લખપત ગયા. કોઈએ સલાહ આપી હશે કે લખપત મોટું બંદર છે, ત્યાં ધંધા રોજગાર બહુ જ છે. એટલે લખપત ગયા. ત્યાં ધંધાની શરૂઆત કરી અને ગોઠવાઈ ગયા. ઘણો વખત ત્યાં રહ્યા. દરમ્યાન ધરતીકંપ કે વાવાઝોડું કે એવી કાંઈક તકલીફ થઈ અને ત્યાં ખૂબ નુકસાન થયું. લોકોની ઘરવખરી ચાલી ગઈ. આપણા લોકો ત્યાંથી ભુજ તરફ નીકળ્યા. રસ્તામાં નાના નાના ગામો આવતાં તેમાં કોઈ કોઈ જ્ઞાતિ ભાઈઓ ત્યાં રહી જતા, એમ કરતા મંજલ આવ્યા. મંજલ ભાયાતી ગામ છે. ત્યાં રાજ્યનાં કુટુંબીઓ રહે છે. તેમને ખબર હતી કે બહારથી નવા માણસો આવે તેને મફત જમીન આપવી, બીજી કાંઈ મદદ જોઈએ તે આપવી. આ વાત મંગવાણામાં લાલજીભાઈ સાકરીયાએ અમને કહેલી. અને ત્યાર પછી કહે છે કે મારાથી દસમી પેઢીએ રાઘવજીએ મંજલ વસાવ્યું. ઘણા બીજા ભાઈઓ આજુબાજુના ગામડામાં સેટલ થઈ ગયા કારણકે મંજલની આજુબાજુના ગામો પટેલ લોકોના છે. સારી ખેતીવાડી છે અને એ લોકો મંજલમાં ખરીદી વગેરે કરે છે. તો અહીં ધંધો પણ મળશે. મફતમાં જમીન મળી, ત્યાં બે રૂમ બનાવ્યા અને ત્યાં રહી ગયા. ભાડેથી દુકાન પણ મળી ગઈ. પણ દેવસ્થાન લખપતમાં રહી ગયા તે મળ્યા જ નહીં. પછી પણ અમારા વડીલો લખપત ગયા હશે. તપાસ કરી પણ દેવસ્થાન મળ્યા નહીં. થોડા વખત પછી બધાએ નક્કી કર્યું કે આપણે નવા ફડા સુથાર પાસેથી બનાવી, વિધિસર તેની સ્થાપના કરીએ. અને તે પ્રમાણે કર્યું. ચાર ફડા (મૂર્તિ) બનાવી એક રૂમમાં સ્થાપના કરી. સાથે ખેતરપાળની પણ સ્થાપના કરી. બધા ભાઈઓ, જેઓ આજુબાજુના ગામમાં હતા તેઓ પણ નિવેદ માટે મંજલ આવતા થયા.

આ બધી વાતો હું સાંભળતો. મને એમાં રસ પડવા લાગ્યો. ત્યારબાદ મારા માતાજીને હું બધું પૂછતો અને તેઓ ઘણી વાતો કરતા તેમજ બહારગામથી લોકો માતાજીનાં દર્શન કરવા આવતા તેઓ પણ જૂની વાતો કરતા. મારા દાદાના દાદા, નામ દેવકરણ. તેમના ભાઈ ગોવિંદભાઈ. આ બંને ભાઈ બહુ ઉત્સાહી, મહેનતુ અને વિચારવાન હતા. તેમણે કુટુંબની પરિસ્થિતિ જોઈને નક્કી કર્યું કે અહિયા કંઈ વળશે નહીં. આપણે માંડવી જઈએ અને એક દિવસ બંને ભાઈ માંડવી જવા રવાના થયા. પગરસ્તે પૂછી પૂછીને માંડવી પહોંચ્યા. બપોર થઈ ગયેલી. થાકીને એક ઓટલા ઉપર સૂઈ ગયા. ત્યાં થોડીવાર પછી દુકાનનો માલીક આવ્યો. તેણે પોતાની દુકાન ખોલી અને આ બંને ભાઈને ઉઠાડ્યા અને પૂછપરછ કરી. ક્યાંથી આવ્યા, શા માટે આવ્યા વગેરે. બંને જણે જવાબ આપ્યો કે અમે ધંધો કરવા માટે આવ્યા છીએ. દુકાનનો માલીક મુસ્લીમ સોની હતો. પૂછપરછ કરતાં એને વિચાર આવ્યો, વાત તો સાચી લાગે છે. પછી કહ્યું, તમારે આફ્રિકા આવવું છે? ત્યાં મારી સોના-ચાંદીની દુકાન છે. આવવું હોય તો હું તમને તેડી જાઉં. દેવકરણ બાપા અને ગોવિંદ બાપાને ખબર નહીં કે આફ્રિકા ક્યાં હશે! મંજલથી વડીલને બોલાવ્યા. બધી વાત કરી અને નક્કી થયું. પેલા શેઠ તેઓને વહાણમાં આફ્રિકા લઈ ગયા. નસીબ કેવા, જોઈતું તું ને મળી ગયું. આફ્રિકા એટલે જંગબાર. ત્યાં બંને ભાઈઓએ તેમની દુકાનમાં કામ કરવાનું શરૂ કર્યું. ત્યાં જ રહેવાનું. એક ભાટીયા ભાઈની વીસીમાં જમવાનું નક્કી કર્યું. નસીબે સાથ આપ્યો. એમનું ત્યાં જામી ગયું. બે-ત્રણ વર્ષ ખૂબ કામ કર્યું. શેઠ પણ ખુશ થયા. ત્યાં સુધીમાં જંગબારથી માંડવી

સ્ટીમર સર્વિસ શરૂ થઈ ગઈ હતી. ત્રણ ચાર વર્ષે પહેલી વખત કચ્છમાં આવ્યા. સારૂં કમાઈને આવ્યા. ગામમાં તો લોકોને ખબર પડી કે સોનીના છોકરા જંગબારથી કમાઈ આવ્યા છે. પહેલું કામ કર્યું બંને ભાઈઓએ રહેવા માટે બે મકાન બનાવ્યા. મોટું આંગણું અને બંધ ડેલી એ પ્રમાણે બનાવ્યું. જંગબારથી (માસો) આવે તે ત્યાંની ભાષા સ્વાઈલી શીખી લે. ઘર તૈયાર થઈ ગયું. ગામમાં બધા કહેવા લાગ્યા, આ સ્વાઈલીની ડેલી છે. ગામનાં લોકોન પૈસા દેવાના હશે તે આપ્યા અને ફરી જંગબાર જવા માટે માંડવી ગયા. ત્યાંથી સ્ટીમરમાં જંગબાર ગયા. ત્યાં બે વરસ કામ કર્યા પછી શેઠને પૂછીને પોતાની દુકાન શરૂ કરી. ખૂબ કમાયા. ફરી કચ્છ આવ્યા. છોકરાઓને પરણાવ્યા. ગામમાં પણ દુકાન કરી. ટોકરશીને ધંધે લગાડ્યા અને ફરી પાછા જંગબાર ગયા. એકાદ વર્ષ પછી દેવકરણ બાપાની તબિયત બગડી અને તે ત્યાં જંગબારમાં મૃત્યુ પામ્યા. ભાઈના જવાથી ગોવિંદ બાપાનું મન પણ ખિન્ન થઈ ગયું અને તેમણે પણ જંગબાર છોડ્યું અને કચ્છ આવી ગયા. ત્યાર પછી મંજલમાં જ રહ્યા. ટોકરશી બાપાના બે પુત્રો. એકનું નામ મનજી અને બીજો ગીરધારી. તેમ ગોવિંદ બાપાને એક પુત્ર. તેણે સંન્યાસ લીધો. ગીરધારી વિશે વધુ માહિતી નથી પરંતુ મનજી એટલે મારા દાદા. તેમના બે પુત્રો નારાણજી અને ધનજી. દાદાએ બે લગ્ન કર્યા હતા. પહેલા દાદી 'અરલ' ગામના હતા. બીજા દાદી ચકારના રતનશી સોનીના દીકરી લાડુબાઈ. પહેલા દાદીથી એક પુત્ર નારાણજી - મારા પિતાશ્રી અને બે પુત્રી. મોટી સાકર ફઇ ભુજમાં પરણાવેલ. રવજી દેવશીના ભત્રીજા ધારશીભાઈ દામાણીને પરણાવેલ. બીજા પુત્રી બચુભાઈ માનકુવા ખેતશી ખેંગાર ગુજરાતીને પરણાવેલ. બીજા દાદીથી એક પુત્ર ધનજી જે ચકાર કોટડા રહેતા હતા. પછી હાલ અંજારમાં રહે છે. તેમને ત્રણ દીકરા છે અને મારા કાકી ભચીબેન અંજારવાળા લખમશી વીસા પરમાર સોનીનાં ભાઈ મયારામ સોનીના પુત્રી છે. બીજા દાદીની એક પુત્રી નેત્રા પરણાવેલ. મારા એ ફુઆનું નામ ગગુ સોની હતું. તેઓ નેત્રામાં જ રહેતા હતા. નારાણજી મનજી એટલે મારા પિતાશ્રી. મંજલમાં સોના ચાંદીની દુકાન ચલાવતા અને પટેલ લોકોની ઘરાકી સારી હતી. હું એમનો મોટો પુત્ર બાબુભાઈ. મને નાનપણથી સોનીના ફેન્સી કામનો શોખ. એટલે હું ક્યાંક બહાર જવા માટે વિચારતો હતો. ત્યાં અમારા ગામનાં ભાટીયા કલ્યાણજી શેઠનું ગોંદિયા (એમ.પી.)માં બીડી પત્તાનું મોટું કામકાજ. વર્ષમાં એક વખત મંજલ આવે. મહિનો માસ રોકાય અને બેચાર છોકરાઓને પરદેશ લઈ જાય. તેઓ જાતે મને મુંબઈ તેડી ગયા અને મસ્જીદ બંદર પર એક સોના ચાંદીની ઓળખીતાની દુકાનમાં બેસાડી દીધો. મેં ચાર વર્ષ શેઠની દુકાનમાં અંગ ઉપર કામ કર્યું. પછી મારી પોતાની દુકાન કરી. નાના ભાઈઓને બોલાવ્યા. પછી કુટુંબ આખાને મુંબઈ બોલાવ્યા. ઘાટકોપરમાં ભાડુતી જગ્યામાં પછી પોતાનું મકાન બનાવ્યું અને ઘાટકોપરમાં સોના ચાંદીનો શો રૂમ કર્યો. મને પ્રથમ મુંબઈમાં આવે ૭૦ વર્ષ થયા.

અમારો પરિવાર મુંબઈ આવ્યા પછી વર્ષમાં એકાદ વખત મંજલ જવાનું થતું ત્યારે જગ્યાની મુશ્કેલી રહેતી. સાકરીયા ભાઈઓ દેવસ્થાન પર આવતા. તેમને પણ તકલીફ થતી. અમે અમારી જગ્યા બાજુમાં રહેતા એક ઓળખીતા ઠકરાઈને આપી દીધેલ. અમે માતાજીના રૂમને મોટો બનાવી તેને જુદો દરવાજો આપ્યો અને ચાવી પૂજારીને ત્યાં રાખી એટલે સાકરીયા ભાઈઓ આવે તો તેને પૂજારીને ત્યાંથી ચાવી મળે અને તેઓ નિવેદ વગેરે કરી શકે.

મંજલમાં અમારૂં ઘર મંગવાણામાં. સાકરીયાના ચાર-પાંચ પરિવાર. નખત્રાણામાં પાંચ-છ પરિવાર, દેશલપરમાં બે પરિવાર, માનકુવામાં એક પરિવાર. આ બધા નજીક એટલે. અવારનવાર મંજલ આવે. બીજા દૂર ગામોમાં રહેતા વર્ષમાં એક-બે વખત આવે. નખત્રાણામાં સાકરીયા કુટુંબનું ગ્રુપ છે તે બહુ એક્ટીવ છે અને તેમણે અમારી ગેરહાજરીમાં મંજલના દેવસ્થાનના વિકાસ માટે ખૂબ પ્રયત્ન કર્યા છે. સાથે બળદીયા અને દહીંસરાના બે-ચાર કુટુંબ પણ ખૂબ સક્રિય રહ્યા. અમારા સાકરીયા ભાઈઓએ સાથે મળીને એક બીજી જગ્યા પણ ખરીદી. જેમાં રોડ પર મોટી દુકાન છે અને પાછળ આંગણું છે. ત્યાં રસોઈ જમણવાર બધું થાય છે અને માતાજીના રૂમની નજીક જ છે.

*(વધુ આવતા અંકે)*


## અભિનંદન



**પોમલ નીલ કિશોરભાઈ**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ**
**અંજાર**

*આપશ્રીએ કઠણ પરીશ્રમ અને મહેનતથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સિધ્ધિ મેળવી આપના પરિવાર તથા જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ અભિનંદન.*

*આપશ્રીએ નાની ઉંમરે શિક્ષણના ભગીરથ કાર્યની મોટી સિધ્ધિ મેળવી છે, જે પ્રસંશનીય છે. આજના સ્પર્ધાત્મક યુગમાં યુવાનીને પ્રેરણાદાયી કાર્ય કરવાનો નવો માર્ગ ચિંધ્યો છે, જે પ્રશંસાને પાત્ર છે.*

**• શુભેચ્છકો •**

**દાદી-દાદા : સ્વ. મણિબેન મગનલાલ પોમલ**
**મમ્મી-પપ્પા : નીતાબેન કિશોરભાઈ પોમલ**
**ભાઈ-ભાભી : અમી કેવલ પોમલ**

# પરિવાર પ્રેમી હંસાબેન

કુ. જ્યોત્સના વોરા - અમદાવાદ

*આધુનિક સમયમાં જ્યારે સંયુક્ત પરિવાર પ્રથા અસ્ત થવાને આરે ઉભી છે, ત્યારે સંયુક્ત પરિવાર પ્રેમી હંસાબેનનો, એક્યાસી વર્ષની આયુના આરંભે (જુલાઈ ૨૦૧૭) એમનો પરિચય અત્રે પ્રસ્તુત છે. અમદાવાદથી પ્રકાશિત સામયિક "કચ્છશ્રુતિ"ના સપ્ટેમ્બર-૨૦૦૮ના અંકમાં કુ. જ્યોત્સનાબેન વોરાએ એમનો આ પરિચય આપ્યો હતો, જે, "કચ્છશ્રુતિ"ના સૌજન્યથી પુનઃ પ્રકાશિત છે.*

*– અતુલ સોની*



ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત પરિવારનું મહત્ત્વ અનોખું છે અને એટલે જ આજે પણ એ ભાવનાનું મૂલ્ય યથાવત્ છે. સંયુક્ત કુટુંબના સભ્યોમાં એકબીજા વચ્ચે સ્નેહ અને સહકારની વૃત્તિ કેળવાય છે. પરિવારના સભ્યો સ્નેહથી એકબીજાને ચાહતાં અને સહન કરતાં શીખે છે. ભારતીય વિચારધારા મુજબ એક પારીવારિક વ્યક્તિ માત્ર પોતા માટે જ નહીં, પરંતુ 'પોતાનાં' માટે પણ જીવે છે અને 'પોતાનાં' એટલે માત્ર 'રક્ત-સંબંધ' નહીં, પરંતુ જેમની પણ સાથે તેમને 'મનમેળ' થાય અથવા જેમની પણ સાથે એમનું ઋણાનુબંધ હોય તે બધાને 'પોતાનાં' ગણે છે. ભારતીય સંસ્કૃતિની આ અમૂલ્ય અને સર્વતોમુખી ભાવનાની જાળવણી ભારતીય નારીએ હંમેશાં કરી છે.

પિતૃગૃહેથી કાચી વયે વિદાય લેનારી બાળા, શ્વસુરગૃહે જાય છે ત્યારે એ ઘરની પ્રત્યેક વ્યક્તિ સાથે પોતાના સંબંધની ગાંઠ બાંધે છે. તેમાં સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દેર-દેરાણી તેમજ નણંદ અને એ બધાનાં સંતાનો ઉપરાંત પતિના અનેક નજીક તેમજ દૂરનાં સગાંઓને પોતાનાં કરવાનો મીઠો પ્રયાસ કરે છે. આ સીલસીલો અહીં પૂરો થતો નથી. વહુ બની પતિગૃહે આવેલી બાળા સમય જતાં ગૃહિણી બને છે ત્યારે અને પ્રૌઢાવસ્થામાં પોતાનાં સંતાન અને એમના પરિવારો સાથેના સંબંધ પણ એટલી જ ચાહતથી જાળવે છે.

આજના ભૌતિકવાદી સમાજમાં પણ સંયુક્ત પરિવારની આ ભાવનાને જાળવનારી અનેક મહિલાઓ છે. આવી પરિવાર પ્રેમી મહિલાઓમાંની એક સન્નારી છે, શ્રી હંસરાજભાઈ કંસારાના ધર્મપત્ની હંસાબેન. સરળ, સાલસ અને હસમુખા હંસાબેન સદાય હસતા મોઢે સહુને આવકારે છે. આવા આ હંસાબેનનો જન્મ ૧ જુલાઈ, ૧૯૩૭ના રોજ અંજાર કચ્છ મધ્યે થયો. એમના પિતાશ્રી અંજારના જાણીતા ઝવેરી હતા. 'મોર છાપ લગડી'વાળા અને સમાજના અગ્રણી તરીકે કચ્છમાં તેમની નામના હતી. માત્ર ૧૮ વર્ષની કાચી વયે, ૧૯૫૫માં એમનાં લગ્ન થયા. એક બહોળા પરિવારમાં લાડકોડથી ઉછરેલી બાળા ઝવેર, બીજા એવા જ બહોળા પરિવારમાં 'હંસા' બનીને દૂધમાં સાકરની જેમ ભળી ગઈ. પતિગૃહે પરિવારમાં સાસુ સસરા ઉપરાંત અપરીણિત નણંદ અને ત્રણ દિયર હતા. તેમાંનો એક દિયર તો ત્યારે માત્ર ત્રણ જ વર્ષનો હતો. આ બધા માટે, વહાલયોસી 'ભાભી' બનીને આવેલા હંસાબેનનું વહાલ કરવાનું, રીસાવાનું અને હક્ક જતાવવા સાથે સન્માન તેમજ આદર આપવા યોગ્ય વ્યક્તિત્વ હતું. હંસાબેનના આ વ્યક્તિત્વની આમન્યા આ પરિવારના પ્રત્યેક સભ્યે આજ દિવસ સુધી જાળવી છે.

લગ્ન પછી સાત આઠ વર્ષ સુધી હંસાબેનના પતિને નોકરી અર્થે અનેક સ્થળોએ રહેવાનું થયું. કેટલાક સ્થળે હંસાબેન પતિ સાથે રહ્યા પરંતુ મોટેભાગે એમને સાસુ સસરા તેમજ પરિવારના અન્ય સદસ્યો સાથે જ રહેવાનું થયું. સાસુ સસરા તેમજ પરિવારના અન્ય સદસ્યોની એમની પ્રત્યેની લાગણી વિશે વાતો કરતાં હંસાબેનની જીભ ક્યારેય સૂકાતી નથી. આજે પણ હંસાબેન કહે છે કે, એ જે કંઈ છે તે બધું એમની વહાલસોયી સાસુની હુંફને આભારી છે.

હંસરાજભાઈ ૧૯૬૪માં દિલ્હી મધ્યે સ્થિર થયા. ત્યારે હંસાબેન એમની સાથે દિલ્હી રહેવા ગયા. ત્યારબાદ એક પછી એક એમના ત્રણે દીયર અને એક દેરાણી પણ ઘણો સમય એમની સાથે જ દિલ્હીમાં રહ્યા. હંસાબેનના સાસુ સસરા પણ અવારનવાર દિલ્હીમાં જ રહેતા. આમ, હંસાબેનનું પારીવારિક જીવન સ્થાનાંતરણ થવા છતાં હંમેશાં સંયુક્ત જ રહ્યું.

હંસરાજભાઈએ દિલ્હીની નોકરીમાં સ્થિર થયા પછી પોસ્ટ ગ્રેજ્યુએશન તેમજ પ્રોફેશનલ અભ્યાસ ફરીથી શરૂ કર્યો. પરિણામે મોટાભાગની પારિવારીક જવાબદારી સંભાળવાનું હંસાબેનને ફાળે જ રહ્યું. તદુપરાંત નોકરી ઉપરાંત પાર્ટ ટાઈમ કામ સાથે અભ્યાસ કરતા પતિની અભ્યાસ અંગેની બધી જ સગવડો પણ હંસાબેને જતનથી જાળવી. અને એટલે જ,

હંસરાજભાઈ કહે છે કે, "હું મોડો મોડો પણ ભણી શક્યો અને મારૂં ધાર્યું કેરીયર બનાવી શક્યો તેમાં મારી પત્નીનો સિંહફાળો છે. એટલું જ નહીં, મારા સંતાનો પણ ઉચ્ચ અભ્યાસ કરી, એમની ઋચિ મુજબની પ્રોફેશનલ કેરીયર મેળવી શક્યા તે પણ એને જ આભારી છે."

હંસાબેનના સ્વભાવમાં બાળપણથી જ સેવાવૃત્તિ વણાયેલી હતી. જેમાં એમના માટે પોતાનાં કે પારકાં એવો કોઈ ભેદ નહોતો. કોઈ પણ વ્યથિત વ્યક્તિને જોઈ એમનું હૃદય દ્રવિત થતું અને પોતાનાથી શક્ય એટલી બધી જ સેવા કરવા તેઓ હંમેશાં તત્પર રહેતા. એમની સેવાભાવના કેવી હતી તે એક કિસ્સા પરથી જાણી શકાય છે. દિલ્હીમાં એમની પાડોશમાં એક યુવાન ગૃહિણી વાટવાળા સ્ટવથી અકસ્માત થતાં દાઝી ગયા. આખા શરીરે દાઝી ગયેલી એ મહિલાની હાલત જોઈ ભલભલાનું હૈયું હલબલી જાય. હોસ્પિટલમાં એ મહિલા પાસે - કોઈ મહિલાનું રહેવું જરૂરી હતું. એ મહિલાના સગાંસંબંધી ત્યાં નહોતા તે સંયોગોમાં હંસાબેન, એ વ્યથિત મહિલાનું દુઃખ હળવું કરવા દિવસ રાત એની પડખે રહી ખડેપગે સેવા કરી. એ મહિલાના પતિ અને પાછળથી આવેલા એમના સગાં સંબંધીએ હંસાબેનની લાગણીભરી સુશ્રુષાના મુક્તકંઠે વખાણ કર્યા. હંસાબેનનો એમની ચારેય પુત્રવધૂઓ સાથેનો અરસપરસ સંબંધ આજે પણ વહાલપભર્યો અને સખીભાવયુક્ત છે. હંસાબેને એમની ચારેય વહુઓની ગ્રેજ્યુએશન પછી પતિગૃહે પણ આગળ અભ્યાસ કરવાની સોત્સાહ પ્રોત્સાહન સાથે, ઈચ્છાપૂર્તિ કરી અને ઘરકામનો મહત્તમ ભાર જાતે વહન કર્યો.

હંસાબેનના વૃધ્ધ સાસુ સસરાને એમના વિના ક્યાંય રહેવાનું સોરવે નહીં. એમને જ્યારે દિલ્હીમાં રહેવાનું પ્રતિકૂળ લાગ્યું અને તેઓ બે પૌત્રો સાથે રહેવા અમદાવાદ આવ્યા ત્યારે પણ હંસાબેન લાગણીવશ એમની સાથે જ રહ્યા અને બંનેની અંતિમ સમય સુધી મન દઈને સેવા કરી. સદ્‌ભાગ્યે એમના પુત્રો અને પુત્રવધૂઓએ પણ એમને પગલે, દાદા-દાદીની ચાકરીનો લાભ લીધો.

હંસરાજભાઈ અને હંસાબેન, એમની એંસી વર્ષ પછીની ઉત્તરાવસ્થામાં નિવૃત્ત છતાં વાંચન, લેખન અને સામાજીક કાર્યોમાં સતત પ્રવૃત્ત સ્વનિર્ભર જીવન સંતોષપૂર્વક અમદાવાદમાં માણે છે. હંસાબેન હજી પણ એમનું બધું જ ઘરકામ જાતે જ કરે છે. ઉપરાંત હંસરાજભાઈની સાહિત્યિક અને સામાજીક પ્રવૃત્તિઓમાં રસપૂર્વક સાથ આપે છે. એમના ત્રણ પુત્રો દિલ્હીમાં અને એક પુત્ર ભુજમાં એમના પોતાના પરિવારો સાથે રહે છે. એક પુત્રી છે, જે એના પરિવાર સાથે નાગપુરમાં રહે છે.

આ દંપતિએ ક્યારેય એકલતા અનુભવી નથી. કારણકે એમના પુત્રો, પૌત્રો - પૌત્રીઓમાંથી કોઈને કોઈ તેમજ અન્ય સગાં સંબંધીઓ તથા સાહિત્યિક પ્રવૃત્તિઓના સાથીઓમાંની કોઈને કોઈ વ્યક્તિની લાગણીસભર ગુંજથી હંસાબેનનું ઘર હંમેશાં ગાજતું જ રહે છે. વધુમાં ઈશ્વરમાં અતૂટ આસ્થા ધરાવતા અને સ્વામિનારાયણ સંપ્રદાય સૂચિત શિક્ષાપત્રી મુજબનું ગૃહસ્થ જીવન માણવામાં માનતા આ દંપતિને હૈયે 'શ્રી હરિ'ની હૂંફ તો છે જ.

ઈશ્વર આ પ્રેમાળ દંપતિને સુદીર્ઘ અને સ્વસ્થ દીર્ઘાયુષ્ય બક્ષે તેવી પ્રાર્થના.

***સૌજન્ય : 'કચ્છશ્રુતિ', સપ્ટેમ્બર-૨૦૦૮***

## મહામંડળ પ્રેરીત કાર્યક્રમ

અખિલ ભારતીય મહામંડળની મહિલા સેલ દ્વારા પ્રેરિત અને શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા આયોજીત બહેનો માટે "બ્રેસ્ટ કેન્સર જાગૃતિ શિબિર"માં શ્રી માં શારદા આરોગ્યમ ના ડૉ. આશા જૈન દ્વારા બ્રેસ્ટ કેન્સરના ઇલાજોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેનું સંચાલન શ્રીમતી નીતાબેન નીલેશભાઈ બુધ્ધભટ્ટીએ, ભાવનાબેન કૌશિકભાઈ કટ્ટા, નયનાબેન પ્રકાશભાઈ બારમેડા, રીનાબેન બારમેડા, ટીનાબેન પ્રફુલભાઈ બારમેડા, મંજુલાબેન જયસુખભાઈ પોમલ અને શીલાબેન રાજેશભાઈ બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો સમાજના સર્વે જ્ઞાતિજનોએ લાભ મેળવ્યો.

શ્રી પ્રકાશભાઈ ભગતલાલ બારમેડાના નેતૃત્વમાં વિભિન્ન ડોક્ટરોની ટીમને આમંત્રિત કરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશિર્વાદ હોસ્પિટલના ડૉ. એસ.એન. મલરીયા (ન્યુરોસર્જન), ડૉ. નલીની મઢરીયા (ગાયનેક) દ્વારા નિઃશુલ્ક પરામર્સ અને ચિકિત્સા પ્રદાન કરવામાં આવી હતી. સાથે જ એક અન્ય હોસ્પિટલની ટીમ દ્વારા વાઇરલ ઇન્ફેક્શન, સ્વાઇન ફ્લુ પ્રિવેન્શન, હાડકાના રોગો, ચામડીના રોગો અને જનરલ હેલ્થ ચેક-અપની સુવિધા આપવામાં આવી હતી.

શ્રી જીતેશભાઈ કિશોરભાઈ કટ્ટાના નેતૃત્વમાં રાયપુરના "વાસન આઈ કેર"ના ડૉક્ટરોની ટીમ દ્વારા આંખોની સારવાર આપવામાં આવી હતી. આ સર્વે કાર્યક્રમોના સવારથી સાંજ સુધી મહામંડળની ટીમ દ્વારા સંચાલિત કરવામાં આવ્યા હતા. જેનો સર્વે જ્ઞાતિજનોએ સ્વાસ્થ્ય લાભ મેળવ્યો હતો.

એ માટે રાયપુર સમાજ, મહામંડળ મહિલા સેલ અને અખિલ ભારતીય મહામંડળનો ખૂબ ખૂબ આભારી છે અને કાર્યક્રમોનું નેતૃત્વ કરનાર સંચાલકોનો હૃદયપૂર્વક આભારની સાથે સફળ સંચાલન માટે અભિનંદન આપે છે. ■

# કચ્છ જીલ્લા સોના-ચાંદી મહામંડળ

**હીરાલાલ સોની**

## માધાપર મિટીંગમાં જી.એસ.ટી.ની જાણકારી અપાઈ




તાજેતરમાં કચ્છ જીલ્લા સોના-ચાંદી મહામંડળની એક મિટીંગ માધાપર ખાતે મળેલી. જેમાં સોના-ચાંદીના વેપારીઓ અને કારીગરોને જી.એસ.ટી. કઈ રીતે સ્પર્શે છે તેની વિગતવાર માહિતી પ્રમુખ શ્રી હીરાલાલ સોનીએ એક કલાકના વક્તવ્યમાં રજૂ કરતાં મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓને પોતાના વ્યવસાયને લગતી તલસ્પર્શી જાણકારી મળતાં આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રમુખ સ્થાનેથી બોલતા હીરાલાલભાઈએ જણાવ્યું કે વેટમાં પાંચ લાખના વાર્ષિક ટર્નઓવર પર નંબર લઈને ટેક્ષ ભરવાનો રહેતો હતો. હવે જી.એસ.ટી.માં ૨૦ લાખનું વાર્ષિક ટર્નઓવર થાય તેને ઓનલાઈન અરજી કરવાની છે એટલે નાના વેપારીઓ, નંબરને પાત્ર નહીં હોય તેવા ટેક્ષ ભરવાની અને માસિક રીટર્ન ભરવાની ઝંઝટમાંથી છુટી જશે અને નંબર ધરાવતા દરેકે દર મહિને રીટર્નમાં સ્ટોક સહિતની માહિતી આપવાની રહેશે. જેના વેટ નંબર છે તેવા વેપારીઓનું રીટર્ન ઓટોમેટીક નોંધાઈ શકે છે પરંતુ ૨૦ લાખથી ઓછા ટર્નઓવરવાળા વેટ નંબર ધરાવતા વેપારીઓએ નંબર રદ કરવાની અરજી ઓનલાઈન કરવાની મુદત ૩૦ દિવસની છે. હવેથી જ્વેલરી ઉપર ૧%ને બદલે ૩% ટેક્ષ ભરવાનો રહેશે અને જાંગડ બીલની સમય મર્યાદા ૩૦ દિવસની છે. ૩૦ દિવસથી વધી જાય તો ૩% ટેક્ષ ભરવાની જવાબદારીમાં આવી જાય છે. રીટર્ન ભરવાની મુદત દર મહિને ૧૦ દિવસની સમય મર્યાદા છે અને મોડું થાય તો દરરોજના રૂા. ૧૦૦/- દંડને પાત્ર થવાય. જે મહિને કાંઈ જ ખરીદ વેપાર ના હોય પણ નંબર ધરાવતા હોય તેમણે નીલ રીટર્ન પણ દર મહિને ભરવું ફરજીયાત છે.

જી.એસ.ટી. નંબર જેને લાગુ ન પડતા હોય પરંતુ જો તે તે ઈન્કમટેક્ષને પાત્ર હોય તો તેના રીટર્ન્સ પણ નિયમિત ભરવાના રહે છે. વળી જી.એસ.ટી. નંબરવાળા ૩% ટેક્ષ ભરે અને તે ઈન્કમટેક્ષની મર્યાદામાં આવતા હોય તો ઈન્કમટેક્ષ પણ નિયમ મુજબ અલગથી સમયસર ભરવામાં ના આવે તો ૧૮% વ્યાજ સહિત ભરવાની જોગવાઈ છે.

સોના-ચાંદીના કારીગરો જેમનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૨૦ લાખની અંદર છે તેવા કારીગરો પાસેથી જી.એસ.ટી. નંબર ધરાવતા વેપારી મજુરીના બીલ લે, તો તેના ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી વેપારીની રહે છે. લમ્પસમ ટેક્ષ ભરવાની જોગવાઈ છે પરંતુ તેનો લાભ લેવાથી બીજા લાભ ગુમાવવા પડે છે. એટલે જી.એસ.ટી. નંબર ધરાવનારે નિયમિત ટેક્ષ અને રીટર્ન ભરવા સલાહ ભરેલું ગણાય.

સોના-ચાંદીના વેપારીઓ અને કારીગરોને લાગે વળગે ત્યાં સુધી અને તેમને સ્પર્શતી કેટલીક સરળતા માટેની અનેક આંટીઘુંટીમાંથી કઈ રીતે રસ્તો કાઢવો તે માહિતી પણ વિગતવાર સમજાવવામાં આવતાં શ્રોતાઓ ખુશખુશાલ થયા હતા. તથા મિટીંગના અંતે તો અનેક શ્રોતાઓ પોતાને સ્પર્શતા મુદ્દાઓની છણાવટ માટે લાંબો સમય સુધી શ્રી હીરાલાલ સોની પાસેથી માર્ગદર્શન મેળવવા રીતસર ઘેરી વળ્યા હતા અને માર્ગદર્શન મેળવી આભારની લાગણી વ્યક્ત કરતા હતા.

મહામંત્રી શ્રી સંજયભાઈએ ગાંધીધામ ખાતે મળેલ મિટીંગનું વાંચન કરી તે મિટીંગમાં રજૂ થયેલ કચ્છ જીલ્લા સોના-ચાંદી મહામંડળના બંધારણ વગેરેની બહાલી મેળવી હતી. ખજાનચી શ્રી મનોજભાઈએ આવક-જાવકના હિસાબો રજૂ કર્યા હતા. ભોગીલાલભાઈ અને બિપીનભાઈએ વક્તવ્યો આપ્યા હતા.

આ મિટીંગને સફળ બનાવવા માધાપર સોના-ચાંદી મંડળના પ્રમુખ શ્રી વસંતભાઈ સોની, માજી પ્રમુખ શ્રી રામજીભાઈ, ભુજ તાલુકા ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ (શંભુભાઈ), મહામંત્રી શ્રી ગીરીશભાઈ સોલંકી, શ્રી બિપીનભાઈ, જીલ્લા મહામંત્રી શ્રી સંજયભાઈ છત્રાળા, ખજાનચી શ્રી મનોજભાઈ, શ્રી બ્રીગેનભાઈ બગ્ગા, શ્રી નીલેશ જગદીશ બારમેડા, શ્રી શાંતિલાલ બગ્ગા, શ્રી કિરણભાઈ શંભુલાલ, શ્રી હસમુખ બાબુલાલ વગેરેએ જહેમત લીધી હતી.

***પ્રમુખશ્રી, કચ્છ જીલ્લા સોના-ચાંદી મહામંડળ***

# જ્યોતિર્લિંગ મલ્લિકાર્જુનસ્વામી - શ્રીશૈલમ

પ્રો. રસિકભાઈ મહીચ્છા

દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ મલ્લિકાર્જુન સ્વામી આંધ્ર પ્રદેશમાં હૈદ્રાબાદથી ૨૦૦ કિ.મી. દૂર શૈલમમાં આવેલું છે અને તેના દર્શન પણ કરવા જેવા છે. અહીંની વિશેષતા એ છે કે મલ્લિકાર્જુન સ્વામી જ્યોતિર્લિંગની સાથે જગદંબા બ્રહ્મારંભા માતાજીનું મંદિર આવેલું છે. અને તે સમગ્ર ભારતમાં આવેલી ૫૧ શક્તિપીઠ માંની ૧૮મી શક્તિ પીઠ ગણાય છે. તેથી શ્રી શૈલમ શૈવપંથી અને શક્તિ પંથી એમ બંને માટે યાત્રાનું પવિત્ર સ્થળ બની જાય છે. શ્રી શૈલમની યાત્રા કરવાથી જ્યોતિર્લિંગ અને શક્તિ પીઠ એમ બંનેના દર્શન કરવાનું અહોભાગ્ય પ્રાપ્ત થશે.

શ્રીશૈલમ સ્થિત મલ્લિકાર્જુન સ્વામી એટલે કે ભગવાન શંકરનો ઉલ્લેખ અને સંદર્ભ છેક પહેલી સદીથી મળે છે. તેના સંદર્ભમાં અનેક પૌરાણિક કથાઓ પણ પ્રચલિત છે. માતા પાર્વતીનું એક નામ શૈલજા છે. પાર્વતીજીએ તેમના માટે ઉત્તમ જીવનસાથીની પ્રાપ્તિ માટે જે પર્વત પર તપશ્ચર્યા કરી હતી, તે પર્વતનું નામ શ્રીશૈલમ પડ્યું છે. રિધ્ધિ, સિધ્ધિ અને બુધ્ધિના દેવતા અને ભગવાન શંકર અને પાર્વતીના પુત્ર ગણેશજીના લગ્ન તેમના મોટાભાઈ કાર્તિકેયથી પહેલા થયા હતા. આથી કાર્તિકેયજીને ખોટું લાગી ગયું હતું અને રીસાઈને દૂર એક ક્રૌંચ નામના પર્વત પર ચાલ્યા ગયા હતા. તેમને મનાવવા માટે દેવતાઓને મોકલવામાં આવ્યા પરંતુ કાર્તિકેયજી આવ્યા નહીં. આથી તેમના માતા-પિતા શંકર અને પાર્વતી ક્રૌંચ પર્વત પર પહોંચે છે. પરંતુ કાર્તિકેયજી દેખાયા નહીં એટલે વ્યથિત થઈ જાય છે. છેવટે તેઓ બંને એક જ્યોતિર્લિંગના સ્વરૂપમાં ફેરવાઈ જાય છે. સમય જતાં આ જ્યોતિર્લિંગ મલ્લિકાર્જુન સ્વામી તરીકે ઓળખાવા લાગ્યું. મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન એટલે ભગવાન શંકર. ક્રૌંચ પર્વત શ્રી શૈલમ તરીકે પ્રખ્યાત થયું. શ્રી શૈલમ દક્ષિણનું કૈલાસ ગણાય છે. અહીં પવિત્ર નદી કૃષ્ણા વહે છે.

સૌપ્રથમ સતવાહન વંશના રાજાઓ મલ્લિકાર્જુન સ્વામીની પૂજા અર્ચના કરતા હતા. કાકાતીય, ચૌલોક્ય અને રેડી વંશના સમ્રાટો પણ મલ્લિકાર્જુન સ્વામીની પૂજા અર્ચના કરતા અને તેનું મંદિર બનાવ્યું હતું. રેડી વંશના સમયમાં શ્રી મલ્લિકાર્જુન સ્વામીનો જાહોજલાલીનો સુવર્ણ સમય હતો. કૃષ્ણા નદીના કિનારે આવેલા આ મંદિર ખૂબ જ ચમત્કારિક ગણાવા લાગ્યું. ૧૪મી સદીમાં વિજય નગરના સમ્રાટ રાજા હરિહર રાય બીજાએ નિજ મંદિરના મુખ મંડપમ બંધાવ્યા. ૧૫મી સદીમાં રાજા કૃષ્ણદેવ રાય રાજ ગોપુરમ અને મંદિરની બંને બાજુએ સાલુમંતપસ બંધાવી આપ્યા. ૧૬૬૭માં છત્રપતિ શિવાજી મહારાજ કે જેઓ શ્રી મલ્લિકાર્જુન સ્વામિના અનન્ય ઉપાસક હતા, તેમણે દક્ષિણ ભારતીય સ્થાપત્ય શૈલી ધરાવતા આ મંદિરમાં ઘણા સુધારાઓ કરાવ્યા. નવા ગોપુરમ બંધાવી આપ્યા. તેથી મંદિરની પ્રતિષ્ઠા માત્ર આંધ્રમાં જ નહીં પરંતુ સમસ્ત ભારતવર્ષમાં ફેલાઈ ગઈ.

વિજય નગરની દ્રવિડિયન શૈલીનું શિલ્પ સ્થાપત્ય ધરાવતા મલ્લિકાર્જુન સ્વામીનું દેવસ્થાનમ ખૂબ જ સુંદર છે. બારીક નકશીકામવાળા ગોપુરમ, વિપુલ ભવ્યતાનું દર્શન કરાવતા સ્તંભો, કોઈ મહેલના ફરતા કિલ્લા જેવી ઊંચી દીવાલો અને વિશાળ પરિસરમાં ફેલાયેલા વિવિધ મંદિર સમૂહો જેવા કે ત્રિપુરાંતકામ, અલમપુર અને ઉમા મહેશ્વરમ્ વગેરે હિંદુ ધર્મ મહાનતાનું દર્શન કરાવે છે. આ બધું બારીકાઈથી નિહાળીને અમને છેક કચ્છથી અહીં આવવાની સાર્થકતાની અનુભૂતિ થઈ. ખરેખર આપણા મહાન હિંદુ ધર્મનો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો કેટલો અદ્ભુત અને બેનમૂન છે.

મલ્લિકાર્જુન સ્વામીના મંદિરની બાજુમાં માતા જગદંબાનું મંદિર છે. જેને બ્રહ્મારંભા માતાનું મંદિર કહેવાય છે. જે માતા પાર્વતીનું સ્વરૂપ ગણાય છે. દંત કથા એવી છે કે માતાજીએ મધમાખીના સ્વરૂપમાં શિવની ઉપાસના કરી હતી. શ્રી શૈલમમાં હિંદુ તહેવારો ધામધૂમથી ઉજવાય છે. ચૈત્ર સુદ એકમના પાંચ દિવસ સુધી ઉગાડી મહોત્સવ થાય છે અને લાખો શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. મહાશિવરાત્રીનું વિશેષ મહત્ત્વ છે અને તે સાત દિવસ સુધી ઉજવાય છે. જેમાં લીંગોદભાવમ્, પગલાંકરણ, રથોત્સવં અને ધ્વજારોહણ જેવા પ્રસંગો ઉજવવામાં આવે છે.

શ્રીશૈલમ હૈદ્રાબાદથી ૨૩૨ કિ.મી. દૂર છે. હૈદ્રાબાદથી આંધ્ર પ્રદેશની એસ.ટી. તેમજ પ્રાઈવેટ બસો ઘણી મળી રહ છે. કુર્નુલ અને બેંગ્લોરથી પણ ડાયરેક્ટ બસો મળી રહે છે. મકરપુર રોડ એ મીટરગેજ રેલ્વે સ્ટેસન શ્રીશૈલમથી સૌથી નજીકનું સ્ટેશન છે. પરંતુ હૈદ્રાબાદથી શ્રીશૈલમ જવું વધારે સગવડ ભરેલું છે. અમદાવાદ, મુંબઈ અને દિલ્હીથી આવનાર લોકોએ હૈદ્રાબાદ માટેની ફ્લાઈટ અથવા ટ્રેનનું બુકિંગ કરાવવું. કુર્નુલથી પણ શ્રીશૈલમ જઈ શકાય છે. આમ શ્રીશૈલમ જવું સરળ છે. અમે મુંબઈથી રાયચુર ટ્રેનમાં ગયા હતા અને ત્યાંથી સીધી શ્રીશૈલમની બસ મળી હતી.

શ્રીશૈલમમાં રહેવાની વ્યવસ્થા શ્રી શૈલમ દેવસ્થાનમ ટ્રસ્ટના કોટેજીસ અને ગેસ્ટ હાઉસમાં ઉપલબ્ધ છે. એ.સી. અને નોન એ.સી. રૂમ બિલકુલ વ્યાજબી દરે મળી રહે છે પરંતુ અહીં જમવા માટે ગુજરાતી ભોજન મળે એવી શક્યતાઓ ઓછી છે. હોટેલો અને રેસ્ટોરન્ટોમાં ઈડલી સાંભર અને મસાલા ઢોસા મળે છે અને ભાત અને રસમ સંભાર મળે છે અને તેનાથી ચલાવી લેવું પડશે. નોર્થ ઈન્ડિયન અને પંજાબી ફુડ પણ બિલકુલ મળતું નથી.

મલ્લિકાર્જુનના દર્શન કરી અમે પાછા હૈદ્રાબાદ આવી ગયા. જ્યાંથી ગુજરાતની ટ્રેન પકડી લીધી.

# આજ ફીર જીનેકી તમન્ના હૈ...

મીતા એન. સોલંકી

*હેલ્લો ફ્રેન્ડ્સ, નમસ્કાર....*

આજનો મસ્ત વિષય હમઉમ્ર દોસ્તો માટે સપ્રેમ...

જીવનના ઉત્તરાર્ધમાં નવરાશની પળોમાં વિચાર આવે કે જીવનની અડધી સદી તો વીતી ગઈ, તોય આપણે આપણી ઈચ્છા મુજબનું જીવન જીવી શક્યા નથી! ઈચ્છાઓ અને વાસ્તવિક્તા વચ્ચે ખાસ્સુ મોટું અંતર હોય છે. બીમારી ઘરજમાઈની જેમ અડ્ડો જમાવી બેઠી હોય છે! ખૂબ દોડ્યા પણ પેલા ઘાંચીના બળદની જેમ ત્યાં ને ત્યાં જ! ત્યારે જીવન અર્થહીન લાગે છે. જીવનનું કોઈને કોઈ પ્રયોજન તો હોય જ છે પણ ખબર ન હોવાના કારણે ખોટા રસ્તે હોઈએ છીએ.

મૃગજળ પાછળની આ દોટ પાછળ શું મેળવવું હોય છે, એ જ નક્કી નથી હોતું. કશુંક મેળવવું છે પણ શું? તે સ્પષ્ટ નથી હોતું. મોટાભાગે આપણી દોટ આર્થિક ઉપાર્જન માટેની ભાગદોડ વધુ હોય છે. ક્યારેય આપણી દોટ જીવનના પરમ આનંદ તરફ નથી હોતી. આપણી દોટ ભૌતિક સુખ તરફ લઈ જતી હોય છે, જે તે સુખ મેળવ્યા પછી તે સુખ છીનવાઈ ન જાય એનું ટેન્શન હોય છે.

મારા એક પરીચિત વ્યક્તિની ઉંમર તો ૪૦ની આજુબાજુ જ હશે પણ વર્તન - વિચાર વૃધ્ધ જેવા, સતત આવેશમાં, ટેન્શનમાં, નિરાશામાં જ રહે. નકારાત્મક વલણ અને વિચારોને કારણે મુખ પર કંટાળાના ભાવને કારણે વૃધ્ધત્વને આવકારતા હોય એમ લાગે! નાની વાતોમાં નેગેટીવિટી જોઈને વિચાર આવે છે કે જીવન જીવવાની ઈચ્છા મુરઝાઈ ગઈ હોય એવું લાગે. ટેન્શન મોટેભાગે વૃધ્ધત્વ અને નિરાશા લાવે છે.

અમારા વિસ્તારમાં એક ગાય મરી ગઈ. મ્યુનિ. કોર્પો.ની ગાડી આવી, દોરડું બાંધી, ઢસરડી ગાયને ગાડીમાં ફેંકી દીધી! એ જોઈને એટલું દુઃખ થયું કે જેને માતા તરીકે પૂજીએ છીએ, એના મૃત્યુ પછી દેહની કેવી અવદશા થાય છે! જીવનમાં પ્રાણ અને પ્રાણમાં યુવાની હોવી જરૂરી છે. ઉંમર અને યુવાનીને ખાસ લાગતું વળગતું નથી!!

સફળતા અને પ્રસન્નતા બેઉ સાપેક્ષ છે. નિષ્ફળતાના વિચારો નેગેટીવિટી લાવે છે, બુઢાપો લાવે છે. માંદગી - નિરાશા લાવે છે. શક્તિ ક્ષીણ બને ત્યારે નવું સાહસ ડર ઊભો કરે છે. ધાર્યું કામ ન થાય ત્યારે મગજ પરનો કાબૂ ગુમાવાય છે, ગુસ્સો આવે છે. ધ્યાન બહાર વર્તન થાય છે. સામેવાળી વ્યક્તિ પર દુષ્પ્રભાવ પડે છે. તમારા સંબંધો બગડે છે. બેહુદૂ વર્તન જીવનમાં વિપરીત અસર કરે છે. તમારાથી બધા દૂર થતા જાય છે. પરિણામે તમે એકલા પડી જાઓ છો. એકલતા જીવન જીવવાની ઈચ્છાને મારી નાખે છે. અકાળે વૃધ્ધ બની જાઓ છો.

એક રહસ્યની વાત કરું, તો બુઢાપો મનનું કારણ છે. પચ્ચીસ વર્ષનો યુવાન મનથી વૃધ્ધ હોઈ શકે જ્યારે સાઠ વર્ષનો વૃધ્ધ વિચારોથી યુવાન હોઈ શકે. મનથી યુવાન હોવું જરૂરી છે.

અમુક વ્યક્તિને જોઈને તમે તેની ઉંમરનો અંદાજો ન લગાડી શકો. ઉત્સાહથી થનગનતી હોય, પ્રસન્ન હોય એવી વ્યક્તિને તમે પૂછો એની યુવાનીનું કારણ... તો મોટેભાગે જવાબ આવશે કે, 'હું મનથી યુવાન છું.' બસ, મન જ સઘળા પરિણામોનું કારણ છે. સફળતા પ્રસન્નતા ઉંમર ઘટાડે છે.

તમે જીવનને કઈ રીતે જુઓ છો તેના પર તમારી સુખ શાંતિનો આધાર છે. માટે જ પ્રસન્ન રહો. તેવી વ્યક્તિ સાથે જ રહો. ગજા બહારનો શ્રમ કે ખર્ચ ન કરવો. તમારી શક્તિ - મર્યાદા જાણી, એ પ્રમાણે જ આયોજન કરો. સતત કાર્યશીલ રહો. કોઇ ઈર્ષ્યા દુર્ગુણોથી દૂર રહો.

***હસતા રહો. અપેક્ષાઓ ઓછી કરો. રહો યંગ... દીખો યંગ...***

## बेटी हुं मैं....

लोग कहते हैं
दिखती हुं मैं मां जैसी।
लोग कहते हैं सच कहते हैं
पर बेटी हुं मैं अपने पापा की।
बेटी हुं मैं अपने पापा की।

छोटी सी थी मैं
खेलते खेलते गीर जाती थी मैं
रोती थी ऐसे
जैसे पूरा आसमा सर पे उठा देती थी मैं
गुद-गुदा करके हसाते थे पापा
सारा दर्द भूल जाती थी मैं
मम्मी की दुलारी पापाकी प्यारी बेटी हुं मैं

छोटी सी थी मैं
जीद करती थी हर चीज के लिये
लडती थी भैया दीदी से
शिकायत करती जा के पापा से मैं
पलको पे बिठाके रखते हैं मुजे
हर ख्वाहिश पूरी करते है मेरी
फिरभी दीदी की शयानी भैया की लाडली परी हूं मैं।

पढाया लिखाया
पूरी दुनिया का ज्ञान दिलाया मुझे
मेरे सपनों को पूरे करने में साथ दिया मुझे
लो आज छोटी से बडी हो गयी हुं मैं पापा
फिरभी छोटी सी तीतली हुं मैं अपने पापाकी
मम्मी की दुलारी पापाकी प्यारी बेटी हुं मैं।

*જીનલ રાજેશભાઈ સોની*

# વધુ પડતા વજનની સમસ્યા

ડૉ. રમેશ કાપડિયા

હાલે વધુ પડતા વજનની સમસ્યા વધતી જાય છે. સ્થુળતાથી આરોગ્યના અનેક પ્રશ્નો ઊભા થાય છે. લોહીનું ઊંચું દબાણ, ડાયાબિટીસ, હૃદયરોગ, હાડકાનાં દર્દો, અકસ્માત, કેટલીક જાતના કૅન્સર વગેરે થવાની શક્યતાઓ વધે છે. તેનાથી આયુષ્ય પણ ટૂંકાય છે.

વધુ પડતું વજન ઘટાડવા અનેક પ્રયત્નો થયા છે. વજન ઘટાડવા કરાતા આડેધડ ઉપાયો અસરકારક નીવડતા નથી. ઓછું ખાવું, ભૂખ્યા રહેવું, એક વખત જમવું, વધુ પડતી કસરત કરવી વગેરે રીતો કારગત નીવડતી નથી. વજન ઉતારવાનો એક ઉપાય ડાયેટિંગનો છે. જ્યારે તમે ડાયેટિંગ કરો છો ત્યારે શરીરમાં ચરબીના કોષો સંકોચાય છે પણ તેની સંખ્યા ઘટતી નથી. ડાયેટિંગથી ભૂખ્યા રહેવાની લાગણી અનુભવાય છે. ઉપરાંત, શરીર પોતાના ચયાપચયનો પાયાનો દર (BRM) એટલે કે ઊર્જા બળતણનો દર ધીમો કરી દે છે. પરિણામે ઓછું ખાવા છતાં પણ વજન ઘટતું નથી. વારંવાર ડાયેટિંગ કરવાથી અને મૂકી દેવાથી ચયાપચયનો દર વધુ ને વધુ નીચો જતો જાય છે. તેના પરિણામે વજન અગાઉ હતું તેના કરતાં પણ વધી જાય એવું ઘણી વાર બને છે. વજન ઘટાડવા માટે ઘણા લોકો દવાઓનો કે ક્રેશ ડાયેટનો આશરો લે છે. આ ઉપાયો પણ ક્યારેક જોખમી સાબિત થયા છે.

## ● વધુ પડતું વજન કોને ગણવું?

તાજેતરમાં શરીરની ચરબીનું માપ બોડી માસ ઇન્ડેક્સ (BMI) થી દર્શાવાય છે. તે ગણવાની રીત સરળ છે. તમારા વજન (કિલોગ્રામ)ને તમારી ઊંચાઈ (મીટર)ના વર્ગ વડે ભાગવાથી જે આંક આવે તે તમારો બોડી માસ ઇન્ડેક્સ થયો. દા.ત. ઊંચાઈ ૧.૭૦ મિટર (૫'૭'') અને વજન ૭૦ કિલો હોય તો : ૭૦ / $(૧.૭૦)^૨$ = ૨૪.૨૨ BMI થયો. ૨૩ સુધી BMI આદર્શ ગણાય છે. ૨૫ સુધી વધુ વજન સૂચવે છે અને ૩૦થી વધુ BMI હાનિકારક ગણાય છે. સ્ત્રીઓમાં ૩૫ ઇંચ અને પુરુષોમાં ૪૦ ઇંચથી વધુ કમરનો ઘેરાવો ૩૦થી વધુ BMI સૂચવે છે.

## ● વજન વધવાનાં અગત્યના પરિબળો :

આ સમસ્યાના મૂળમાં આહારમાં ચરબીનો વધુ પડતો વપરાશ છે. શરીરને આહારમાં કુલ કૅલરીના ફક્ત ૪થી ૬ ટકા ચરબીની જરૂર પડે છે. જ્યારે મોટાભાગના લોકો ૩૫થી ૪૦ ટકા જેટલી ચરબી લેતા થયા છે. શાકાહારીઓએ પણ તેલના વપરાશમાં અતિરેક કરી નાખ્યો છે. એ ન ભૂલવું જોઈએ કે દરેક પ્રકારનું તેલ સો ટકા ચરબી જ છે. દૂધ, ઘી, માખણ, ચીઝ, તળેલી ચીજો વગેરે દ્વારા આપણે શરીર સહન ન કરી શકે તે હદે ચરબીનું પ્રમાણ વધારતા જઈએ છીએ.

બીજું, આધુનિક જીવનશૈલીમાં મીઠાઈઓ, આઈસ્ક્રીમ, ચૉકલેટ, બિસ્કીટો, પીણાંઓ વગેરેનો વપરાશ ખૂબ વધી ગયો છે. આ બધામાં ખાંડનું પ્રમાણ ખૂબ હોય છે. તેમાં રેસા વગરનો સિમ્પલ કાર્બોહાઈડ્રેટ વધુ પ્રમાણમાં હોવાથી તે વજન વધવાનું મહત્ત્વનું પરિબળ બની રહે છે.

ઉપરાંત આહાર દ્વાર કૅલરી લેવામાં અને શ્રમ તેમજ ચયાપચયની ક્રિયા દ્વારા ઊર્જાના વપરાશમાં અસમતોલપણું સર્જાય ત્યારે વજન વધે છે. બેઠાડું જીવનવાળામાં અને હાઈપોથાઈરૉઇડિઝમના દર્દમાં મેદ વધે છે. કેટલીક દવાઓથી પણ મેદ વધે છે. જેમકે કોર્ટિકોસ્ટેરૉઇડ અને ડિપ્રેશનમાં વપરાતી અમુક દવાઓ. ક્યારેક વધુ પડતું વજન વારસાગત હોય છે.

વધુ પડતા વજનની સમસ્યામાં આથી પણ વિશેષ કાંઈક બને છે.

## ● ચરબીની ચયાપચય (મેટાબોલિઝમ)ની ક્રિયા :

આપણા રોજિંદા ખોરાકમાં મુખ્ય ત્રણ ઘટકો હોય છે. ચરબીમાં એક ગ્રામે નવ કૅલરી હોય છે જ્યારે કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીનમાં એક ગ્રામે ફક્ત ચાર કૅલરી હોય છે. વળી, આહારની ચરબીનું શરીરની ચરબીમાં સહેલાઈથી રૂપાંતર થાય છે. આહારની ચરબીની ૧૦૦ કૅલરીનું શરીરની ચરબીમાં રૂપાંતર કરવા ફક્ત અઢી કૅલરી વપરાય છે જ્યારે આહારના કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીનની એકસો કૅલરીને ચરબીમાં રૂપાંતર કરવા શરીરે દસ ગણી ઊર્જા વાપરવી પડે છે. પરિણામે કાર્બોહાઈડ્રેટની કૅલરીમાંથી ફક્ત એક ટકો ચરબી શરીરમાં બને છે. એટલે આહારમાં ચરબી ઓછી લેવાથી બે ફાયદા થાય છે : કૅલરીનું પ્રમાણ ઘણું ઓછું રહે અને તેટલી કૅલરીનું શરીરમાં ચરબી તરીકે રૂપાંતર થવાની સંભાવના ઘટે છે.

## ● ખાંડ :

આહારમાં ખાંડ કોમ્પ્લેક્સ કાર્બોહાઇડ્રેટ અને સિમ્પલ કાર્બોહાઇડ્રેટ એમ બે પ્રકારે રહેલી છે. કોમ્પ્લેક્સ કાર્બોહાઈડ્રેટમાં રેસા હોવાથી તેમાં રહેલી ખાંડ રક્ત પ્રવાહમાં ધીરે ધીરે શોષાય છે. તેથી લોહીમાં સાકરનું પ્રમાણ વધુ ચડઊતર થયા વગર જળવાઈ રહે છે. અનાજ, શાકભાજી, ફળો વગેરેમાં કોમ્પ્લેક્સ કાર્બોહાઇડ્રેટ છે. તેમાં રેસાનું પ્રમાણ વધુ હોવાથી તેનું કદ મોટું થાય છે. આ પ્રકારના આહારથી તૃપ્તિ થાય છે. વધારે પડતું ખવાઈ જતું નથી અને ભૂખ જલદી લાગતી નથી. પણ

જ્યારે તમે ચરબીવાળો ખોરાક ખાઓ છો ત્યારે તમે પૂરું ખાધું છે એવી ખબર પડે તે પહેલાં તો ઘણીબધી કેલરી લેવાઈ ગઈ હોય છે.

આ સામે, ખાંડ કે ગૉળની બનાવટો, શરબતો, ફળોનો રસ, મદ્યપાન વગેરે સિમ્પલ કાર્બોહાઇડ્રેટમાં રહેલી ખાંડ લોહીમાં સાકરને ઘણી વધારી દે છે. પરિણામે લોહીમાં ઇન્સ્યુલિનનો સ્રાવ એકદમ વધી જાય છે. તે લોહીમાં સાકરનું લેવલ નીચે લાવી દે છે એટલે ફરી ભૂખ લાગે છે. આ ભૂખ ગળપણ ખાવાથી સંતોષાય છે. ગળપણ ખાવાની તીવ્ર ઇચ્છા અને સંતોષ વચ્ચેનો ગાળો જેમ ટૂંકો તેમ ગળપણ ખાવાની ટેવ પડતી જાય છે. આ વિષચક્ર છે. વળી, મદ્યપાનથી BMR ઘટે છે. આમ, સિમ્પલ કાર્બોહાઇડ્રેટ ચરબી પછી બીજા નંબરે વજન વધવા માટે જવાબદાર ગણાય છે. વજન ઘટાડવા અનાજ, શાકભાજી તથા ફળોનો આહાર આદર્શ લેવાયો છે. મેંદાની બનાવટો, પોલીશ કરેલા ચોખા, બટાટા, શક્કરિયાં વગેરેનો વપરાશ જેમ બને તેમ ઓછો કરવો. કારણકે આ બધામાં સિમ્પલ કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધુ અને કોમ્પ્લેક્સ કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ ઓછું છે.

- **મીઠું**

આહારમાં વધારે પડતા મીઠાના વપરાસથી શરીરમાં પાણીને રોકી રાખવાનું વલણ વધે છે. આથી, વધારે મીઠું ખાનાર માટે વજન ઘટાડવું મુશ્કેલ બને છે.

- **ઇન્સ્યુલિનની કામગીરી**

ચરબીના મેટાબોલિઝમમાં પણ ઇન્સ્યુલિન અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે તમે વધુ ખાંડવાળો આહાર લો છો ત્યારે લોહીમાં સાકરનું પ્રમાણ ઊંચે જાય છે. એટલે તેને નીચે લાવી નિયમબદ્ધ કરવા પેનક્રિયાસમાંથી લોહીમાં વધુ ઇન્સ્યુલિનનો સ્રાવ આવે છે. ઇન્સ્યુલિનથી લોહીમાં લાયપોપ્રોટીન લાયપેઝનો સ્રાવ વધે છે. તે રક્ત પ્રવાહમાંથી ચરબી ખેંચી તેને શરીરના કોષોમાં ચરબી તરીકે સંગ્રહ કરે છે. આમ, તમારું શરીર જ્યારે વધુ ઇન્સ્યુલિન બનાવે છે ત્યારે આહારની કેલરીનું ચરબીમાં રૂપાંતર થવાની શક્યતા વધે છે.

જ્યારે તમે આહારના પ્રકારમાં કોઈ પણ ફેરફાર કર્યા વગર ફક્ત પ્રમાણમાં ઘટાડો કરો છો ત્યારે તમારું શરીર ઇન્સ્યુલિન અને લાયપોપ્રોટીજન લાયપેઝ વધારી પ્રતિભાવ આપે છે. પરિણામે તમારું શરીર રક્ત પ્રવાહમાંથી ચરબી ખેંચવાનું કાર્ય વધારે છે, જે વજનને ઘટતું અટકાવે છે. જ્યારે ઇન્સ્યુલિનનું પ્રમાણ વધે છે ત્યારે તમારું લીવર કૉલેસ્ટેરોલનું ઉત્પાદન પણ વધારી દે છે. વળી, ઇન્સ્યુલિન ચરબીને શરીરના ઉપરના ભાગમાં વહેંચવાનું વલણ ધરાવે છે. તમારું વજન એક વખત ઘટ્યા પછી જ્યારે ફરી વધે છે ત્યારે ચરબી કમર અને કમરથી ઉપરના ભાગે વધવાની શક્યતા વધુ રહે છે.

- **ઉત્ક્રાંતિ દરમિયાન વિકાસ :**

માનવ શરીરે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઉત્ક્રાંતિ દરમિયાન કેટલીક યંત્રરચનાઓ વિકસાવી. અગાઉ માનવી માટે પૂરતો ખોરાક મેળવવાનો સવાલ હતો ત્યારે ઊર્જાસંગ્રહ માટે ચરબી કેવી રીતે બચાવવી તેનું વિજ્ઞાન શરીરે વિકસાવ્યું. એવી જ રીતે શરીરની ઊર્જા જાળવી રાખવા ચયાપચયનો દર ધીમો કરી દેવાની યંત્રરચનાનો પણ વિકાસ થયો. આ બંને યંત્રરચનાઓ આજના યુગમાં મેદવૃદ્ધિને પોષે છે.

આથી જ્યારે તમે વજન ઘટાડવા ઉપવાસ કરો છો કે એક વખત જમવાનું છોડી દો છો ત્યારે તમારું શરીર વજન જાળવી રાખવા ચયાપચયનો દર ઘટાડી દે છે. તેથી ઊર્જા વપરાશ ધીમી પડતાં તમારું વજન ઘટતું અટકી જાય છે. આમ, વજન ઘટાડવાની યોજનાઓ નાકામિયાબ નીવડે છે. જેઓ વારંવાર આ પ્રકારનું યોયો ડાયેટિંગ કરે છે તેમનો BMR વધુ ને વધુ ઘટતો જઈ નીચે 'સેટ પોઇન્ટ' ઉપર રહે છે. કંટાળીને જ્યારે વ્યક્તિ ડાયેટિંગ કરવાનું છોડી દે છે ત્યારે તેનું વજન પહેલાં કરતાં પણ વધી જાય છે.

- **અળગાપણું (Isolation) :**

સ્થૂળતાનું બીજું એક અગત્યનું કારણ અળગાપણું જણાયું છે. આજે સમાજમાં અળગાપણાની ઘેરી ભાવના જોવા મળે છે. તેથી કેટલાક ધૂમ્રપાન કે મદ્યપાનની સંગતમાં અળગાપણાનો ઉપાય શોધે છે. તો કેટલાક વધુ પડતું ખાઈને પોતાનો ખાલીપો ભરે છે. આ એક જાતનું કમ્પલ્સન છે, આવેશાત્મક વર્તન છે. તેનાં ખરાબ પરિણામો જાણવા છતાં ઇચ્છા વિરુદ્ધ પરાણે આવી વર્તણૂક થઈ જાય છે. આવા કમ્પલ્સન વખતે સજાગ રહી, જેવું અળગાપણું અનુભવાય ત્યારે થોડી વાર માટે ધ્યાન કરવામાં આવે તો કમ્પલ્સનની વર્તણૂક પસંદગીની વર્તણૂકમાં ફેરવાઈ જાય છે. અળગાપણું મટાડવા માટે ધ્યાન એ ઉત્તમ ઉપાય છે. તે તમારા શરીર અને મનને એટલા શાંત કરે છે કે તમે શા માટે વધુ પડતું ખાઈ લો છો તે તમારી સમક્ષ છતું થાય છે. ધ્યાન ઐક્યનો અહેસાસ કરાવી ખાલીપણાને મટાડે છે. ખાલીપો મટતાં વધુ પડતો ખોરાક ખાવાની જરૂર રહેતી નથી.

*(ક્રમશઃ)*

***શુદ્ધ તત્ત્વની સાથે શુધ્ધ થયા વિના ભળી શકાતું નથી.***

# સ્કૂલ, બાળક, ઘડતર અને ફી?

**ભીમજી નાકરાણી**

તાજેતરમાં અમદાવાદની એક શાળાએ ૧૩% જેટલો ફી વધારો એકદમ જ કરી દીધો. વાલીઓ ધન્યવાદને પાત્ર છે કે તેમણે સતત લડત આપી અને ફી વધારો પરત ખેંચાયો! પણ ક્યાં સુધી? જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને રાજ્ય સરકારનું શિક્ષણ ખાતું મહેરબાન રહેશે ત્યાં સુધી.

હમણાં હમણાં જ મારા ઘરમાં મારી પૌત્રીના શિક્ષણ બાબત (કેળવણી નહીં) મારા આધુનિક પુત્રવધૂ અને દીકરો તેમના મિત્રગ્રુપમાં કોણ ક્યાં ભણે છે તેની ચર્ચા કરે છે. આ બધા માને છે કે ૨।। વર્ષે 'બેબી સીટર', યુરો કિડ્સ એટલે કે નર્સરી પહેલાં જ તેને બે-એક કલાક માટે પણ ક્યાંક મોકલવી. પછી નર્સરી, પછી જુનિ. કે.જી., સિનિયર કે.જી., પછી પ્રાથમિક શિક્ષણ. પણ માધ્યમ અંગ્રેજી જ જોઈએ અને સી.બી.એસ.સી. જ જોઈએ અને પણ મોંઘામાં મોંઘી સ્કૂલ! નહિતર એના મિત્રોમાં વટ કેવી રીતે પડે?

બીજી બાજુ ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે સંબંધીના દીકરાઓને મોકલવા છે. આર્થિક સ્થિતિ સામાન્ય છે અને આવી ધોરણ-૧૧, ૧૨ સાયન્સની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓનો રાફડો ફાટ્યો છે. ધોરણ-૧૨ માટે બે વર્ષના રૂા. ૨ લાખથી માંડી રૂા. ૩ લાખ ૩૦ હજાર સુધી ફી હોસ્ટેલ સાથે લેવામાં આવે છે. હવે આમાંયે શાળાની પસંદગી કરવાની છે. બાળકને ખાસ ખ્યાલ નથી, વાલી ફીની ચિંતામાં છે. દેખાદેખીનો સવાલ છે. તે ફલાણાનો દીકરો - ફલાણી સ્કૂલમાં છે અને પછી પ્રારંભ થાય છે ફી ના ચક્કર. દેવું કરીનેય બાળકને ભણાવવાનો છે. શાળાઓમાં પાછું ટકાનું ધોરણ તો ખૂબ ઊંચું જોઈએ. આ સમાજમાં ૩૫% લોકો એવા છે, બાળમંદિરથી માંડી કૉલેજ સુધી આવી તગડી ફી ભરીને બાળકોને ભણાવી શકે છે. બાકીના ૬૦થી ૬૫% પ્રજાના બાળકોના શિક્ષણની ચિંતા કોણ કરશે? સરકાર અને સમાજના આગેવાનો તો એક જ છે. બંનેને ખાનગીકરણમાં રસ છે. શાળાની પસંદગી તો હવે બાળક જન્મે તે સાથે જ ચિંતાનો વિષય છે અને તગડી ફી ઉઘરાવી ખાનગી શાળામાં આર.ટી.ઈ. મુજબ ૨૫% સંખ્યા લેવાતી નથી અને લાભાર્થી મા-બાપને આ બાબતે કંઈ રસ નથી. સ્કૂલ માટે નવી પેઢી શા માટે હાઈફાઈ કરે છે તે સમજ બહાર છે. સૌથી મોટી વાત માત્ર દેખાદેખી અને સોસાયટી છે. સ્કૂલમાં બાળક માત્ર અક્ષરજ્ઞાન લે છે, કેળવણી, કોઠાસૂઝ અને જ્ઞાન લેતો નથી. સ્કૂલ બાળકના જીવન ઘડતરમાં માત્ર ૩૦% ભાગ ભજવે છે. બાકીના ૭૦% માટે તો બાળક અને વાલીએ મહેનત કરવાની છે. દિલ્હી પબ્લિક સ્કૂલ, બિરલા સ્કૂલ કે પછી કે.જી., પ્રાથમિકમાં વાર્ષિક રૂા. ૩ લાખ સુધીની ફી ઉઘરાવતી અનેક સ્કૂલોમાં બાળકનું ઘડતર આકાર પામતું નથી. માત્ર શિક્ષણ મેળવી ઉપલા ધોરણમાં જાય છે. નવી પેઢીના ગાંડપણને કેવી રીતે રોકવું તે અઘરું છે. બાળકના જીવન ઘડતર, શિક્ષણ, ઉછેર, માધ્યમ બાબતે નવયુવાન મા-બાપ પાસે ન તો જ્ઞાન છે કે ન તો તેની પાસે કોઈ વાંચન છે. ૯૦% બીજા ઉપર, મિત્રો ઉપર, સગા સંબંધીઓ ઉપર આધાર રાખીને બાળક માટે સ્કૂલની પસંદગી થાય છે. એટલી હદ સુધી કે પોતાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના નવી પેઢીના મા-બાપ (મમ્મી-પપ્પા, ડેડી) ખાસ કરીને બહેનો - મમ્મીઓ પોતાના બાળક માટે વટ ખાતર તગડી ફીના ધોરણે ચાલતી સ્કૂલો (શિક્ષણની ફેક્ટરીઓ)માં પોતાના બાળકના બાળપણનો બલિ ચડાવી દે છે. જેમાં કોઈ ડહાપણ નથી. જેટલી તગડી ફી અને બાહ્ય સુવિધા વધુ, હાઈફાઈ સ્ટાફ વધુ, તે શાળાની ડિમાન્ડ વધુ. ડોનેશન પણ વધુ. કૉલેજ કરતા પણ પ્રાથમિક કે સ્કૂલનું શિક્ષણ મોંઘું છે. સાયન્સ માટે તો ગરીબ મા-બાપ પોતાના દીકરાને ભણવા ક્યાં મોકલે, તે મોટો પ્રશ્ન છે. દરેક સ્થળે ટ્યુશન ક્લાસ પણ એટલા જ છે. તેની ફી પણ મોંઘી છે. કે.જી. થી કૉલેજ સુધી ટ્યુશન ફરજિયાત છે. આ આખી શિક્ષણ પદ્ધતિ ફી, ટ્યુશન પ્રથા, ખાનગીકરણ ઉપર ખૂબ જ ચર્ચાઓ, સેમિનાર થાય છે. શિક્ષણ વિશે ચર્ચા કરે છે પણ 'વાંઝણી' ચર્ચાઓનું પરિણામ મળતું નથી. સરકાર કે સિસ્ટમ પાસે જઈ તે બધા કોઈ ફેરફાર કરાવી શકતા નથી. સામયિકોમાં પણ ચર્ચાઓ થયા કરે છે. પરિણામ શૂન્ય છે. અત્યારે તમામ મોટા ઉદ્યોગ જૂથો પાસે પોતાના આધુનિક શિક્ષણ સંકુલો છે. એટલે આ કહેવાતા શિક્ષણવિદોની પીપુડી સાંભળે કોણ? હવે આ આખી સિસ્ટમને સુધારવા માટે સામાન્ય પ્રજાએ જ જાગૃત થવું પડે. દરેક મા-બાપે પોતાનો આગ્રહ છોડવો પડે, શાળાઓની પસંદગીની સાથે દરેક સ્કૂલોમાં વાલીમંડળ સ્થાપી, રાજ્ય કક્ષાએ પણ આવું એક વાલીમંડળ બને જે સરકાર, સિસ્ટમ, સંચાલકો અને શાળા સાથે સંયોજન કરી કોમન ફી, અભ્યાસક્રમ, ટ્યુશન પ્રથા જેવી બાબતે 'હલ્લાબોલ' નીતિ ઘડી જરૂર પડ્યે સંચાલકો કે સરકારને બાનમાં લેવા સુધીની કાર્યવાહી કરી શકે તે પ્રકારે નિષ્પક્ષ લોકોને આ વાલીમંડળમાં સમાવવા પડે. જેથી મજબૂતાઇભરી રજૂઆત કરી શકે. બાકી હવે જો પ્રજા, વાલીઓ, શિક્ષણવિદો, જાગૃત નહીં થાય તો આગામી સમયમાં સામાન્ય વર્ગ, ગ્રામીણ પ્રજા અને દલિત સમાજ કે આર્થિક પછાત લોકોના દીકરા - દીકરીઓ માટે ભણતર એ સ્વપ્ન બની જશે. સરકાર આર.ટી.ઈ. જેવા ગમે તેવા કાયદા બનાવે, આ સંચાલકો તેનાયે બાપ છે. તેમની પાસે બધા જ રસ્તા અને વગ છે. કોઈ કાયદો તેમને નુકસાન કરી શકે તેમ નથી. અંગ્રેજી માધ્યમ અને મોંઘીદાટ શાળાનો આગ્રહ છોડવો તે પ્રજાના ફાળે આવે છે. આપણે કેટલાક મોહ છોડીએ તો અતિરેકના આતંકથી બચી શકીએ.

*મેમનગર, અમદાવાદ. મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ

**૧.** ભારતમાં GST ક્યારથી લાગુ કરવામાં આવ્યું?
(A) ૧ જુલાઈ, ૨૦૧૭ (B) ૧ જુલાઈ, ૨૦૧૬
(C) ૧ ઓગસ્ટ, ૨૦૧૭ (D) ૧ ઓગસ્ટ, ૨૦૧૬

**૨.** GST સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે?
(A) નાણામંત્રી (B) GST કાઉન્સિલ
(C) A અને B બંને (D) એકપણ નહીં

**૩.** GST ના બ્રાન્ડ એમ્બેસેડર કોણ છે?
(A) અક્ષય કુમાર (B) અજય દેવગન
(C) અમિતાભ બચ્ચન (D) આમિર ખાન

**૪.** ભારત GST લાગુ કરનાર કેટલામો દેશ બન્યો?
(A) ૧૬૦ (B) ૧૬૧
(C) ૧૬૨ (D) ૧૬૪

**૫.** સૌપ્રથમ GST લાગુ કરનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે?
(A) ઓસ્ટ્રેલિયા (B) કેનેડા
(C) અમેરિકા (D) ફ્રાંસ

**૬.** ભારતમાં GST લાગુ કરવાનો વિચાર કોણે રજૂ કર્યો?
(A) અશોક મહેતા સમિતિ (B) વિજય કેલકર સમિતિ
(C) બળવંતરાય મહેતા સમિતિ (D) રીખવદાસ સમિતિ

**૭.** બંધારણના કયા અનુચ્છેદ મુજબ GST પરિષદની રચના કરવામાં આવી?
(A) અનુચ્છેદ ૨૭૯ (B) અનુચ્છેદ ૨૭૯(બી)
(C) અનુચ્છેદ ૨૮૧(બી) (D) અનુચ્છેદ ૨૮૩(એ)

**૮.** સૌપ્રથમ GST બીલનું પ્રારૂપ તૈયાર કરનાર સમિતિના અધ્યક્ષ કોણ હતા?
(A) અરુણ જેટલી (B) અસીમદાસ ગુપ્તા
(C) જયકુમાર નાયડુ (D) રામગોપાલ વર્મા

**૯.** GST પરિષદમાં સભ્યોની કુલ સંખ્યા કેટલી છે?
(A) ૨૪ (B) ૨૯
(C) ૩૧ (D) ૩૩

**૧૦.** લોકસભામાં GST બીલ કોણે રજૂ કર્યું?
(A) અરુણ જેટલી (B) અમિત શાહ
(C) નીતિશ કુમાર (D) રાહુલ ગાંધી

**૧૧.** લોકસભામાં GST બીલ ક્યારે પસાર થયું?
(A) ફેબ્રુઆરી ૨૦૧૫ (B) માર્ચ ૨૦૧૬
(C) ફેબ્રુઆરી ૨૦૧૬ (D) માર્ચ ૨૦૧૫

**૧૨.** GST નો નોંધણી નંબર કેટલા આંકડાનો છે?
(A) ૧૨ (B) ૧૦
(C) ૧૫ (D) ૧૬

**૧૩.** રાજ્યને GST થી થતું નુકસાન કેટલા વર્ષ સુધી કેન્દ્ર સરકાર ૧૦૦% ભરપાઈ કરશે?
(A) ૫ વર્ષ (B) ૬ વર્ષ
(C) ૨ વર્ષ (D) ૪ વર્ષ

**૧૪.** GST લાગુ થયા બાદ GDP માં કેટલા ટકાની વૃધ્ધિનું અનુમાન છે?
(A) ૫% (B) ૨%
(C) ૩% (D) ૩%

**૧૫.** GST આવવાથી કુલ કેટલા પ્રકારના ટેક્ષ નાબૂદ થશે?
(A) ૧૦ (B) ૧૨
(C) ૨૦ (D) ૧૭

**૧૬.** ભારતનો એકમાત્ર રાજ્ય જ્યાં GST લાગુ પડશે નહીં.
(A) બિહાર (B) તમિલનાડુ
(C) જમ્મુ અને કાશ્મીર (D) આસામ

**૧૭.** GST માં ચોરી કરનાર પર કેટલા વર્ષની કારાવાસની સજા છે?
(A) ૫ વર્ષ (B) ૬ વર્ષ
(C) ૪ વર્ષ (D) ૭ વર્ષ

**૧૮.** GST નું સોફ્ટવેર કઇ કંપની દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે?
(A) ઈન્ફોસિસ (B) ઈન્ટેલ
(C) માઈક્રોસોફ્ટ (D) એપ્પલ

**૧૯.** GST બીલ પસાર કરનાર પ્રથમ રાજ્ય કયું છે?
(A) ગુજરાત (B) રાજસ્થાન
(C) મધ્ય પ્રદેશ (D) આસામ

**૨૦.** GST ની અત્યાર સુધી કેટલી બેઠક મળી છે?
(A) ૧૮ બેઠક (B) ૨૦ બેઠક
(C) ૧૫ બેઠક (D) ૧૬ બેઠક

**૨૧.** GST ના કેટલા પ્રકાર છે?

(A) ૪ (B) ૩

(C) ૨ (D) ૫

**૨૨.** GST ના કેટલા દરો છે?

(A) ૫ (B) ૪

(C) ૬ (D) ૩

**૨૩.** GST બીલ રાજ્ય સભામાંથી ક્યારે પસાર થયું?

(A) ૨ ઓગસ્ટ, ૨૦૧૫ (B) ૧ ઓગસ્ટ, ૨૦૧૫

(C) ૩ ઓગસ્ટ, ૨૦૧૬ (D) ૪ ઓગસ્ટ, ૨૦૧૫

**૨૪.** GST બીલ લોકસભામાંથી ક્યારે પસાર થયું?

(A) ૩ ઓગસ્ટ, ૨૦૧૬ (B) ૮ ઓગસ્ટ, ૨૦૧૬

(C) ૧૦ ઓગસ્ટ, ૨૦૧૬ (D) ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬

**૨૫.** GST બીલને રાષ્ટ્રપતિએ ક્યારે મંજૂરી આપી?

(A) ૩ સપ્ટે. ૨૦૧૬ (B) ૧૦ સપ્ટે., ૨૦૧૬


(C) ૩ સપ્ટે., ૨૦૧૫ (D) ૧૦ સપ્ટે., ૨૦૧૫

*આચાર વિનાનો વિચાર ગમે એવો સુંદર હોય પણ તે માણસના મન ઉપર સદા અત્યાચાર કર્યા કરે છે અને પરિણામે એની કાર્યશક્તિને મારી નાખે છે.*

## અમદાવાદ ખાતેની ૩૦ જેટલી કચ્છી સંસ્થાઓને એક તાંતણે બાંધનાર સંસ્થા શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કારોબારી સમિતિમાં શ્રી મનુભાઈ કોટડિયા અને શ્રી અતુલભાઈ સોનીની હોદ્દેદાર તરીકે વરણી



**શ્રી મનુભાઈ કોટડિયા**



**શ્રી અતુલભાઈ સોની**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કારોબારીની એક મીટિંગ તા. ૨૯-૭-૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે સમાજના કાર્યાલયમાં મળી હતી. સદરહુ બેઠકમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટે બંધારણ અનુસાર હોદ્દેદારશ્રીઓની વરણી કરવામાં આવી હતી. તે પૈકી શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના અગ્રણીઓ શ્રી મનુભાઈ કોટડિયા અને શ્રી અતુલભાઈ સોનીની શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કારોબારી સમિતિમાં અનુક્રમે ઉપપ્રમુખ તથા ખજાનચી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ અગાઉ પણ ઉપરોક્ત બંને સભ્યશ્રીઓએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં વિવિધ હોદ્દા પર રહીને ઉત્કૃષ્ટ કામગીરી બજાવેલ છે અને ટ્રસ્ટ મંડળના સભ્ય તરીકે પણ કાર્યરત રહ્યા છે. શ્રી જયમીનભાઈ સોની પણ સમાજની કારોબારી સમિતિના સભ્યપદે રહી સમાજના કાર્યોમાં યોગદાન આપી રહ્યા છે.

અમદાવાદ ખાતેની લગભગ ૩૦ જેટલી કચ્છી સંસ્થાઓને એક તાંતણે બાંધીને વિવિધ પ્રકારની સામાજીક પ્રવૃત્તિ કરનાર શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કારોબારીમાં શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રતિનિધિઓ પણ સામેલ થઈને પોતાની સેવાનું પ્રદાન કરી રહ્યા છે, તે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.

***બંને મહાનુભાવશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન તેમજ સામાજીક ક્ષેત્રે તેઓ વધુ ઊંચા શિખરો સર કરે તેવી અભ્યર્થના.***

*– હંસરાજ કંસારા*

# તેજસ્વી તારલાઓ



તેજસ વિનોદ
બીજલાણી - ભુજ
ધોરણ-૬ : A Grade



પલક
બારમેડા
ધોરણ-૭
Grade-A, CGPA 9.9



વિધા
રાજેશભાઈ સોની
રવાપર
ધોરણ-૮ : 80%



ધ્રુવ
વિનોદભાઈ બીજલાણી
રાજકોટ
ધોરણ-૯ : A-2 Grade



દર્શન
મધુસુદન પરમાર
S.S.C. : 99.30 PR



આયુષ
મહેશભાઈ છત્રાળા
S.S.C. : 95.45 PR



સાક્ષી
જયેશભાઈ છત્રાળા
S.S.C. : 87.32 PR



હેનીલ
વિજયભાઈ સોની
H.S.C. : 80.25 PR



જીનલ
રાજેશભાઈ સોની
રવાપર
F.Y.B.Com.(Sem.-II) 67.71%



મોહિની
રાજેશભાઈ સોની
રવાપર
T.Y.B.Com. : 79.21%



હરનીશ
હર્ષદ બુધ્ધભટ્ટી
B.E. Sem.-8 CGPA 8.07



નેન્સી
શૈલેષકુમાર સોની
B.E. Sem.-8 CGPA 7.77

## "સામાન્ય જ્ઞાન"ના જવાબો

**જવાબો** : (૧) A, (૨) B, (૩) C, (૪) B, (૫) D, (૬) B, (૭) A, (૮) B, (૯) D, (૧૦) A, (૧૧) A, (૧૨) C, (૧૩) A, (૧૪) B, (૧૫) D, (૧૬) C, (૧૭) A, (૧૮) A, (૧૯) D, (૨૦) A, (૨૧) A, (૨૨) A, (૨૩) C, (૨૪) B, (૨૫) A.

## જ્ઞાતિ ગૌરવ



ચિ. મિલિંદ કંસારા



કુ. કૈવલ્યા કંસારા

ભચાઉના ચિ. મિલિંદ કંસારાએ ધોરણ-૧૦માં 93.33% અને 99.88 PR સાથે તેમજ તેમની બહેન ચિ. કૈવલ્યા કંસારાએ BE (EC) સેમેસ્ટર-૮ માં 9.79 CPI સાથે અનોખી સિધ્ધિ પ્રાપ્ત કરેલ છે.

ઉલ્લેખનીય છે કે ચિ. મિલિંદ અને ચિ. કૈવલ્યાના દાદા ચમનભાઈ કંસારા (એડવોકેટ), દાદી ઉર્મિલાબેન (નિવૃત્ત પ્રધાનાચાર્ય), પિતા જીજ્ઞેશ (ચીફ મેનેજર - બેંક ઓફ ઈન્ડિયા) તેમજ માતા જયશ્રી (એડવોકેટ) તેઓના અભ્યાસકાળ દરમ્યાન માત્ર જ્ઞાતિમાં જ નહીં પરંતુ સંપૂર્ણ જીલ્લા / યુનિવર્સિટી ટોપર તરીકે સ્થાન મેળવી ચૂક્યા છે.

## મારી વેકેશનની વાત



વેકેશન આવ્યું અને એક પલકના ઝબકારામાં પૂરું પણ થઈ ગયું. કેટકેટલુંયે વેકેશનમાં કરવા માટે વિચાર્યું હતું પરંતુ તેમાંથી કેટલુંક શક્ય બન્યું તો કેટલાક પ્રસંગોમાંથી શીખવા પણ મળ્યું.

વેકેશન એટલે હરવા - ફરવાનું અને મોજમજા - મસ્તી - ધમાલ કરવાનો અમૂલ્ય લહાવો. પરંતુ માત્ર એટલું જ નહીં, તેનાથી વિશેષ વિચારીએ તો નવીન કાર્યો કરવા, સારા-નરસા અનુભવમાંથી શીખવું એ પણ વેકેશનનો જ એક ભાગ છે.

હવે વાત કરું વેકેશન ઉજવવાની તો આ વખતે કાંઈક હટકે કરવાનું વિચાર્યું. હા... વેકેશન એટલે મિત્રો સાથે, પરિવાર સાથે હરવા-ફરવાનું તો ખરું જ પણ સાથોસાથ સમાજ સેવાનું કાર્ય કરવા માટેના ડગ ભરવાનું એક અમૂલ્ય લહાવાનો સમય.

વાત કરું મારા વેકેશનના અનુભવની, તો એક વખત બસમાં મુસાફરી સમયે એક સ્ટેશને એક વૃધ્ધ ચઢ્યા. બસમાં જગ્યા ન હોવાથી તેઓ ઊભા રહ્યા. તો તરત જ મેં ઊભા થઈને તેમને બેસવા માટે મારી જગ્યા આપી. વાંચતા એવું લાગશે કે આ તો નાનું કાર્ય છે. પરંતુ મારા મતે કોઈ કાર્ય નાનું કે મોટું નથી હોતું. બસ, જરૂરી છે કે આપણા કારણે સામેવાળાના ચહેરા પર સ્મિત આવવું જોઈએ.

મોરારિબાપુની કથામાં પણ મેં એકવાર સાંભળ્યું હતું કે રોટલી કમાવવી મોટી વાત નથી પરંતુ પરિવાર સાથે બેસીને ખાવી એ મોટી વાત છે.

બસ, આવી નાની નાની વાતો, વિચારો, પ્રસંગો એ જ વેકેશનની અસલી મજા છે. આવી બાબતોથી જીવનમાં ખુશી અને આનંદ ઉભરી આવે છે.

*માટે જ કહેવાયું છે કે :*

*જીવતાં આવડે તો સો વરસ જીવી જવાય છે*
*બાકી તો સાંજ થતાં થાકી જવાય છે..."*

**ધારા રવજીભાઈ બારમેડા - રવાપર**

*'વેકેશનની વાત' વિશે માત્ર એક જ વાચકે પ્રતિભાવ આપેલો છે. એમનો લેખ ખરેખર પ્રશંસા યોગ્ય છે. એમને 'સેતુ'ના ધન્યવાદ.*
**– અતુલ સોની**

## સુરેશ બીજલાણી (સુબી) દિગ્દર્શિત શોર્ટ મુવીને સોશિયલ મીડિયામાં વ્યાપક પ્રતિસાદ



*આપણા સમાજના પ્રતિભાવાન કલાકાર શ્રી સુરેશ બીજલાણી લાંબા સમયથી નાટ્ય, કલા તથા ફિલ્મ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. રંગમંચ પર તેમણે અભિનય કલા તેમજ દિગ્દર્શનની સુઝબુઝથી પ્રશંસા મેળવેલ છે. તેઓએ ભુજમાં 'સુબી ક્રિએશન' નામથી વિવિધ વિષયોને લઈને પ્રયોગાત્મક ફિલ્મ નિર્માણ દ્વારા તેમની વિશેષ ઓળખ ઊભી કરેલ છે. તાજેતરમાં તેમના દ્વારા નિર્મિત શોર્ટ ફિલ્મને યુ-ટ્યુબના માધ્યમથી સોશિયલ મીડિયા પર વ્યાપક આવકાર મળેલ છે. 'જ્ઞાતિસેતુ' તેમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.*

*આ અંગે 'અભિયાન' મેગેઝીનમાં પ્રસિધ્ધ થયેલ આર્ટીકલ અત્રે પ્રસ્તુત છે.* **– અતુલ સોની**

કચ્છનું નલિયાકાંડ રાજયભરમાં ગાજયું હતું. આર્થિક રીતે પગભર થવા મથતી યુવતીની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેના પર દુષ્કર્મ આચરનારાઓ પર બધાએ ફિટકાર વરસાવ્યો હતો. જો કે આ પ્રકરણ ગાજયું તે પહેલા જ કચ્છના એક લેખક, નાટ્યકાર અને ફિલ્મ દિગ્દર્શકે આ વિષય પર વાર્તા લખી હતી. તેનું રેડિયો નાટક ભજવાયું હતું અને નલિયાકાંડ બાદ આ વિષય પર તેમણે કચ્છના જ તમામ કલાકાર, નિર્માતા, કેમેરામેન, એડિટર વગેરે કસબીઓને લઈને શોર્ટ ફિલ્મ બનાવી છે. ટૂંક સમયમાં તેનું પ્રીમિયર ભુજમાં મોટા પડદે થશે અને પછી તેને યુ-ટ્યુબ અને સોશિયલ મીડિયા પર રીલીઝ કરાશે. કચ્છ મહિલા સંગઠન સાથે સંકળાયેલા અને નાટ્ય - ફિલ્મ દિગ્દર્શક સુરેશ બીજલાણી (સુબી)એ વર્તમાન સમયમાં નોકરી કરતી વ્યવસાયી મહિલાઓ પર થતા દુષ્કર્મના અતિ વ્યાપક બનેલા અને સમાજ માટે દૂષણરૂપ એવા પ્રશ્નને વાચા આપી છે. તેઓ કહે છે, 'ઘણા સમય પહેલા નોકરિયાત મહિલાના શોષણ અંગે રેડિયો માટે ડ્રામા લખ્યો હતો. નલિયાકાંડ પછી તે વાર્તા પરથી શોર્ટ મુવી બનાવવાનો વિચાર આવ્યો. આગળ વધવાના સપના જોતી, બાળકને સારી રીતે ઉછેરવા ઈચ્છતી અને પતિ કરતાં વધુ આવક ધરાવતી યુવતી આ વાર્તામાં તે પોતાના બોસની મોહજાળમાં ફસાઈ જાય છે અને આખરે ગેંગ રેપનો શિકાર બને છે. તે ફરિયાદ કરવા પ્રયત્ન તો કરે છે પરંતુ ખલનાયક દ્વારા મારી નાખવામાં આવે છે. પૈસા અને લાલચ આપીને તેના પતિનું મોં બંધ કરી દઈને પ્રકરણદાબી દેવાય છે. આ અર્થની વાર્તા પર ૪૫ મિનિટની ફિલ્મ બનાવાઈ છે.' ત્યારે દર્શકો તેને કેવી રીતે આવકારે છે તેનો ખ્યાલ આવશે.



CUSTOM WEB DESIGN & GRAPHIC DESIGN SERVICES
Turning Ideas in to Reality

Specializing in
Web Design, Graphic Design,
Banner Design and UI/UX User Interface Design

- Responsive Site Design
- Graphic Design
- UI/UX User Interface Design
- PSD to HTML (HTML 5)
- Landing Page Design
- Android iPhone iPad Design
- Logo & Corporate Identity
- Banners & Book Cover
- Joomla, Wordpress Designs

mango webies
Turning Ideas in to Reality

Manali Soni - +91 94096 46497   Jaimin Bhavsar - +91 9724 765858   Mitesh Patel - +91 90333 65936

A-305, Supermall-1, Infocity, Gandhinagar-382007   www.mangowebies.com

info@mangowebies.com   facebook.com/mangowebies

 RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.

Jaymin Soni
98245 46650

Gold & Silver Bullion Merchant

J.J Jewellers

GF-15 Super Mall, Nr. Lal Bunglow, C. G. Road, Ahmedabad-380006
Tel. : 079 66611322 • Email : johnson.soni@yahoo.in

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00